
પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર


॥ ૨૮ ॥

श्री नवकार महामंत्र




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત


**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન


પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

મન નવકાર





મન રૂપી ભમરનું કમળ મન રૂપી પતંગાનો દીપક

મન રૂપી હાથીનો સ્પર્શ મન રૂપી હરિણનો સ્વર

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૨૮ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

## ☐ HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---


## ☐ VOLUME - 28

February 2020
300 Copies / 224 Pages
For Private Circulation only.

---

## ☐ PUBLISHER



© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust



Mumbai / Rajkot

team@mindfiesta.com

---

## ☐ SPONSOR

Shri C. K. Mehta
Mumbai

---

## ☐ ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## ☐ eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle


---

## ☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH


C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


## ☐ ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# સમ્યક્દ્રષ્ટિના ચિંતનોનો સમ્યક્ શ્રુતખજાનો



સાહેબજીએ નવકારથી આત્મભાવ સુધીનું જે અનોખું ચિંતન કર્યું છે, તે ડાયરીના એક પાનામાંથી દ્રષ્ટિગોચર થતાં આજે હૈયું આનંદિત થઈ ગયું. જોઈએ એ ચિંતનનેઃ

'નમો અરિહંતાણં બોલતાં જ અનંત-અનંત તીર્થંકરોને નમસ્કાર થાય છે, પણ... આત્મા એ જ નવકાર - નવકાર એ જ આત્મા, એ સૂત્રના આધારે એક નયથી નમો અરિહંતાણંથી જગતના જીવમાત્રને નમસ્કાર થાય છે. સૌ પ્રત્યે સ્નેહભાવ હોય, ત્યારે જ જીવને તાત્વિક નમસ્કાર થાય. નવકારના સ્મરણનું પ્રયોજન છે પાપપ્રણાશ અને સ્મરણનું ફળ છે આત્મભાવપ્રાપ્તિ. અનાદિકાલના અજ્ઞાનથી જન્મેલ અનાત્મ બુદ્ધિ નાશ પામે ને આત્મબુદ્ધિરૂપી મંગળનો લાભ મળે એ નવકારના ભાવસ્મરણનો ઉદ્દેશ છે. આવા ઉદ્દેશથી ગણાતો નવકાર એ સપ્રયોજન સફળ છે, કેમકે તેનું ફળ મોક્ષ છે. મોક્ષરૂપી ફળના ઉદ્દેશથી ગણાતો નવકાર એ ભાવમંગળ છે.' અહીં સૌને પ્રશ્નો ઉદ્ભવેઃ 'નવકારથી આત્મજ્ઞાન કેવી રીતે થાય તથા અનાત્મબુદ્ધિ કઈ રીતે જાય?' તો એનો ઉત્તર પણ તરત મળે છે કેઃ 'આ સમજવા તર્ક કે દલીલ છોડીને પહેલું તો શાસ્ત્રવચન અને બીજી યથાર્થ સ્વાનુભૂતિનો આશ્રય લેવો સુયોગ્ય છે. સાધકને જીવમાત્ર પ્રત્યે સ્નેહનો અને જડ કે પુદ્ગલમાત્ર પ્રત્યે વિરક્તિનો ભાવ પેદા થાય છે, કેમકે નવકારમાં જેઓને નમવામાં આવે છે, તે આત્મા ગુણસિદ્ધ આત્મા છે.' આવા અદ્ભૂત ચિંતનોનો ખજાનો એટલે 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'.

હાં... ડાયરીમાં ક્યાંક ક્યાંક સંપૂર્ણ અજૈનદર્શનના વિચારો કે ગ્રંથોની વાતો પણ હોય છે, ત્યારે પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજ સાથે આ અંગે હું ચર્ચા

કરૂં કે ક્યાંક સાહેબે ડાયરીમાં એવું કેમ લખ્યું છે કેઃ 'સાધનામાં શ્રવણ માટે મુખ્યત્વે છે વેદાન્ત ગ્રંથો, મનન માટે ન્યાય અને વૈશેષિક ગ્રંથો, નિદિધ્યાસન માટે સાંખ્ય ને યોગગ્રંથો, ધર્મજિજ્ઞાસાર્થે પૂર્વમીમાંસા, બ્રહ્મજિજ્ઞાસા સંતોષવા છે ઉત્તરમીમાંસા.' આમાં જૈનદર્શનની તો ક્યાંય વાત ન આવી? આપણું જૈનદર્શન તો સ્યાદ્વાદ્સ્વરૂપ છે. એમાં તો બધું જ આવે છે! ત્યારે તેઓ ખૂબ જ સુંદર સમાધાન આપે છે કેઃ 'સાહેબજીએ પૂજ્યપાદ્ હરિભદ્રસૂરિમહારાજાની શૈલીને ચિંતનમાં વિશેષતયા રાખેલી. આવું ક્યાંક વાંચે તો એ ગ્રંથો શોધાવી, ઊંડાણથી વાંચીને વિચારતા કે જૈનદર્શનના ક્યા ગ્રંથમાં આ પદાર્થો સૂક્ષ્મતાથી આવરાયેલા છે? પછી સમન્વયથી ગોઠવતી વેળાએ અન્ય દર્શનોની અધૂરપને સમજી, તે તે પદાર્થો... જૈનદર્શનમાં ક્યાં સુધી પૂર્ણતાને પામે છે, તેનું ઊંડાણપૂર્વક ચિંતન પણ કરતા. આમ અજૈનદર્શનોના દરેક લખાણો કે ચિંતનો સાહેબજીને માન્ય હતા અને તેથી જ નોંધ્યા છે, એવું એકાન્તે ય ન માનતા. જૈનદર્શન સાથે જે અનુમત થતા હોય તેવા પદાર્થો તેમનાથી તે રીતે વિચારાતા અને ન થતા હોય, તે ફક્ત જિજ્ઞાસાભાવે નોંધાતા.' અહો! સમ્યક્દ્રષ્ટિના હાથમાં આવેલું મિથ્યાશ્રુત એ સમ્યક્શ્રુત બની જાય છે, એ ન્યાયે સાહેબના ચિંતનોનું આ રીતે સમાધાન મળે છે. થાય છે કે સાહેબની શું આંતરિક ઊંડાઈ હશે! એંટવર્પમાં હીરાની ખાણ ખોદનારને હીરાના પત્થરો જેમ જેમ મળતા જાય, ત્યારે તેમની જે ખુશી હોય, તેનાથી અનેકગણી આનંદની અનુભૂતિ આવા ચિંતનરત્નો દ્વારા અમને 'હસ્તાક્ષરના અક્ષયપાત્ર'ના એક-એક ભાગના પ્રકાશને થઈ રહી છે.

૨૮મા ભાગમાં પ્રવેશતા અમારા પૂજ્ય દાદાગુરુદેવ પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રી પ્રત્યે અવિહડ ભક્તિભાવધારક મુંબઈના સુશ્રાવકરત્ન **સી.કે.મહેતા**ની ગુરુભક્તિ તાદ્દશ થઈ જાય છે કે તેઓ શું ઉદારતા બતાવી રહ્યા છે, જેથી આટલું મોંઘેરૂ કાર્ય શીઘ્રપણે થઈ રહ્યું છે! રાજકોટના શશીકાંતભાઈ મહેતાના સુપુત્રરત્ન દિપકભાઈના ધર્મપત્ની તથા ગુરુગુણોમાં ઓગળી ગયેલા અમારા સુશ્રાવિકારત્ના **ભારતીબેન** અને તેમની ટીમને પણ ધન્ય-ધન્યવાદ છે કે તેમની જ મહેનતથી દર મહિને આવી વિશાળ ગ્રંથશ્રેણી આપણા હાથ સુધી પહોંચી શકે છે.

ફેબ્રુઆરી, ૨૦૨૦

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.









મનીષિણિમહાઘોષે વાગીશ્વરિ નમોનમઃ ।
વાગ્દેવ્યૈ વરદહસ્તાયૈ વરદાયૈ નમોનમઃ ॥

 નમો પદનું માહાત્મ્ય   ૐ   ઉનાવા, ૨૦-૫-૯૯

નમન = સમ્યગ્દૃષ્ટિ જીવના દેવ.

નમો = સમ્યગ્જ્ઞાની જીવના ગુરુ.

નમો = સમ્યક્ચારિત્રી જીવના ધર્મ.

નમસ્કારભાવ વિકસ્યા માનસિક ભેદભાવ ન ટળે અને તે ન ટળે ત્યાં સુધી અહંકાર અને મમકાર ન ગળે. અહંકાર તથા મમકારનું ગળવું એટલે ભેદભાવનું ટળવું. ભેદભાવ ટળ્યા વિના અને અભેદભાવ આવ્યા વિના જીવ જીવને જીવરૂપે કદી પણ ન ઓળખી શકે, ન ચાહી શકે, ન આવકારી શકે, ન વરી શકે. તે અભેદભાવને ત્રિકરણ યોગે સાધવા માટેનું અદ્વિતીય સાધન નમો છે. નમો વડે યોગ્યતા મળે અને યોગ્યતા વડે રક્ષણ મળે. અરિહંતોનો નમસ્કાર આત્માના સર્વ અરિને હણે છે, આપણી યોગ્યતાને કરે છે અને શરણાને આપે છે.

નમો પદ એ અરિહં, અરહં અને અરુહં -

એ ત્રણે અર્થને સિદ્ધ કરે છે.

'પ્રભુ મારા મને પ્રમાણ છે, કેમકે તે રક્ષણ કરનાર છે. ત્રાણને કરનારી પ્રભુની આજ્ઞા મને પ્રમાણ છે, માન્ય છે. સર્વ જીવોને આત્મ સમ ગણવાની અને આત્મ સમ ગણાને

'આત્મકલ્યાણ વર્તવાની પ્રભુની આજ્ઞા જીવને શરણભૂત છે'
એવું વારંવાર મને સ્ફુરે છે, આદરભાવ છે, માન્ય છે.

'નમો'માં આત્મભાવનો સ્વીકાર છે.

'નમો'માં અનાત્મભાવનો તિરસ્કાર છે.

મંત્રદેવતાદિ સાથેનું ઐક્ય

દેવતા, ગુરુ તથા આત્માના ઐક્યનું જે મનન કરાવે અને એ મનન દ્વારા જે જીવનું ત્રાણ કરે, તે 'મંત્ર' છે. મંત્ર એકવાર મન અને પવનનું આત્મા સાથે ઐક્ય કરી આપે - વારંવાર મંત્રના મનન દ્વારા આત્મા પોતે ગુરુ અને દેવતા સાથે પોતાનું ઐક્ય સાધે છે. મંત્રના અક્ષરોનો સંબંધ મન અને પવન સાથે છે. મંત્રના અર્થનો સંબંધ દેવતા અને ગુરુવર્ગ સાથે છે. દેવતા-ગુરુ-મંત્રની એકતા થવાથી મંત્રચૈતન્ય પ્રગટે અને સર્વ ઈપ્સિત અથવા અભીષ્ટ ફળની સિદ્ધિ થાય છે. દેવતા અને ગુરુનો સંબંધ સકળ જીવરાશિ સાથે છે, તેથી જ આ મંત્રચૈતન્ય વિશ્વવ્યાપી બની જાય છે. દેહ અવિચારી છે, જ્યારે આત્મા વિચારશીલ છે.

अहो चित्रमहो चित्रं वन्दे तत्प्रेमबन्धनम् ।
यद् बद्धं मुक्तिदं मुक्तं प्रभु क्रीडामृगीकृतम् ॥१॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

## અર્હત્વનું ધ્યાન

સમત્વનો વિસ્તાર અર્હત્વ સાથે સંબંધ કરાવી આપે છે
અને મમત્વનો હ્રાસ અહંત્વને ઓળખાવી આપે છે.

સમત્વ વડે ત્રૈકાલિકત્વનો વિસ્તાર થાય છે
અને મમત્વના નાશ વડે સહજમલનો હ્રાસ થાય છે.
સમત્વની સતત સાધના વડે અર્હત્વનું પ્રગટ થવું અને
અહંત્વનું વિલીન થવું - એ બન્ને એકસાથે થાય છે.

અર્હત્વ પરમાત્મતુલ્યતાનો અને
સમત્વ સર્વાત્મતુલ્યતાનો બોધ કરાવે છે.
એ બોધની દૃઢતા પરમેષ્ઠિ નમસ્કારથી થાય છે, કેમકે
તેમાં અર્હત્વને નમસ્કાર છે, જે સમત્વથી ભરપુર છે.
સમત્વ સહિત અર્હત્વનું ધ્યાન જેમાં થાય છે, તેવો
પરમેષ્ઠિ નમસ્કાર મમત્વ-અહંત્વને દૂર કરી દે છે.

નવકારનું છેલ્લું પદ કહે છે કે:

'જે ભવથી, સ્વાર્થવૃત્તિથી, અહં-મમભાવથી મને-
આત્માને દૂર કરી આપે, તે મારે માટે પ્રધાન મંગળ છે,
શ્રેષ્ઠ, નિત્ય વધનારું અને શાશ્વત મંગળ છે.'
'નમો' પદ અહંત્વને અર્હત્વથી તથા મમત્વને સમત્વથી
ટાળી-ગાળી-દૂર કરી આપે છે, તેથી મહામંગળ છે.

'નમો' પદ એ સર્વોત્તમ ભાવમંગલ છે.
નમોનો 'મો' રૂપી ચંદ્ર, 'ન' રૂપી સૂર્યમાં મળી ગયો,
તેથી મન આત્મસ્વરૂપમાં લીન થઈ ગયું અને
તેમાંથી જ 'અરહં' પ્રગટ થયો.

આપણામાં અરિહંતભાવ પ્રગટાવવા માટે
જીવમાત્રને સિદ્ધના સાધર્મિક માનો તથા
આપણા સૌમાં ભાવઅરિહંત પ્રગટાવવા માટે
દ્રવ્યાર્થિકનયથી આત્માને પરમાત્મા સમાન ગણો.

<u>સંયમ એટલે...</u>

પરમાત્મ સમ આત્મતત્ત્વ ઉપર બહુમાન સહિત
રૂચિ પ્રગટવાથી વિષયો તરફનું આકર્ષણ શમી જાય તે.

<u>તપધર્મ એટલે...</u>

પરમાત્મ સમ આત્મતત્ત્વ ઉપર બહુમાન સહિત
રૂચિ પ્રગટવાથી આત્મા તરફ આકર્ષણ વધી જાય તે.

ॐ व्रतेन दीक्षामाप्नोति दीक्षयाप्नोति दक्षिणाम्।
दक्षिणा श्रद्धामाप्नोति श्रद्धया सत्यमाप्यते ॥
-शुक्ल यजुर्वेद १९/३० (પરિશિષ્ટ-૨)

ભાવાર્થ છે કે: વ્રત, દીક્ષા, દક્ષિણા, શ્રદ્ધા અને સત્ય-
એ પાંચે પરસ્પર કાર્ય અને કારણભાવે રહેલાં છે.

## મંત્રવિજ્ઞાન

'મંત્ર' એ ભાવનાનું વિજ્ઞાન છે અને તે ભાવનાની સાથે ધ્વનિનું સામંજસ્ય એ વિજ્ઞાનનું રહસ્ય છે. મારણ, મોહન, ઉચ્ચાટન, સ્તંભન, વિદ્વેષણ, વશીકરણની જેમ મંત્ર એ નિર્વાણનું પણ માધ્યમ છે.

'નિર્વાણ' એટલે...

વ્યક્તિનું વિરાટમાં વિલિન થઈ જવું કે સમગ્ર શક્તિનું પોતાનામાં મળી જવું કે આત્મામાં તદ્રૂપ થઈ જવું તે. મંત્ર એ સાધકની સર્વ વિધાયક શક્તિનું ઉદ્દીપન કરી સાધકમાં રહેલી દુર્બલતાઓનું નિવારણ કરીને પોતાના શાંત, મધુર તથા પ્રેમળ વાતાવરણમાં લીન કરી દે છે. મંત્રનો મૂળ ઉદ્દેશ છે સાધકને સામર્થ્યશાળી બનાવવો.

મંત્રની સિદ્ધિ માટે જે વિધાન છે, તે સાધકની આસ્થાને દૃઢ કરી સુસફળતાને સુનિશ્ચિત બનાવે છે. શબ્દ એ સાધકની ભાવનાઓની અભિવ્યક્તિરૂપ છે અને મંત્રના શબ્દની સાથે થતો લય એ શબ્દમાં રહેલી ભાવનાભિવ્યક્તિનો દ્યોતક બને છે.

મંત્રસિદ્ધિના મુખ્ય પાંચ સંયોગોના લાભ અને પાલનથી મંત્રની સિદ્ધિમાં કોઈ સંદેહ રહેતો નથી.

**મંત્રસિદ્ધિના મુખ્ય પાંચ અંગોના નામ અનુક્રમે ઋષિ, છંદ, દેવતા, બીજ અને શક્તિ છે.**

કીલ બીજ અને શક્તિની ઉપરાંત
ગુરુ અને મુહૂર્તને પણ કહે છે.

(૧) ઋષિ : મંત્રોના અનુભવિતા, દૃષ્ટા, ઉપદેષ્ટાને 'ઋષિ' કહે છે. ઋષિની પ્રકૃતિ અને પ્રવૃત્તિથી મંત્રનો પરિચય મળે છે. ઋષિની પ્રતિષ્ઠા એટલા માટે છે કે પ્રતિકૂળ સ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે ઋષિના સ્મરણમાત્રથી પરિસ્થિતિ અનુકૂળ બની જાય છે. ઋષિનું સ્થાન પ્રથમ એટલા માટે છે કે મંત્રમાં વિશ્વાસ એ સિદ્ધિનું પ્રથમ સોપાન છે, વિશ્વાસ કે અચલ આસ્થા, એનું જ બીજું નામ 'ગુરુ' તત્ત્વ છે.

આત્મામાં અપરિમેય શક્તિ છે,
તે શક્તિનો પરિચય કરાવવો અને
આત્મામાં આત્માના સામર્થ્યની પ્રતિષ્ઠા કરવી
તે ઋષિનું કાર્ય છે.

વળી મંત્ર એ ભાવનાવિજ્ઞાન હોવાથી
આત્મામાં જે વૈચારિક સૃષ્ટિ ચાલી રહી છે,
તેની શક્તિનો પરિચય કરાવવો અને
અદૃશ્ય અચિંત્ય વિચારશક્તિને પ્રભાવિત કરવી તે છે.

(૨) છંદ : છંદનો અર્થ 'લય' થાય છે. છંદથી અર્થનો ર
બોધ થાય છે અને અર્થના બોધથી ભાવના બને છે.

જેમ ભોજનના ષડાકાદિ વિનાશ નથી,
સંગીતના સ્વરોથી સર્જન થાય, તેમ
છંદ એક વાતાવરણને ઊભું કરે છે.
મંત્ર એ સાધન છે અને છંદ તેનો ઉપયોગ છે.
સિદ્ધિ માટે જેમ સાધનની જરૂર છે, તેમ
સાધનના ઉપયોગની પણ જરૂર પડે છે.

મારણ-ઉચ્ચાટન આદિ મંત્રોમાં જેમ કર્ણકટુ શબ્દોની
આવશ્યકતા છે, તેમ તેનો લય પણ અત્યંત અપ્રિય હોય.
વશીકરણ-સંમોહન આદિ મંત્રોમાં
મધુર ધ્વનિ અને કોમળ વર્ણાવલિની જરૂર પડે છે
અને તેનો છંદ પણ સુગમ હોય છે.

છંદના આરોહ-અવરોહ તથા દીર્ઘ-પ્લુત ઉચ્ચારણથી અર્થ
પ્રભાવિત થાય, જેનાથી સિદ્ધિ પણ પ્રભાવિત થાય છે.
મંત્રના વાતાવરણને મૂર્ત કરવાની આ પદ્ધતિમાં વર્ણ-
વિન્યાસ અને તેનું ઉચ્ચારણ મુખ્ય ભાગ ભજવે છે.
છંદના પ્રભાવે સાધકની આસ્થા સ્વતઃ જાગી જાય છે
અને તેનું ચિત્ત એકાગ્ર અને તદ્રૂપ બની જાય છે.

(3) દેવતા : મંત્રના સ્વરૂપને 'દેવતા' કહેવાય છે.
દરેક મંત્રના અધિષ્ઠાતા એ દેવતા ગણાય છે.
દેવતા એક પ્રતિકરૂપ છે, જેની સહાયથી સાધક પોતામાં
તે શક્તિનો આવિર્ભાવ કે તે શક્તિનું ઉદ્દીપન કરે છે.

(4) બીજ : બીજમંત્રોમાં જે પણ શક્તિ છે, તે અન્ય
મંત્રોમાં નથી. મંત્રનું બીજ લઘુતમ ધ્વનિમાં નિહિત
કરી શકાય છે, જેને સમગ્ર શક્તિનું રહસ્ય માન્યું છે.
સમગ્ર વૃક્ષનું સ્વરૂપ જેમ બીજમાં રહેલું છે, તેમ
ઉપાસ્યમંત્રોનું રહસ્ય પણ બીજમાં નિહિત છે. તે કેવળ
ધ્વનિ કે અક્ષરના રૂપમાં નથી, સંપૂર્ણ મંત્રનું સ્વરૂપ છે.

(5) શક્તિ : મંત્રનું અંતિમ રહસ્ય છે, તે શક્તિ છે.
જેમ વિદ્યુત મૂળ સ્વરૂપે ભલે એક જ શક્તિ રહેવે,
તો પણ તેનાથી અનેક કાર્યો કરી શકાય છે, તેમ શક્તિ
મૂળરૂપમાં એક છે અને છતાં તે કાર્યરૂપમાં અનેક છે.
શક્તિ સત્ત્વગુણપ્રધાન જનોને જેમ રક્ષા કરે છે,
તેમ તમોગુણાવિષ્ટ જનોને વિનાશ પણ કરે છે અને
એ જ શક્તિ રજોગુણ બદ્ધ જનોને સર્જન કરે છે.
શક્તિનું જ્ઞાન થવાથી તે તે મંત્રમાં
નિહિતરૂપ અને ઉપકરણનું જ્ઞાન થાય છે.

મંત્ર જેમ વ્યક્તિગત ઉપાસના સ્વરૂપ છે,
તેમ સાર્વજનિક ઉપાસનારૂપ પણ બની શકે છે.
સાધારણ અન્તર્દશા માંડીને નિર્વિકલ્પ સમાધિ સુધી
લઈ જવાની શક્તિ મંત્રમાં રહેલી છે. આ દૃશ્ય જગતથી
અધિક વ્યાપક - સજાગ બીજું એક સૂક્ષ્મજગત છે, જેને
આપણી ઇંદ્રિયો સાધારણ સ્થિતિમાં જાણી શકતી નથી.
મંત્રોમાં રહેલી તે શક્તિ અદૃશ્યજગતનો સંપર્ક કરાવે છે,
એટલું જ નહિ પણ તેમાં ગતિ પણ કરાવે છે.
મંત્રને ફળદાયક બનાવવા માટે બે વસ્તુની જરૂર છે:
(૧) પૂર્ણ આસ્થા (૨) તટસ્થતા.
આસ્થા તીવ્ર અને શીઘ્ર પરિવર્તન લાવે છે.
તટસ્થવૃત્તિ મંત્રના પ્રભાવને પોતાને અનુરૂપ કરી લે છે.
મનુષ્યના મસ્તિષ્ક અને શરીરમાંથી પ્રતિક્ષણ ચુંબકીય
ધારાઓ સતત નીકળતી અને પરસ્પર ટકરાતી રહે છે.
મંત્ર એ એક વિશિષ્ટ પ્રકારની જે ચુંબકીય ધારાઓને
ઉત્પન્ન કરે છે, તેની સાથે જ્યારે આપણી તપસ્યા
ઉગ્ર બને છે, ત્યારે આપણી સાથે તે તરંગો મંત્ર
દ્વારા ટકરાય છે કે જે આપણને અલિપ્ત જ રહે છે.
મંત્રના નિરંતર ઘર્ષણથી પ્રકૃતિના સર્વ અજ્ઞાત રહસ્યો

ખુલવા લાગે છે અને આનંદના અતિરેકથી સાધકના મનને તે મંત્રચૈતન્યની અખંડધારા અભિભૂત કરી દે છે. મંત્રની ક્રિયા તે મંત્રને જલ્દી યા વિલંબે સફળ અથવા નિષ્ફળ બનાવી દે છે, કારણકે તેમાં ઉપર જણાવેલાં પાંચ સંયોગો અતિરિક્ત પણ ઘણી વસ્તુઓ રહેલ છે.

એટલા જ માટે મંત્રવિજ્ઞાનમાં
પ્રત્યક્ષ ગુરુની અતિ આવશ્યકતા સ્વીકારેલી છે.
અરિહંતોનું દર્શન કરાવવા માટે
તેમની મૂર્તિ અને આકાર પ્રતિનિધિત્વ ધરાવે છે.
અરિહંતોનું સ્મરણ કરાવવા માટે
મંત્રો અને તેના વર્ણો પ્રતિનિધિત્વ પૂરું પાડે છે.

## ગણિત અને સંગીત

વ્યક્તિની ઇચ્છાઓનું વિશ્વયોજનામાં કશું જ મહત્ત્વ નથી, મહત્ત્વ છે તેની પાછળના મંગળ હેતુનું અને તે હેતુ છે આપણને સૌને શુદ્ધ અને પૂર્ણ બનાવવાનો. જીવન તેના નૈસર્ગિક વહેણમાં જે કાંઈ લઈ આવે, તેનો શાંત સ્વીકાર કરી સર્વ વ્યાપક મંગળમયતાનું બહુમાન કરવું એ જ કર્તવ્ય છે. પરિસ્થિતિનો સામનો ન કરતાં તેનો સ્વીકાર કરતાં શીખવું, એ જ ડહાપણનો માર્ગ છે.

જે અનિવાર્ય છે તેનો પ્રતિકાર કરવો કે
તેનો સ્વીકાર કરવો અને તેને સત્કાર આપવો? પ્રતિકાર કરીને પ્રાણધારાને વ્યર્થ વહી જવા દેવા, તે પણ નિસર્ગના આ મહાશાસનનો એક પ્રકારનો દ્રોહ જ છે. કુદરતના ગણિતનું અનુમાન કર્યે સંવાદિતાનું સંગીત પ્રગટે.

## ધર્મ અને અધ્યાત્મવિદ્યા

ધર્મ જીવનના સુખદુઃખને ગૌણ ગણી અન્ય જીવનનાં સુખ-દુઃખને મુખ્ય ગણવાનું કહે છે. આપણું દુઃખ બીજું કશું જ નહિ પણ કોઈકના કયારેક લીધેલા નિઃસાસા છે. આપણું સુખ બીજું કશું જ નહિ પણ કોઈકના કયારેક લીધેલા આશીર્વાદ છે. હિંસા-અહિંસાની એ શક્તિ ઉપર અગણિત મહામાનવો અને પૂર્ણ પુરુષોએ પરમ શ્રદ્ધા વ્યક્ત કરી છે. જીવનમાં કોઈકના આશીર્વાદ મળે તેવું કાર્ય જો કરીએ, તો ધર્મની સૂક્ષ્મ ભૂમિકાના રહસ્યો ખુલ્લા થઈ યોગમહાસામ્રાજ્યમાં પ્રવેશ કરવાનો પરવાનો અવશ્ય મળશે. વ્યથિત માનવને નિસર્ગના મહાસત્યનું ભાન કરાવતા રચનાત્મક વિચારોની અત્યંત જરૂર છે. દુનિયાને મહાવીરનું તત્ત્વજ્ઞાન અને જીવનમાર્ગ આપવો, તેથી વિશેષ કોઈ દયા નહિ. પ્રભુ વીરની અધ્યાત્મવિદ્યા

Imp. તે વાત નિઃસંશય છે કે:

પ્રભુ વચનની અચિંત્યવિદ્યા મનુષ્યનું સદાકાળનું સઘળું ય દુઃખ દૂર કરવાનું અચિન્ત્ય સામર્થ્ય ધરાવે છે.

एकसंबंधिज्ञानं, अपरसंबंधिस्मारकं ।

સંબંધ ઉભયનિષ્ઠ છે.

એ નિયમ સર્વત્ર લાગુ પડે છે કે:

જો સંબંધીમાંથી એક સંબંધીનું જ્ઞાન થઈ જાય, તો સંબંધના કારણે તે જ્ઞાન બીજા સંબંધીનું સ્મરણ કરાવનાર થાય. વાચ્ય-વાચક સંબંધ, સ્થાપ્ય-સ્થાપક સંબંધ, કાર્ય-કારણ સંબંધ વગેરેમાંથી કોઈ એક પણ સંબંધનું જ્ઞાન જેમાંથી એક સંબંધી જ્ઞાનના કારણે અપર સંબંધીનું સ્મારક બને. જેમ વાચકપદનું જ્ઞાન, વાચકની સાથે વાચ્ય-વાચક સંબંધથી સંબંધિત વાચ્ય સ્મરણ કરાવે છે, વાચ્યપદાર્થનું જ્ઞાન, તે રીતે તેની સાથે સંબંધ ધરાવનાર વાચકપદનું સ્મરણ કરાવે છે. એ ન્યાયે વાચ્ય-વાચક સંબંધે એક બાજુ અરિહંત પદનું વાચ્ય, અરિહંત પરમાત્માનું સ્મરણ કરાવે છે, તેમ બીજી બાજુ પોતાના શુદ્ધ આત્માનું સ્મરણ પણ કરાવે છે, કેમકે અરિહંત પરમાત્મા અને સ્વશુદ્ધ આત્મા, જે વચ્ચે સદૃશપણાનો સંબંધ રહેલ છે.

## સાદૃશ્ય સંબંધના કારણો

પરમાત્માનું ધ્યાન શુદ્ધ આત્માનું સ્મરણ કરાવે છે અને
શુદ્ધ આત્માનું ધ્યાન પરમાત્માનું સ્મરણ કરાવે છે.

## માર્ગદર્શક નવકાર

નમસ્કાર એ દ્વિપ - ત્રાણ - શરણ - ગતિ - પ્રતિષ્ઠા છે.
સંસારસાગરમાં ડુબતા પ્રાણીઓને દ્વિપની જેમ આધાર,
અનર્થમાત્રનો પ્રતિઘાત કરવાનો હેતુ, ભવભયથી ત્રસ્ત
પ્રાણીઓને શરણભૂત, દુઃખદ સ્થિતિમાં રહેલા જીવોને
સુખદ અવસ્થામાં પહોંચાડનાર તથા ભવરૂપી કૂપમાં પડતા
પ્રાણીઓને પરમ આલંબનભૂત છે.

'નમસ્કાર એ આત્મગુણ છે, ગુણગુણીનો અભેદ છે'
એ ન્યાયે નમસ્કાર એ આત્મદ્રવ્ય છે તથા
દ્રવ્ય એ પર્યાયનો આધાર છે.

આ દૃષ્ટિએ નમસ્કાર એ આત્મદ્રવ્યનો શુભ પર્યાય છે.
આમ નમસ્કારરૂપી આત્મદ્રવ્ય-આત્મગુણ-આત્મપર્યાય
એ જ સંસારસમુદ્રમાં દ્વિપ, સંસારાનર્થનો પ્રતિઘાતક,
ભવભયનો ત્રાણ, સંસારની ૪ ગતિમાં આશ્રયસ્થાન અને
સંસારરૂપી કૂપમાં પડતા સર્વ જીવોને આલંબનભૂત છે.
આત્મદ્રવ્ય એ દ્વિપ-આત્મગુણ એ ત્રાણ-શરણ-ગતિ છે.

આત્મપરિણતિ એ ભવકૂપમાં બુડતાને આધાર છે અથવા
આત્મદ્રવ્ય જ દ્વિપ, ત્રાણ, શરણ, ગતિ, આધાર અથવા
આત્મગુણ જ દ્વિપ, ત્રાણ, શરણ, ગતિ, આધાર અથવા
આત્મપરિણતિ જ દ્વિપ, ત્રાણ, શરણ, ગતિ, આધાર છે.

દ્રવ્ય-ગુણ-પરિણતિથી આત્મા જ નમસ્કારરૂપ છે,
તેથી અંતતઃ ગુણ-પરિણતિના આધારરૂપ આત્મદ્રવ્ય જ
દ્વિપ, ત્રાણ, શરણ, ગતિ અને આધારરૂપ છે.

સહભાવિ પરિણતિને 'ગુણ' કહે છે.
ક્રમભાવિ અવસ્થાને 'પરિણતિ' કહે છે.

નમસ્કાર એ આત્મગુણ પણ છે - આત્મપરિણતિ પણ છે.
ગુણ અને પરિણતિનો આધાર દ્રવ્ય હોવાથી
આત્મદ્રવ્યરૂપ નમસ્કાર એ સંસારસાગરમાં, સંસારકૂપમાં,
સંસારઅટવામાં, સંસારરૂપી કારાગારમાં, સંસારબંધનમાં
ત્રાણ, શરણ, ગતિ, આધાર અને આલંબન છે.

## મંગલમય નવકાર અને સામાયિક

નવકાર એ ભવાટવામાં માર્ગદર્શક છે અને
સામાયિક એ ભવાટવામાં માર્ગરૂપ છે.
ધર્મના બે પ્રકારમાં શ્રુતધર્મનું પ્રતીક નવકાર છે તથા
ભાવ ચારિત્રધર્મનું પ્રતીક સામાયિક સૂત્ર છે.

એકના અક્ષર (૬૮) છે, બીજાના (૮૫) છે,
શ્રાવકધર્મ-દેશવિરતિ સામાયિક સૂત્રના અક્ષર (૭૬) છે.
મોક્ષ, મોક્ષમાર્ગ અને તેનું બહુમાન - તે અનુક્રમે
દેવતત્ત્વ, ગુરુતત્ત્વ, ધર્મતત્ત્વરૂપ તત્ત્વત્રયીને જણાવે છે.
તે તત્ત્વત્રયીને જણાવનાર નવકાર જ છે.
નવકારમાં ૯ તત્ત્વનું જ્ઞાન છે.

મોક્ષની ઉપાદેયતા અને સંસારભ્રમણની હેયતાને દેવતત્ત્વ જણાવે છે, ગુરુતત્ત્વ એ રત્નત્રયીસ્વરૂપ અને સંવર-નિર્જરારૂપ તત્ત્વની ઉપાદેયતા અને મિથ્યાત્વાદિ આસ્રવ અને બંધ તત્ત્વની હેયતાને જણાવે છે તથા શુભાસ્રવરૂપી પુણ્યતત્ત્વની ઉપાદેયતા અને અશુભાસ્રવરૂપી પાપતત્ત્વની હેયતાને જણાવનાર નમસ્કારરૂપી ધર્મ તત્ત્વ છે. સંક્ષેપમાં જીવતત્ત્વની ઉપાદેયતા અને અજીવ તત્ત્વની હેયતાને જણાવનાર સમગ્ર નવકાર છે અને તે માર્ગે ચલાવનાર સામાયિક સૂત્રની અંદર રહેલા દેશ અને સર્વથી સાવદ્ય વ્યાપારોના ત્યાગની પ્રતિજ્ઞા છે. એક ચક્ષુ છે, બીજી ક્રિયા છે. અંધ-પંગુ ન્યાયથી બંને પરસ્પર મળીને 'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ।'ની પ્રતિજ્ઞાને પૂર્ણ કરે છે. ધર્મ મંગળ છે. તે મંગળ બે પ્રકારનું છેઃ
એક ક્રિયારૂપ અને બીજું જ્ઞાનરૂપ.

જ્ઞાનરૂપ મંગળ વિના એકલું ક્રિયારૂપ મંગળ અથવા ક્રિયારૂપ મંગળ વિના એકલું જ્ઞાનરૂપ મંગળ સમગ્ર મોક્ષમાર્ગ બની શકતું નથી. ઉપાસ્ય અને આરાધ્ય દેવ-ગુરુ અને ધર્મરૂપી તત્ત્વત્રયી અને સેવ્ય તથા આચર્ય જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી રત્નત્રયીનાં પ્રતીક અનુક્રમે નવકાર સૂત્ર અને સામાયિક સૂત્ર છે. એકનો મંગળ પાઠ અને બીજાની મંગળ પ્રતિજ્ઞા ધર્મસ્વરૂપ છે.

## કરેમિ ભંતે સૂત્રનાં બહોળું વર્ણન

મંગળપાઠમાં જ્ઞાન મુખ્યપણે- ક્રિયા ગૌણપણે તથા મંગળ પ્રતિજ્ઞામાં ક્રિયા મુખ્યપણે, જ્ઞાન ગૌણપણે રહેલું છે. ત્રિકરણ યોગ વડે પાપ નહિ કરવાની પ્રતિજ્ઞા ઉપર નવકાર વડે બહુમાન થાય છે અને ત્રિકરણ યોગ નહિ કરવાની પ્રતિજ્ઞાનું પાલન કરેમિ ભંતે વડે થાય છે.

## 'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ ।'

શાસ્ત્રમાત્રનો વિસ્તાર નવકારમાંથી તથા વ્રત, નિયમ, તપ, ત્યાગનો વિસ્તાર કરેમિ ભંતેમાંથી છે. જ્ઞાનમાત્રનો મૂળ સ્રોત કરેમિ ભંતે છે. ક્રિયાનાં કારણ ત્રણ કરણ-ત્રણ યોગ છે, તેનું નિયમન કરેમિ ભંતેની પ્રતિજ્ઞાથી છે. વિવિધ પ્રકારની પ્રતિજ્ઞા કરેમિ ભંતેનો જ વિસ્તાર છે.

સાવદ્ય ત્યાગની અને નિરવદ્ય સેવનની પ્રતિજ્ઞાથી
3 કરણ તથા 3 યોગના નિયમનોનું વ્યાપ્ત છે.
જ્ઞાન પ્રકાશક છે, ક્રિયા સ્થૈર્ય ગુણની નિયામક તથા
સાવદ્ય ક્રિયા અસ્થૈર્ય ગુણની નિષ્પાદક છે.
તેના ત્યાગ અને નિરવદ્ય યોગોના સેવનની ક્રિયા આત્મ
પ્રદેશોના કંપનને નિયમનમાં લાવે, સંયમતા - અસ્થૈર્યને
અટકાવતી સેવાનું ઉદ્દેશ્ય છે. જ્ઞાનનો પ્રકાશ અને
ક્રિયાનું સ્થૈર્ય મળીને આત્મગુણ અને આત્મસુખનું
કારણ બને છે. ૯ તત્ત્વ - ષડ્દ્રવ્ય તથા આત્મ-અનાત્મનું
જ્ઞાન નવકાર દ્વારા દૃઢ કરી સામાયિકની ક્રિયા દ્વારા
સૌથી તે જ્ઞાનનું અમલીકરણ સંસારમાં કરી શકાય છે.

°

It is well to speak little, better still to say nothing unless you are quite sure that what you wish to say is true, kind and helpful - પ્રિયમ્, પથ્યમ્ & તથ્યમ્।

Control of the mind, body, sense,
Tolerance, cheerfulness,
onepointedness and confidence are the
elements of good conduct.

## શ્રી નવકાર તથા કરેમિ ભંતે સૂત્ર

શ્રુતધર્મનો સાર બતાવનાર શ્રી નવકાર મહામંત્ર છે.
ચારિત્ર ધર્મનું રહસ્ય વર્ણવનાર કરેમિ ભંતે સૂત્ર છે.
નવકારમાં જ્ઞાનની પ્રધાનતા અને ક્રિયાની ગૌણતા છે.
કરેમિ ભંતેમાં ક્રિયાની મુખ્યતા પણ જ્ઞાનની ગૌણતા છે.
જ્ઞાનના પ્રકાશમાં જ ક્રિયાની સફળતા સમાયેલી રહેલ છે.

જ્ઞાન એ ધર્મનું માહાત્મ્ય સમજાવે છે, જ્યારે
ક્રિયા એ ધર્મનું પાલન કરાવે છે.

જ્ઞાન એ આંખો છે, ક્રિયા એ ચરણોને સ્થાને છે.
આંખથી જોઈને પગથી ચાલનારો ઇષ્ટ સ્થાને પહોંચે છે.

અંધ-પંગુ ન્યાયથી જ્ઞાન અને ક્રિયા-
એ બન્ને એકત્ર મળીને કાર્યની સિદ્ધિનું અંગ બને છે.

ધર્મનું બહુમાન જેના હૃદયમાં વસ્યું છે,
તે પાપ ન કરવાની પ્રતિજ્ઞા લે તો સ્થાને છે.

પાપ ન કરવાની પ્રતિજ્ઞા લેવાનો ભાવ ધર્મ પ્રત્યેના
બહુમાનમાંથી જાગે છે. ધર્મ પ્રત્યે બહુમાન બતાવવાનું,
બહુમાન પામવાનું અને વિકસાવવાનું સાધન નવકાર છે.
પાપનો પરિહાર કરવાનું અને નિષ્પાપ જીવન જીવવાનું
બળ આપનાર કરેમિ ભંતે સૂત્રનો પાઠ અને પ્રતિજ્ઞા છે.

'ॐ હંસઃ।' મંત્રમાં

ॐ - નમો - દેવ
હં - અરિહં - સ્વરૂપ } ત્રિધા શુદ્ધ નમસ્કાર
સઃ - તાણં - અનુબંધ

અહીં દેવ એ નમસ્કાર છે, સ્વરૂપ એ પૂર્ણ પુરુષ છે
અને અનુબંધ એ પ્રકૃતિની પ્રાપ્તિ છે.

નમસ્કારથી ધીરોદાત્તતા અને ધીરશાન્તતા પ્રાપ્ત થાય છે.
કષ્ટ વખતે ધીરતા, સંપત્તિ વખતે ઉદાત્તતા,
આપત્તિમાં નિશ્ચલતા અને ઉપસર્ગ વખતે શાંતતા પામે છે.
આત્માની ભાવના તિર્યક્ સામાન્યથી
શાંતતા અને ઉદાત્તતા લાવે છે.
આત્માની ભાવના ઊર્ધ્વતા સામાન્યથી
ધીરતા અને નિશ્ચલતા પ્રાપ્ત કરાવે છે.
નમસ્કારના ગુણ અપરંપાર છે.

o

An ounce of practice is worth tons of talks. Every ounce of pleasure brings its pound of pains. Care more for others than you care for yourself. Once failure is half success.

'નમો અરિહંતાણં'માં...

(૧) નમો એ ભાથા છે.
અરિહં એ ધનુષ્ય છે.
તાણં એ ફળરૂપી લક્ષ્ય છે.

(૨) અરિહં એ પ્રભાવ છે.
નમો એ શર છે.
તાણં એ લક્ષ્ય - ફળ છે.

(૩) અરિહં એ યોગાવંચકતા છે.
નમો એ ક્રિયાવંચકતા છે.
તાણં એ ફલાવંચકતા છે.

(૪) અરિહં એ સાધ્યનો સમ્યક્‌યોગ છે.
નમો એ સાધનાનો સમ્યક્‌યોગ છે.
તાણં એ સિદ્ધિનો સમ્યક્‌યોગ છે.

(૫) અરિહં એ સાધ્યની શુદ્ધિ છે.
નમો એ સાધનની શુદ્ધિ છે.
તાણં એ સાધનાની શુદ્ધિ છે.

(૬) અરિહં એ જ સાધ્યનો સમ્યગ્ યોગ છે.
નમો એ જ સાધ્યનું સમ્યગ્ સાધન છે.
તાણં એ જ સાધ્યની સમ્યક્ સિદ્ધિ છે.

(૭) { સાધ્યની શુદ્ધિ એ યોગાવંચકતા.
સાધનની શુદ્ધિ એ ક્રિયાવંચકતા.
સાધનાની શુદ્ધિ એ ફલાવંચકતા.

(૮) { અરિહં પદ વડે સાધ્યને તાકવાનું થાય છે.
નમો પદ વડે સાધ્યને સાધવાનું થાય છે.
તાણં પદ વડે સાધ્યને પામવાનું થાય છે.

એકમાં લક્ષ્યનો યોગ છે, બીજામાં લક્ષ્યનું સાધન છે અને ત્રીજામાં લક્ષ્યની સિદ્ધિ છે.

સાધ્ય, સાધન અને સિદ્ધિ - એ ત્રણેની શુદ્ધિ 'નમો અરિહંતાણં' પદમાં રહેલી છે.

## પ્રણિધાન, સમાધાન, સમાધિ

અશુભથી નિવર્તન તે પ્રણિધાન, શુભમાં પ્રવર્તન તે સમાધાન અને માધ્યસ્થ્યાલંબન તે સમાધિ છે.

પ્રણિધાનમાં પ્રસન્નચંદ્રનું દૃષ્ટાંત છે.

સમાધાનમાં ભરતેશ્વરનું દૃષ્ટાંત છે અને સમાધિમાં દમદંત રાજર્ષિ તથા પુષ્પભૂતિ આચાર્યના દૃષ્ટાંત છે.

નમો પદ વડે અશુભથી નિવર્તન થાય છે, અરિહં પદથી શુભમાં પ્રવર્તન થાય છે અને તાણં પદ વડે સંપૂર્ણ માધ્યસ્થ્યભાવ અને નિર્વિકલ્પ

ચિન્માત્ર સમાધિની પરાકાષ્ઠા સાધકને પ્રાપ્ત થતી હોવાથી 'નમો અરિહંતાણં' પદ એ સમાધિનો મહામંત્ર બને છે.

નવકારનું પ્રથમ પદ જ અશુભ ધ્યાનથી અટકાવી, શુભ ધ્યાનમાં જોડીને શુદ્ધ સ્વરૂપમાં ચિત્તની પરમ એકાગ્રતા કરાવે છે, તેથી નવકારમંત્રનું સતત રટણ, મનન અને નિદિધ્યાસન એ મહાનિર્જરાનું સાધન છે. દેવ, ગુરુ, આત્મા, મંત્ર, મન અને પવનની એકતા વડે અંતરાત્મભાવની પ્રાપ્તિ થાય છે. તેથી જ કહ્યું છે કે:

गुरुमंत्रदेवतात्ममनःपवनानामैक्य -
निष्कलनात् अंतरात्म - संवित्तिः ।

<u>નમો અરિહંતાણંમાં શું શું સમાવિષ્ટ છે?</u>

(૧) દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના, શરણાગમન.

(૨) પરરૂપેણ નાસ્તિત્વ - શૂન્યતા.
સ્વરૂપેણ અસ્તિત્વ - પૂર્ણતા.
ઉભયરૂપેણ અવાચ્યત્વ - સ્વસંવેદ્યતા.

(3) તત્ ત્વમ્ સ્વસ્વાભિન્ન પરમાત્મરૂપતા
તત્ ચિત્તાદિ અષ્ટવિશેષણોથી મુક્તત્વાદિ.

નવકાર મંત્રના કાઉસ્સગ્ગ ધ્યાનમાં 'કાઉસ્સગ્ગ' એટલે ધ્યાન વડે મનની એકાગ્રતા થવાથી થતો ઉચ્છવાસ આદિનો નિરોધ.

જાલી, જેઠ સુદ ૧૨, સં-૨૦૨૨

એક અનુભવાર્થી ગુરુ પાસેથી મેળવેલ રહસ્ય:

'સુરતા તે જીવ અને શબ્દ તે પુરુષ (પરમાત્મા) છે'.

સુરતા = જીવ = ઉપયોગ,

તેને શબ્દમાં જોડતા રહેવાથી સાધનામાર્ગ પકડાય છે.

સ્વાનુભવ એ જ માત્ર સાધક.

'નિર્વિકલ્પ દશા કોને કહેવાય' એ જાણવામાત્રથી વ્યક્તિ નિર્વિકલ્પ થઈ શકે છે. તાત્પર્યનું આ રહસ્ય છે, જે ઘણા જ વિચાર પછી પ્રાપ્ત થયેલ છે.

'જો આત્મા વિકલ્પથી ભિન્ન હોય, તો તે શું હંમેશા નિર્વિકલ્પ નથી?' માત્ર આટલા પ્રશ્નથી જ આત્માનું શુદ્ધ સ્વરૂપ ધ્યાનમાં આવી જશે, આવી જાય છે.

o

Sorrow has no being of its own.
It has no objective excistence.
It is the subjective nature of the fighter.
constantly you affirm sorrow & it excists.
Deny it in mind & it will excist no longer.
This is what we call the hero in man.
It is his divine or real essential nature.

The Kingdom of heaven is within you and
whomsoever shall know
himself shall find it.
Wisdom is knowing what to do next.
It is સમ્યગ્દર્શન.
Skill is knowing how to do it.
It is સમ્યગ્જ્ઞાન.
Virtue is doing it. સમ્યગ્ચારિત્ર.
'What to do' is દર્શન.
'How to do' is જ્ઞાન.
'To do' is ચારિત્ર.
Wisdom, skill and virtues
are the three jewels
leading to liberation of the soul.
Panic of error is the death of progress
because error of
scientist leads to success.
Every emotional jerk is loss of energy.
At death, almost total loss of energy.

# મન અને આત્મા

મનને આત્માધીન બનાવવાની પ્રક્રિયા નમઃ વડે થાય છે.

ન = સ્વરૂપ = આત્મા, મ = ચંદ્ર = મન.

આત્માને પ્રથમ સ્થાન 'નમઃ'માં છે અને મનને પ્રથમ સ્થાન 'મન' શબ્દમાં છે એટલે મનને પ્રથમ સ્થાન, જે સંસાર પરિભ્રમણમાં પરિણમતું હતું, તે અટકીને આત્માને પ્રથમ સ્થાન મળવાથી ભવભ્રમણનો અંત આવે છે અને આત્મસ્વરૂપના ભાનરૂપ મોક્ષ હસ્તગત થાય છે. 'મનનો માલિક આત્મા છે - આત્માનો માલિક મન નહિ' એવું ભાન કે બોધ 'નમઃ' પદના સ્વાધ્યાયથી થાય. નમઃ પદપૂર્વક જેટલા મંત્રો છે, તે સર્વ આત્માને મનની ગુલામીમાંથી છોડાવનાર થાય છે અને મન એટલે પ્રકૃતિ ઉપર પ્રભુત્વ અપાવનાર થાય છે. મન એ કર્મનું સર્જન છે એટલે કર્મના બંધનમાંથી જેને છૂટવું છે, તેણે મનની આધીનતામાંથી જ સૌ પ્રથમ છૂટવું જોઈએ, તેથી 'નમઃ' એ મન ઉપર પ્રભુત્વ મેળવવાનો મંત્ર છે. મનને આત્માભિમુખ બનાવવા માટેનો મંત્ર 'નમઃ' છે. નમઃ મંત્રથી બહિર્મુખ મન આત્માભિમુખ બને છે. 'નમઃ' પદનો અર્થ આત્માને પ્રથમ સ્થાન આપવું

અને મન તથા ઉપલક્ષણથી વચન, કાયા, કુટુંબ, ધન આદિને ગૌણત્વ આપવું તે છે. નમોનો વિશેષ અર્થ આત્મામાં જ ચિત્ત, આત્મામાં જ મન, આત્મા તરફ જ લેશ્યા, આત્માનો જ અધ્યવસાય, આત્માનો જ તીવ્ર અધ્યવસાય, આત્મારૂપી અર્થમાં જ ઉપયુક્તતા, આત્મામાં જ ત્રણે કરણ અર્પિત, આત્મભાવનાથી જ ત્રણે યોગો ભાવિત, એ નમો પદનો વિશિષ્ટ અર્થ છે. નમો માત્ર નમસ્કારરૂપ નહિ પણ દ્રવ્ય-ભાવ સંકોચરૂપ છે. બાહ્ય અને આંતરથી, દેહ અને ઇન્દ્રિયથી, મન અને બુદ્ધિથી સંકુચિત થવું અને એ બધામાં ચૈતન્યનું સંપાદન કરનાર આત્મતત્ત્વમાં વિસ્તૃત થવું, નિમજ્જન થવું,

વિલીનકરણ થવું, સર્વ સમર્પણ થવું,

તન્મય, તત્પર અને તદ્રૂપ થવું, એ નમો પદનો ભાવ છે. નમો પદની સાથે અરિહંત, સિદ્ધ, સાધુ અથવા ધર્મને જોડવાનો અર્થ પણ આત્માની શુદ્ધ અવસ્થાઓને આગળ કરી તે અવસ્થાવાન આત્મતત્ત્વની અંદર પરિણતિ લઈ જવી અને ત્યાં સ્થિર કરવી, એ પ્રકારે થાય છે.

'તજ્જપસ્તદર્થભાવનમ્ ।'

આત્મારૂપી અર્થ આકાર થઈ જવું તે જપનું ધ્યેય છે.

માત્રામાંથી અમાત્રમાં જવા માટે, સાકારમાંથી નિરાકારમાં જવા માટે, સકલમાંથી નિષ્કલમાં જવા માટે સેતુની જરૂર છે. તે સેતુ નમઃ પદ છે. મન એ સંસારમાં સરકવા માટે સેતુ છે, જ્યારે નમઃ એ મોક્ષમાં જવા માટે સેતુ છે.

તંત્રશાસ્ત્રો સેતુને 'અર્ધમાત્રા' પણ કહે છે.

તેને 'બિંદુનાદ' પણ કહે છે.

તે અધ્યાત્મશાસ્ત્રમાં અંતર્મુખવૃત્તિનું બીજું નામ છે.

ૐકારમાં અ, ઉ, મ - એ ૩ માત્રા છે,

તેમાં ત્રણે જગત આવી જાય છે.

સમગ્ર સંસારનું, બ્રહ્મા - વિષ્ણુ - મહેશ વગેરેનું તે પ્રતીક છે.

ત્યાર બાદ અર્ધમાત્રા, સેતુ કે બિંદુનાદ આવે છે,

જે માત્રામાંથી અમાત્રમાં લઈ જવાનું વાહન છે.

'માત્રા' એટલે મર્યાદિત, 'અમાત્ર' એટલે અમર્યાદિત.

માત્રામાંથી અમાત્રમાં લઈ જનાર અર્ધમાત્રા છે, તેથી તેને 'સેતુ' કહેવાય છે. નમઃ પદ પણ સેતુનું કાર્ય કરે છે.

સંસાર તરફ દોડતાં મનને

મોક્ષ તરફ લઈ જવાનું કાર્ય નમઃ પદથી થાય છે.

મન અનાત્મભાવ તરફ દોડે છે,

તેથી તે જીવાત્માને સંસારમાં લઈ જવા માટે સેતુ બને છે.

નમો આત્મભાવમાં લઈ જવા માટે સેતુ બને છે.
તેમાં અર્ધમાત્રા, બિંદુનાદ કે સેતુબંધ શું છે?
તો કહે છે કે: અંતર્મુખ વૃત્તિ, અંતરાત્મભાવની પ્રાપ્તિ.
નમો પદ અંતરાત્મભાવનું પ્રતીક છે. અંતરાત્મભાવ
આત્માની એક પ્રકારની શૂન્યાવસ્થા છે - બિંદુ અવસ્થા છે.
અનાત્મભાવની શૂન્યતામાંથી આત્મભાવની પૂર્ણતા પ્રગટ
થાય છે. પૂર્ણતા તે અમાત્ર પદ છે, શૂન્યતા એ સેતુ છે.
પરરૂપથી શૂન્યતા અને સ્વરૂપથી પૂર્ણતા પ્રાપ્ત થવાનું
દ્વાર, ઉભય ભાવની અક્રમથી અવાચ્યતા,
અનિર્વચનીયતા અથવા કેવળ સ્વસંવેદ્યતા છે.
વૈખરીના વિષયથી પર અને તર્ક કે વિચારને અગોચર
એવી એ અવસ્થા જ નમો પદનું સાધ્ય છે.
મન એ સંસાર છે અને આત્મા એ મોક્ષ છે.
મનનું વલણ સંસાર તરફથી વાળી આત્મા તરફ થવું,
તેનું જ નામ માત્રામાંથી અમાત્રમાં જવું.
એ જવાનો માર્ગ અર્ધમાત્રા છે, તે સ્વસંવેદ્ય છે.
તેને શૂન્યાવસ્થા અને તંત્રની પરિભાષામાં
બિંદુનાદ કહેવામાં આવે છે.

°

*I live, yet not I but God liveth in me.*

## નમસ્કાર - દૈન્યભાવ

નમસ્કાર, વંદન અથવા પ્રણામ દૈન્યભાવના પ્રતીક છે. જે સર્વૈશ્વર્ય સંપન્ન અને સર્વ સમર્થ છે, તેનો આશ્રય ગ્રહણ કરવા માટે અને પોતાની સર્વ સાધનહીનતા તથા પરાધીનતા પ્રગટ કરવા માટે 'નમઃ' પદનું ઉચ્ચારણ છે. પ્રભુનું શરણ જે ગ્રહણ કરે છે, તે જ એક દુસ્તર એવા અને દુરત્યય એવા માયાને તરી જાય છે. કહ્યું છે કે:

દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા ।
મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ॥

વરસાદનું પાણી સર્વત્ર પડે છે પણ ટકે છે નીચા સ્થળોમાં, ઉંચા પર્વતો પર નહિ, તેમ પ્રભુની કૃપા સર્વત્ર છે, પણ તેની અભિવ્યક્તિ જ્યાં દૈન્ય છે, વિનમ્રતા છે, ત્યાં જ થાય પણ અહંકાર, અભિમાનાદિ પર્વતીય સ્થાનોમાં નહિ.

જીવ દૈન્યભાવ જ્યાં સુધી સંયુક્ત નહિ થાય,
ત્યાં સુધી તેને ભગવત્પ્રાપ્તિ અશક્ય છે તથા
તેને આત્મકલ્યાણનો માર્ગ પણ મળી શકતો નથી.

ભક્તિ, અનુરાગ કે પ્રેમસાધનામાં એક દૈન્ય જ મુખ્ય છે.

o

He who chooses the infinite,
has been chosen by the infinite.

## 'નમો અરિહંતાણં'માં...

'નમો' એ મનોગુપ્તિસ્વરૂપ છે અને 'અરિહં' એ આત્મદ્રવ્ય છે. તેમને નમસ્કાર એ ત્રાણસ્વરૂપ છે.

નિર્વિકલ્પ આત્મદ્રવ્યનું સ્મરણ શરણભૂત છે.

નિર્વિકલ્પતા એ જ ત્રાણરૂપ છે અને

તે આત્મદ્રવ્યના અવલંબને જ પ્રકટે છે.

0 નમો = विमुक्तकल्पनाजालं = કામજય.

अरिहं = समत्वे सुप्रतिष्ठितं = ક્રોધજય.

ताणं = आत्मारामं मनः = લોભજય.

0 નમો = त्यक्तार्तरौद्रध्यानस्य।

अरिहं = त्यक्तसावद्यकर्मणः।

ताणं = मुहूर्तं समता या तां सामायिकव्रतमुद्दीरितं।

0 નમો = અપરાધની ક્ષમાપના.

अरिहं = ગુણનો આવિષ્કાર.

ताणं = ગુણનો સ્વીકાર.

ભેદભાવની નદી ઉપર જે માનવ પુલ બનાવી જાણે,

તે માનવતાનો સૌથી મોટો એન્જિનિયર છે.

નિત્ય નમસ્કારનો અભ્યાસ એ ભેદભાવની ઊંડી નદી ઉપર પુલ બાંધવાની ક્રિયા છે. 'નમો' એ સેતુ છે.

તેના ઉપર ચાલવાથી ભેદભાવનું ઉલ્લંઘન કરીને અભેદભાવના કિનારા ઉપર પહોંચી જવાય છે. પછી તેને ડૂબી જવાનો ભય રહેતો નથી. ભેદભાવને મિટાવી અભેદભાવ સુધી પહોંચાડવાનું કાર્ય 'નમઃ' ભાવરૂપી સેતુ કરે છે. તેને અમાત્ર પદ ઉપર પહોંચાડવા માટેની અર્ધમાત્રા પણ કહેવાય છે. અડધી માત્રામાં સમગ્ર સંસાર સમાઈ જાય છે અને બાકી અડધી માત્રા સેતુ બનીને આત્માને સંસારની પેલે પાર લઈ જઈને સંકલ્પ તથા વિકલ્પમાંથી મુક્ત કરાવીને નિર્વિકલ્પ અવસ્થામાં પહોંચાડે છે.

કહ્યું છે કે:

विमुक्तकल्पनाजालं समत्वे सुप्रतिष्ठितं ।
आत्मारामं मनस्तज्ज्ञैः मनोगुप्तिरुदाहृता ॥१॥

'નમઃ' પદ વડે આ મનોગુપ્તિ સાધ્ય બને છે.
'મનનું રક્ષણ નમઃ વડે થાય છે' એ એનો અર્થ છે.
નમઃ અને મનોગુપ્તિ – એ રીતે પર્યાયવાચક શબ્દો છે.
'નમઃ' મંત્રનો અર્થ છે : મનન વડે રક્ષણ.
એ અર્થને જણાવનાર 'મનોગુપ્તિ' શબ્દ છે.
સંકલ્પ – વિકલ્પ છોડવાથી મનનું રક્ષણ થાય છે.
'નમઃ' મંત્ર સંકલ્પ – વિકલ્પ છોડાવે છે.

સમત્વભાવમાં સ્થિર થવાથી પણ મનનું રક્ષણ થાય છે.
'નમઃ' મંત્ર સમત્વભાવમાં સ્થિર કરે છે.

મનનું રક્ષણ આત્મારામતાથી,
આત્મામાં જ એક રમણ કરવાથી થાય છે.

'નમો' એક આત્મસ્વરૂપમાં જ રમણ કરવાનો સાક્ષાત્કાર કરાવે છે, તેથી નમઃ મંત્ર અને મનોગુપ્તિ એકાર્થક, એક જ પ્રયોજનને સિદ્ધ કરનારી બે વસ્તુ બની જાય છે. મનોગુપ્તિ મનના રક્ષણની નિષેધાત્મક બાજુ બતાવે છે અને નમઃ મંત્ર તેની જ વિધેયાત્મક બાજુ રજુ કરે છે.

સત્ય સદા ઉપસ્થિત છે...

ફક્ત તેને ગ્રહણ કરનારી આંખોની જરૂર છે. તે બે આંખો છે: વિચારોની શાંતતા તથા ચિત્તવૃત્તિઓની શૂન્યતા. સત્ય સરલ છે અને સત્ય વિના બાકીનું બધું જટિલ છે, પણ આપણે સરલ નહિ તેથી સરલ એવું સત્ય પણ પામવું આજે આપણા સૌ માટે જટિલ બની ગયું છે.

સત્યનું સર્જન થતું નહિ પણ દર્શન થાય છે.

હજારો માઈલની યાત્રા પણ એક જ કદમથી શરૂ અને
એક જ કદમથી પૂરી થાય છે
માટે સત્યની દિશામાં એક જ કદમ ઉપાડવાની જરૂર છે.

સત્ય કોઈ સિદ્ધાંત કે શબ્દ નથી - એક અનુભૂતિ છે.
જે છે, તેની સાથે એક થઈ જવું, તે સત્ય છે.

કીચડથી કમળ તરફ જવું, તે ધર્મ છે.

'જે વાત આપણને દુ:ખકારક લાગે, તે બીજાને ન કરો'
આવી વિચારવૃત્તિમાં ધર્મની પ્રતિષ્ઠા છે.

ધર્મ એક માર્ગ છે, જે જાણ્યે નહિ પણ ચાલ્યે કપાય છે.

સ્વને ભૂલ્યા વિના સર્વને કેવી રીતે પમાય?

પોતાની પૂજા છોડવી, તે જ પરમાત્માની ખરી પૂજા છે.

મહાનતાથી સરળ બીજું કાંઈ નથી.
વસ્તુત: સરળતા એ જ મહાનતા છે.

**યોગમાર્ગી સાધુ અને સુવર્ણ - કઈ રીતે સરખાં?**

સુવર્ણ અને સાધુ - બન્ને વિષ-ઘાત આદિ ૮ અને કષ-છેદ આદિ ૪ મળીને કુલ ૧૨ ગુણયુક્ત હોય છે.

विस[૧]घाइ रसाए[૨]ण मंगल[૩] विणीए[૪] पदक्खिणावत्ते[૫] ।
गुरुए[૬] अडज्झ[૭] अकुत्थे अट्ठगुणा हुंति सुवण्णस्स ॥

સાધુ મોક્ષ - યોગમાર્ગના ઉપદેશક, મંગલ અને વિનીત તથા મલિનને હણવા માટે યોગમાર્ગના સાધક છે. તેઓ ગંભીર, કામ - ક્રોધથી મુક્ત, વિશિષ્ટ અધ્યવસાય અને લેશ્યાથી યુક્ત, કષ્ટસહનમાં ધીર તથા કષ્ટપ્રદાનમાં અશક્ત,

બધા પ્રત્યે કમળવત્ જ કોમળ અને પોતા પ્રત્યે વજ્રવત્ જ કઠોર વગેરે ગુણયુક્ત સાધુ અને સુવર્ણ સરખાં છે.

## સાધુરૂપી સુવર્ણના ૮ + ૪ ગુણની સમજણ:

(૧) વિષઘાત - મોહવિષને હણનાર
(૨) રસાયણ - મોક્ષમાર્ગના ઉપદેશક
(૩) મંગલ - પરિણામે હિતકારી
(૪) વિનીત - વિનયવાળાપણું
(૫) પ્રદક્ષિણાવર્ત - મોક્ષમાર્ગની અનુસરણતા
(૬) ગુરૂ - ગાંભીર્યગુણયુક્તતા
(૭) અદાહ્ય - ક્રોધાગ્નિથી નહિ દાઝવાપણું
(૮) અકુથ્ય - શીલયુક્તતા હોવાથી ન કોહવાપણું
કષ - છેદ - તાપ - તાડના વડે શુદ્ધપણું

સાચા સોના - સાધુમાં ૮ + ૪ = ૧૨ ગુણ હોય છે, જે નકલી કે બનાવટી સોના કે સાધુમાં તે હોતા નથી.

## અન્ય ૪ ગુણો

(૯) કષ - વિશિષ્ટ લેશ્યાયુક્તતાપણું
(૧૦) છેદ - એકતાનતા હોવાપણું
(૧૧) તાપ - અપકારી ઉપર પણ અનુકંપા યુક્તતાપણું
(૧૨) તાડના - આપત્તિ સમયે પણ ચિત્તનું નિશ્ચલપણું

ધીરતા એ તાડના વખતે કે આપત્તિમાં નિશ્ચલપણું છે.
શાન્તતા એ અપકારી ઉપર પણ અનુકંપાયુક્તપણું છે.
શાન્તતા એ તાપ વખતે શીતલપણું છે.
ધીર - સત્ત્વવંત, કષ્ટ સહન વખતે ધૈર્યવાન.
શાંત - ઉપશમવંત, ઉપસર્ગ કરનાર ઉપર પણ ક્ષમાવાન
અને સુવર્ણની જેમ જ તાપ સહને તર્જન સમયે શુદ્ધ.
ધીરતા તાપના રક્ષણે છે, શાંતતા તાડનના રક્ષણે છે.

°

All selfish desire binds, however
high may be its object and
until you have got rid of it,
you are not wholly free to devote
yourself to the work of the master.
When all desires for self are gone,
there may still be a desire to see
the result of your work. You must
do right for the sake of right,
not in the hope of reward.
Astral and mental both
should be controlled.

## 'નમો' પદ વિવરણ

જૈન દર્શનમાં કેવળ સમ્યગ્દર્શન જ નહિ પણ
સમ્યગ્દર્શનના કારણ અંગભૂત વૈરાગ્ય પણ
મૈત્ર્યાદિ ભાવો વિના ન હોઈ શકે.

મૈત્ર્યાદિ ભાવો વિનાનો વૈરાગ્ય માત્ર આભાસ રૂપ છે, કેમકે તે ચિત્ત સ્થિતિનું કારણ થઈ શકતો નથી.

### મંત્રના અક્ષરો અને તેનો અર્થ

મંત્રના અક્ષરોનો સંબંધ મન અને પવન સાથે છે. મંત્રના અર્થનો સંબંધ દેવ અને ગુરુ સાથે છે. સમગ્ર મંત્રનો સંબંધ આત્મા સાથે છે. આત્માનો સંબંધ એક બાજુ દેહ દ્વારા મન અને પવન સાથે તથા બીજી બાજુ ચૈતન્ય દ્વારા દેવતા અને ગુરુતત્ત્વની સાથે છે, તેથી મંત્રનો વિધિપૂર્વક થતો જાપ દેવતા, ગુરુ, મંત્ર, આત્મા, મન અને પવન સાથે એકતા કરાવી દ્વંદ્વમાત્રનો નાશ કરી નિર્દ્વંદ્વ એવા સર્વોચ્ચ અવસ્થાને પ્રાપ્ત કરાવે છે. નમસ્કારના પ્રભાવે તત્કાળરૂપ સુખ સુખરૂપ લાગતું નથી, દુઃખ દુઃખ લાગતું નથી, કિન્તુ સુખ દુઃખરૂપ લાગે છે તથા દુઃખ સુખરૂપ લાગે છે. સુખમાં દુઃખના બીજ છુપાયેલાં છે દુઃખમાં સુખ અને તેના સાધનો પ્રત્યેનું અનાકર્ષણ રહેલું છે.

પ્રેરણારૂપ મંત્રનું સામર્થ્ય તેમાં રહેલ મંત્રસંસ્કૃતતાને કારણે છે. મંત્રવર્ણોમાં ઊર્જાનો અખૂટ ભંડાર છે, પણ

મનુષ્યાણાં સહસ્રેષુ કશ્ચિદ્યતતિ સિદ્ધયે ।

અર્થાત્: હજારો મનુષ્યોમાં કોઈક મહાત્મા જ સિદ્ધિ માટે પ્રયત્ન કરે છે.

નમસ્કારભાવ અને ક્રિયાપાલના

આ બંને ત્રણે જગતના સ્વામીત્વનું બીજ છે. તમામ તીર્થંકરો - સિદ્ધ પરમાત્માઓની સકલ સિદ્ધિઓ 'નમો' ભાવમાંથી જ ફાલીફૂલી છે. નમસ્કારભાવ એટલે ક્રિયાપાલના એટલે સંવર-નિર્જરા એટલે મોક્ષ-નિર્વાણ.

આમ ક્રિયાપાલના ત્રિલક્ષી છે.

દયા એ સ્વપર દુઃખપ્રહાણ ઇચ્છા - બુદ્ધિરૂપ છે.

ક્ષમા એ સ્વપર પાપપ્રહાણ ઇચ્છા - બુદ્ધિરૂપ છે.

નાભમાં મનનો લય થવાથી નાદબ્રહ્મ પ્રગટે છે. શ્રી જિનમંડનગણિજી કૃત 'કુમારપાલ પ્રતિબોધ'માં નાદનું સુંદર સ્વરૂપ વર્ણવેલું છે.

યોગશાસ્ત્ર અષ્ટમ પ્રકાશગત વિદ્યા અને મંત્રો વિદ્યાપ્રવાદ પૂર્વગત છે અને તે સાક્ષાત સરસ્વતી દેવી દ્વારા શ્રી હેમચંદ્રસૂરિજીને પ્રાપ્ત થયેલ છે.

નમઃ શબ્દ અર્ધમાત્રા છે. તે અમાત્ર તરફ લઈ જાય છે.
ત્રિમાત્રમાંથી અમાત્ર તરફ જવા માટે અર્ધમાત્રા સેતુરૂપ છે.

અર્હત ભગવાન એ ત્રિમાત્રરૂપ છે.

ધર્મકૃત નમસ્કાર એ અર્ધમાત્રરૂપ છે અને તેથી થતો પાપનાશ, મંગલ આગમન અમાત્રરૂપ છે. 'અમાત્ર' એટલે અપરિમિત આત્મસ્વરૂપ છે, કે જે પૂર્ણ જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ છે અથવા રાગ-દ્વેષ-મોહ એ ત્રિમાત્રરૂપ છે. ક્ષયોપશમભાવનાં જ્ઞાન-દર્શન-ચારિત્ર અર્ધમાત્રરૂપ છે તથા ક્ષાયિકભાવનાં જ્ઞાન-દર્શન-ચારિત્ર અમાત્રરૂપ છે. ઔદયિકભાવનાં ધર્મો ત્રિમાત્રરૂપ, ક્ષયોપશમભાવનાં ધર્મો અર્ધમાત્રરૂપ અને ક્ષાયિકભાવનાં ધર્મો અમાત્રરૂપ છે.

નમઃ પદે ઔદયિકભાવના ધર્મોનો ત્યાગ થઈ
ક્ષાયિકભાવનાં ધર્મો પ્રાપ્ત થાય છે,
તેથી તે મધ્યે જ ક્ષયોપશમભાવનાં ધર્મરૂપ છે.

નમો મમત્વભાવનો ત્યાગ કરાવી સમત્વભાવ તરફ લઈ જાય છે, તેથી સેતુરૂપ છે. નમઃ એ મિથ્યાત્વમોહરૂપી અઢારમા પાપ સ્થાનકનો ત્યાગ કરાવી સમ્યગ્દર્શન ગુણની શરૂઆતથી જીવને અયોગીકેવલી નામના ચતુર્દશ ગુણસ્થાનકની પ્રાપ્તિમાં પ્રબળ નિમિત્ત બને છે, તેથી તેને ધર્મપ્રવેશનું દ્વાર કહ્યું છે.

બહિરાત્મભાવરૂપી ત્રિમાત્રનો ત્યાગ કરાવી
પરમાત્મભાવરૂપી અમાત્રને પ્રાપ્ત કરાવનાર
અંતરાત્મભાવનો પ્રદર્શક તથા નમસ્કારવાચક નમો પદ છે.
તે પદ પરમાત્મભાવનું પુનઃ પુનઃ મનન કરાવી
બહિરાત્મભાવનો સંકોચ - અંતરાત્મભાવનો વિકાસ કરે છે.
નમો પદ એ નિર્વિકલ્પ પદની પ્રાપ્તિ માટે
અશુભ વિકલ્પોથી મુક્ત કરાવી શુભ વિકલ્પમાં જોડે છે.
તેને દ્રવ્ય ભાવસંકોચ રૂપ કહેલ છે.
દ્રવ્યસંકોચ હાથ, પગ, મસ્તક આદિ અવયવોનો અને
ભાવસંકોચ વિશુદ્ધ મનનો છે. નમો પદ વડે અશુદ્ધ મન
ટળી વિશુદ્ધ મન દ્વારા પરિશુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે.

°

Namo tells the sadhak nothingness
of the world and allness of the God.

સર્વ શિરોમણિ મંત્ર

શુદ્ધ આત્મદ્રવ્ય એ મોક્ષરૂપી મોદકના સ્થાને છે.
તેનું ભાન એ ગોળ - તે ભાનનો સ્વીકાર ઘીના સ્થાને છે.
'આત્મદ્રવ્ય એ પૂર્ણ છે' એવા ભાન અને સ્વીકારપૂર્વક તેનું
ધ્યાન, તેનું સ્મરણ, તેમાં જ રમણતા એ આટાના સ્થાને છે.

અને સર્વ ઇચ્છાઓના નિરોધરૂપ તપરૂપી અગ્નિ વડે આત્મધ્યાનરૂપી આટાની લાપસી બનાવી તેને સર્વવિદ્યાઓથી કૂટી, તેમાં શ્રદ્ધારૂપી ઘી અને જ્ઞાનરૂપી ગોળ મેળવી આવો મોદક તૈયાર થાય તે જ મોક્ષ છે, તેમાં જ સર્વ પ્રકારના સુખોના સ્વાદથી અધિક સુખાસ્વાદ રહેલો છે.

રૂપા/ચિંતનથી આત્માના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન, શ્રદ્ધાન, ધ્યાન – એ મોક્ષમોદક પામવાનો સીધો રસ્તો નવકારના પ્રથમપદના ધ્યાન, રટણ, પુનઃ ઉચ્ચારણથી સહજપણે મળે છે, તેથી તે સર્વ મંત્રોમાં શિરોમણિ મંત્ર છે.

'મંત્ર' એટલે ગુહ્ય ભાષણ.

આત્માનું પરમાત્મા સાથે ગુહ્ય ભાષણ જે પદોથી થાય, તે પદો 'મંત્રપદો' કહેવાય છે.

ગુહ્ય ભાષણ એટલે અન્ય કોઈની હાજરી કે જાહેરાત વિના 'આત્મા-પરમાત્મા છે, મારો આત્મા તત્ત્વથી પરમાત્મા છે,' એ વાતનું સ્વસાક્ષીએ મનન.

સર્વે જીવાત્માનઃ તત્ત્વતઃ પરમાત્માનઃ એવ અથવા
વસ્તુતઃ પરમાત્મા એવ જીવાત્મા

અર્થાત્: સર્વ જીવાત્મા તત્ત્વથી પરમાત્મા જ છે અથવા આત્મદળથી પરમાત્મા એ જ જીવાત્મા છે.

એ જાતિનું પોતાના આત્મામાં જ પોતાના શુદ્ધ સ્વરૂપનું મનન, તેને જ 'મંત્ર' એવી સંજ્ઞા આપવામાં આવે છે. પુનઃ પુનઃ તે મંત્રણા, ગુહ્ય કથન, એ પોતાના સંકલ્પિ સ્વરૂપનો ત્યાગ કરાવી નિઃસીમ સ્વરૂપનું ભાન કરાવે છે અને તે ભાન જેમ જેમ દૃઢ થતું જાય છે, તેમ તેમ સંકલ્પ - વિકલ્પોમાંથી મુક્તિ મેળવી નિર્વિકલ્પ અવસ્થાની પ્રાપ્તિ કરાવે છે, તેને નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ અથવા સ્વ શુદ્ધ સ્વરૂપની અનુભૂતિ પણ કહે છે.

## મંત્રની સફળતાનું કારણ

गुरुमंत्रदेवतात्ममनःपवनानामैक्य-
निष्कलनादन्तरात्मसंवित्तिः ।

આવા મંત્રો એક બાજુ દેવ, ગુરુ અને આત્મા તથા બીજી બાજુ મન, પવન અને આત્માનું ઐક્ય સધાવી આપનારા હોવાથી અંતરાત્મભાવનું સંવેદન કરાવનારા થાય છે. અંતરાત્મભાવ એટલે આત્મામાં આત્માની પ્રતીતિ. તેને કરવા માટે અથવા થયેલી તે પ્રતીતિને દૃઢ કરવા માટે સત્મંત્રોનું આરાધન પરમ સહાયભૂત થાય છે.

તેમાં કારણ એ છે કે મંત્રાક્ષરોનું ઉચ્ચારણ
પ્રાણની ગતિને નિયમિત કરે છે.

પ્રભુની ગતિની નિમિત્તતા મનને કાબુમાં લાવે છે અને
મનનો કાબુ આત્માનું પ્રભુત્વ અપાવે છે.
મંત્રના અર્થોનો સંબંધ દેવતત્ત્વ અને ગુરૂતત્ત્વ સાથે રહેલ છે,
તેથી મંત્રો દેવતત્ત્વ અને ગુરૂતત્ત્વનો બોધ કરાવી
શુદ્ધ આત્મસ્વરૂપનું ભાન પણ કરાવે છે.
આમ અર્થક્રિયા-અર્થજ્ઞાનથી મંત્ર અનંત ફળદાયી બને છે.

## નામ અને રૂપ

પરમાત્માનું નામસ્મરણ
પોતાના સ્વરૂપનું સ્મરણ કરાવનાર છે.
સ્વસ્વરૂપનું દર્શન કરાવનાર પરમાત્માના બિંબનું દર્શન છે.
નામ વડે સ્મરણ થાય છે, બિંબ વડે દર્શન થાય છે.
સ્મરણ 'સામાન્ય'નું અને દર્શન 'વિશેષ'નું રહેલ છે.
સામાન્ય એ દ્રવ્ય છે, વિશેષ એ ગુણ-પર્યાય છે.
નામનો સંબંધ દ્રવ્ય-સામાન્ય તથા જાતિની સાથે છે.
સામાન્ય એક દ્રવ્યરૂપ છે અને બીજું જાતિરૂપ છે.
પર્યાયોનો સમૂહ દ્રવ્ય છે; વ્યક્તિઓનો સમુદાય જાતિ છે.
દ્રવ્યમાં કારણતા છે અને ગુણમાં કાર્યતા છે.
જાતિમાં અભેદ છે, ગુણમાં ભેદ છે.
વસ્તુમાત્ર ભેદાભેદ સ્વરૂપ છે.

## નવપદની સ્તુતિ

એવં ચ સંથુણંતો સો જાઓ નવપએસુ લીણમણો।
જહ કહવિ તહ પિચ્છઇ અપ્પાણં તમ્મયં ચેવ॥
એવં ચ ઠિએ અપ્પાણમેવ નવપયં વિયાણંતો।
અપ્પંમિ ચેવ નિચ્ચં લીણમણા હોહ ભો ભવ્વા॥ ભાવાર્થ:
નવપદની સ્તુતિ કરતાં નવપદને વિષે લીન મનવાળા બનેલા શ્રીપાળે સ્વાત્માને તન્મય નવપદમય જોયો.
નવપદની સાથે આત્માને સમાપત્તિ થઈ.
સમાપત્તિનું લક્ષણ 'મણિ તદ્રૂપં સ એવાઽહં।' છે.
નવપદમાં સ્વાત્માનું સ્વરૂપ તથા આત્મામાં નવપદો જણાયા.
નવપદમાં આત્મા અને આત્મામાં નવપદનો અનુભવ થશે.

ધર્મશ્ચિત્તપ્રભવો યતો ક્રિયાદિકરણાશ્રયં કાર્યં।
મલવિગમેનૈતત્ ખલુ પુષ્ટ્યાદિમદેષ વિજ્ઞેય: ॥૧॥
રાગાદયો મલા: ખલુ આગમસદ્યોગતો વિગમ એષાં।
તદયં ક્રિયાઽત એવ હિ પુષ્ટિશુદ્ધિશ્ચ ચિત્તસ્ય ॥૨॥
પુષ્ટિ: પુણ્યોપચય: શુદ્ધિ: પાપક્ષયેણ નિર્મલતા।
અનુબંધિનિ દ્વયેઽસ્મિન્ ક્રમેણ મુક્તિ: પરા જ્ઞેયા ॥૩॥

(પરિશિષ્ટ-૩)

o

*Anticipation is sweeter than realisation.*

o તર્કથી તકરાર અને અહંકારથી અંતરાય થાય છે.

o તપનું અજીર્ણ ક્રોધ તથા જ્ઞાનનું અજીર્ણ અહંકાર છે.

o ગર્વરહિત આત્મા ગૌરવને પાત્ર બને છે.

o દુઃખને સહજતા સહો, કેમકે
તે સહજતાથી કરેલા પાપનું ફળ છે.

સુખને બધામાં વહેંચો કેમકે તે પુણ્યનું ફળ છે અને એ શુભ કર્મબંધ - પુણ્ય કરવામાં બધાનો ય ફાળો છે.

o અનિષ્ટ આવે ત્યારે ઇષ્ટને યાદ કરવો.

o ધર્મનું મૂળ વિનય અને વિનયનું મૂળ મર્યાદા છે.

ભૂખ્યાને ભોજન, દુઃખીને દિલાસો, હારેલાને હિંમત આપો.

જેટલું દિલ ચોખ્ખું, તેટલા દોષ ખૂંચે, જેમ આંખમાં કણું.

o ભૂલથી પાપમાં પડે તે માનવ,
પશ્ચાત્તાપ કરે તે દેવ અને આનંદ માને તે દાનવ.

ભૂલ થવી તે સ્વાભાવિક છે, પણ
થયેલી ભૂલનું પ્રાયશ્ચિત ન કરવું તે અસ્વાભાવિક છે.

o ઇચ્છા એ માનસિક ક્ષુધા, જિજ્ઞાસા એ તત્ત્વની ભૂખ અને પંચ પરમેષ્ઠિને નમસ્કાર એ ધર્મની ભૂખ છે.

ધર્મ = સમતા, સમભાવ, શાંતિ.

અધર્મ = રાગ, દ્વેષ, ક્રોધ, લોભ, મોહ, મમતા, અહંભાવ.

o કેળવણી તે છે કે જેથી ઉત્તરોત્તર લઘુતા ગુણ વધે.

o વસ્તુની ચિંતા ચાંદી જેટલી, તો
મૌન - અશબ્દ રહેવાની ચિંતા સોના જેટલી.

o ચારિત્ર એ જ મહાપુરુષની આંટ છે.

o મહાન બનવું હોય તો નાના બનતા શીખો.

o દાતાર ભિક્ષુકોને પુણ્યના દરવાજા માને.

o 'ભક્તિ' એટલે એકતાનો અનુભવ. જો હાથને જોડીને માથું નમાવવાથી - 'નમો' પદના અર્થનું ભાવનાસહિત ઉચ્ચારણ કરવાથી જીવો સાથે એકતાનો અનુભવ થાય છે. એકતાના અનુભવ બાદ પ્રીતિ રહે - આસક્તિ ન રહે,
તૃપ્તિ રહે પણ કીર્તિની અભિલાષા ન રહે,
ક્ષુધા જાગે પણ સ્વાદવૃત્તિ મરી જાય.

o જીવમાત્ર ક્ષાયિકભાવની અપેક્ષાએ પૂર્ણ,
ઔદયિકભાવની અપેક્ષાએ શૂન્ય અને
ક્ષયોપશમભાવની અપેક્ષાએ ન્યૂન કહી શકાય.
એ દૃષ્ટિએ પ્રત્યેક જીવને
પૂર્ણ, શૂન્ય અને એક માનીને ભાવના કરી શકાય.

o શ્રદ્ધાનો રંગ આથમશે તો સંશયનો રંગ આરંભાશે.
ઈશ્વરની દયા હોય, એને જ પોતાના સર્વ દોષ દેખાય.

0 'असंविभागी न हु तस्स मुक्खो ।'

અર્થ: જે કોઈને વહેંચતો નથી, તેનો મોક્ષ થતો નથી.

0 જે સમગ્ર જીવનને ધબકતું કરનારું ચેતનતત્ત્વ છે,
તે કેવળ આનંદરૂપ જ છે અને
તે તત્ત્વ આનંદની આશાએ જ જીવે છે.

0 પ્રતિપક્ષ ભાવના કરતાં પણ
અભાવના વધુ પરિણામકારક છે.

અન્યનો આભાર ન માનવામાં પણ દોષ કારણભૂત છે.

0 બુદ્ધિ અને હૃદય, જ્ઞાન અને પ્રેમ, વિજ્ઞાન અને ધર્મનું મિલન જ મનુષ્યને પૂર્ણસ્વાસ્થ્ય અર્પી શકે છે.

0 મમ સત્યમ્ । 'મારું સાચું છે' એ ક્ષુદ્રની ભાષા છે, જ્યારે મમાઽપિ સત્યમ્, તવાઽપિ સત્યમ્ । 'મારું સાચું છે અને તારું પણ સાચું છે' એ સમન્વયની ભાષા છે, જેમાં અનાગ્રહિતા, મધ્યસ્થ સૌમ્યદૃષ્ટિતા, સત્ય શોધકતા વગેરે જેવા અનેક આત્મઉદ્ધારક સદ્ગુણો પોષાય છે.

0 'નિર્ગ્રન્થ' શબ્દ પરિગ્રહમાત્રના અભાવને સૂચવે છે.
અહીં સમજવું જોઈએ કે:
પુસ્તક અને તેથી મળતું જ્ઞાન એ પણ એક પ્રકારની ગ્રન્થી છે, ઉપરની ભૂમિકામાં નિર્ગ્રન્થતાને બાધક છે.

० मनसि वचसि काये पुण्यपीयूषपूर्णा
स्त्रिभुवनमुपकारश्रेणिभिः प्रीणयन्तः ।
परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यं
निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ॥१॥

સદ્ગુરુ: મન-વચન-કાયામાં પુણ્યરૂપી અમૃતથી ભરેલા ઉપકારો વડે ત્રણે ભુવનને ખુશ કરતા, બીજાના અણુ જેટલા ગુણોને પણ પર્વત જેટલા માનીને હંમેશા પોતાના હૃદયમાં ખુશ થતાં સજ્જનો કેટલા છે?
(સદ્ગુરુ આવા સજ્જનો બહુ અલ્પ હોય છે.)

० नमः श्री वर्धमानाय स्पर्धमानाय कर्मणा ।
सर्वानुयोगवृद्धेभ्यो वाग्देव्यै सर्वविदस्तथा ॥१॥

સદ્ગુરુ: કર્મની સાથે સ્પર્ધા કરનારા અદ્ભુત વર્ધમાન સ્વામી, બીજા બધા સર્વજ્ઞ ભગવંતો તથા સરસ્વતી માતા અને દ્રવ્ય-ગણિત-કથા-ચરણકરણ-આ સર્વ અનુયોગના જ્ઞાતા વૃદ્ધ ભગવંતોને નમસ્કાર થાઓ.

०

We are under the divine guardianship of an infinitely wise & all loving principle, which we call God or father or mother.

## જયણા, જિનભક્તિ, અનુકંપા

દાન - શીલ - તપ - ભાવમાં ભાવ વિનાના દાનાદિ નિષ્ફળ છે એટલે જયણા, જિનભક્તિ તથા અને અનુકંપાના ભાવ વિનાના દાનાદિ નિષ્ફળ છે.

જયણા, જિનભક્તિ અને અનુકંપાનો ભાવ પ્રગટાવવામાં મુખ્ય આલંબન શ્રી નવપદો છે, કેમકે નવેપદો એ ત્રણે ભાવથી છલોછલ ભરેલા છે અને તે ત્રણે ત્રણ ભાવનાં ફળ રૂપે આત્મપદને વરેલા છે. જેનામાં જે ભાવ હોય તેનાથી, તે આલંબનથી તે ભાવ સિદ્ધ થાય એ આ સંસારનો મૂળ સનાતન નિયમ છે. દાનની પાછળ અનુકંપાનો, શીલની પાછળ જયણાનો અને તપની પાછળ જિનભક્તિનો ભાવ ભરેલો છે. આમ જોતાં એ ત્રણેની પાછળ ત્રણે ભાવ એક સાથે રહેલા છે, તેથી તે ત્રણે ત્રણ ભાવ મુક્તિહેતુક બને છે.

૦ પરમ તત્ત્વની જિજ્ઞાસા અનેકાનેક જન્મોના સત્કર્મોની અપેક્ષા રાખે છે, તે આપણને સ્પષ્ટ જણાવે છે કે જેને આ જન્મમાં ભગવત્પ્રાપ્તિની ઉત્કટ કામના છે તથા ચિત્તમાં મહાન વ્યાકુળતા છે, તે કેવળ આ જન્મનો જ સત્કર્મો નહિ પણ આગલા જન્મોમાં પણ તેનો સત્કર્મ-વિષયક પ્રયત્ન ચાલી રહ્યો છે, એમ જરૂર માનવું જોઈએ.

સ્થિતિપદના ઉપાયો ઈશ્વર પ્રણિધાનાદિ રૂપ છે.

ઈશ્વર પ્રણિધાનનો ઉપાય જિન પ્રસાદ છે.

તેનું અનન્ય સાધન મૈત્રી આદિ છે. મૈત્ર્યાદિ ૪ ભાવો આવી રીતે સ્થિતિપદના ઉપાયોના પણ ઉપાયરૂપ છે. આ નવકારનું ધ્યાન પાપોમાંથી મુક્ત કરે છે, સર્વ મંગળને અને ભવના કારણરૂપ ત્રાસજનક સંસ્કારો નષ્ટ કરીને સૌમ્ય રીતે સુખપૂર્વક મુક્તિ આપે છે. તેની પાછળ પણ હેતુ મૈત્ર્યાદિ ૪ સ્વરૂપ પરમેષ્ઠિ પંચકનું યોગાત્મક સ્વરૂપ છે. બીજી રીતે જોઈએ તો પરમાત્માનું તે સાક્ષાત્ સુંદર અક્ષરાત્મક સ્વરૂપ છે. કહ્યું છે: જે એગં જાણે સે બહું જાણે | - <u>આચારાંગ સૂત્ર</u> અર્થ પણ કરી શકાય કે 'નમો' એ અંતરંગ શત્રુઓને નમાવનાર પરમાત્માનું અક્ષરસ્વરૂપ જ છે. પરમાત્માનું ધ્યાન અંતરંગ શત્રુને નમાવનાર છે. તે ધ્યાન કરનારના કામવિકારો શમી જાય, એ સ્વાભાવિક જ વસ્તુ છે. સાધક ગુરુની ઉપાસનાએ ત્યારે જ પહોંચેલો ગણાય કે જ્યારે એના ધ્યાનાદિથી ભાવમાં પણ ગુરુ પ્રગટે અને વિરોધી વિકલ્પો શમી જાય. એ દૃષ્ટિએ ઉપનિષદનું વાક્ય નમસ્તેઽસ્મૈ ભગવાનઃ | પણ બરાબર લાગે છે.

વળી નમસ્કારના અર્થમાં પરમાત્મા પણ છે, તે જોતાં
'નમો' = નમસ્કાર સ્વરૂપ પરમાત્મા,
'નમો' પદથી ઉપાસક બને, એ વાત પણ યથાર્થ છે.
'નમો' પદ વાચક એવા પાંચે પરમેષ્ઠિ જ સાધકના
જીવનમાં રક્ષણ, શરણ અને શાંતિ આપી શકે એમ
છે, એનો જેમ-જેમ અનુભવ થતો જાય, તેમ-તેમ
સાધકમાં રૂચિ, પ્રતીતિ અને બહુમાન વધતાં જાય છે.

## પ્રસન્નતાનું માહાત્મ્ય

પ્રસન્નતા = જેમાં એક બદામ પણ ન બેસે એવું દાન.
છતાં બીજું એવું એક પણ દાન નથી, જે તેના દાતાને
એના જેવું ફળ આપે. જેના-તેના પ્રતિ નિરંતર પ્રસન્ન
દૃષ્ટિથી જોવું, તે આખા બ્રહ્માંડ પ્રતિ સન્માનનું દાન છે.
પ્રત્યેક પ્રસન્નતા સંપત્તિને ઉત્પન્ન કરનાર છે અર્થાત્
પ્રસન્નતા એ તો સંપત્તિની પૂર્વે દોડનાર ઘોડેસ્વાર કે
સંપત્તિની પ્રશંસાર્થે બિરૂદાવલિ બોલનાર છડીદાર છે.

## 3 શક્તિનું સ્વરૂપ

ચેતના શક્તિ એ સર્જનશક્તિ છે.
ચેતના, ભાવના તથા ઇચ્છા - ત્રણે અવિભક્ત છે.
આખા વિશ્વમાં મનની સત્તા જ સર્વોપરિ રીતે વર્તે છે.

પોતાને નુકસાન કર્યા વિના ક્યારેય બીજા કોઈને પણ શારીરિક, માનસિક કે નૈતિક હાનિ કરી શકાતી જ નથી.

જે વસ્તુની ઉપર આપણો સૌથી અધિક પ્રેમ હોય છે, તેનું જ આપણે સૌથી અધિક ચિન્તન કરીએ છીએ.

કોઈપણ વસ્તુમાં રહેલા વાસ્તવિક તત્ત્વનો એટલા ઊંડા ઉતરાઈને વિચાર કરાય કે તેના તત્ત્વનું આપણને ભાન થાય અને તો પછી તે વસ્તુ ઉપર એ પ્રેમ થાય જ.

o કામ એ વાતવર્ધક છે, જેનું ઔષધ ચારિત્ર છે.
ક્રોધ એ પિત્તવર્ધક છે, જેનું ઔષધ દર્શન કહ્યું છે.
લોભ એ કફવર્ધક છે, જેનું ઔષધ જ્ઞાન કહ્યું છે.

o 'મનોનિગ્રહ' એટલે માનસિક શક્તિઓનો સંગ્રહ.
વર્તનનું બંધન મનને મુક્ત કરાવે છે.

o સદ્ગુણનું બીજું નામ નમ્રતા. તેની ઉંચાઈ અમાપ છે.
નમ્રતા એટલે ઉગ્રતાનો અભાવ.

બધા સુખની શોધમાં છે, પરંતુ સંતોષ જ સાચું સુખ છે.

o રાગ-દ્વેષથી પર અવસ્થા, તે જ સાચું જ્ઞાન.
તે વિનાનું વિજ્ઞાન નકામું - જીવન બરબાદ કરનારૂં છે.
રાગ-દ્વેષથી પર હોય, તેને તન-મનમાં કોઈ દર્દ થતું નથી.

o

Fear not, only believe.

## મનુષ્યનું ઘડતર

લોઢાનો ટુકડો = ૧ રૂપિયો, ઘોડાની નાળ = ૨॥ રૂપિયા,
લોઢાની સોયો = ૬૦૦ રૂ., ઘડીયાળની કમાનો = ૫૦૦૦૦ રૂ.
અહીં લોઢું તો એકનું એક જ છે, કિન્તુ વસ્તુના ઘડતર મુજબ મૂલ્ય છે. મનુષ્યનું પણ ઘડતર વધે તેમ મૂલ્ય વધે.

## પ્રજ્ઞ અને વિજ્ઞાન

જીવનની બે બાજુઓ: કેન્દ્ર અને પરિધિ.
શાહી, કાગળ અને કલમ તથા બ્રશ, કેન્વાસ અને રંગોનું મિશ્રણ એ વિજ્ઞાન છે, જ્યારે લખવાપણું તથા રેખાઓ દોરવી, તે એક જાતની કલા અથવા ટેક્નીક ઇત્યાદિ છે.
જીવનની કલા આ રીતે અભ્યન્તરમાંથી પ્રગટે છે.
તે માટે જીવનની Technique એ જ આધાર છે.

°

Thus can be learnt & Thus can be taught, this learning & teaching aren't enough. Technique is important & art beyond it. Art springs from you that means Transcendental wisdom. St. Paul says: Dwell in me as I in you. I live, yet not I, but God liveth in me.

## વ્યવહાર - નિશ્ચય

ખેતીની શાસ્ત્રીય પ્રક્રિયા વ્યવહાર કે Technique છે, જ્યારે ફૂલનું આવવું એ નિશ્ચય છે.

સર્વ ધર્મક્રિયા અને આચારો એ વ્યવહાર છે, જ્યારે શુદ્ધાત્મની અનુભૂતિ એ નિશ્ચય છે.

માનવજીવન એ શુદ્ધાત્મની અનુભૂતિ માટે છે, જ્યારે સર્વ વ્યવહાર એ નિશ્ચય અર્થે છે. નિશ્ચય-વ્યવહાર અને દ્રવ્ય-ભાવનો આ સંબંધ સમજતા ધર્મક્રિયાઓના રહસ્યમાં જવું સુગમ બને છે. મન સુધરવાથી પરિધિ આપોઆપ સુધરશે. જગત નથી બગડ્યું, મન બગડ્યું છે. મનને સુધારવાથી જગત પણ સુવ્યવસ્થિત લાગશે.

o पिता नोऽसि, नमस्तेऽस्तु । मंत्र

અર્થ: પિતા રૂપ એવા તમને અમારા નમસ્કાર હો.

आत्मा वै जायते पुत्रः । બંધન

અર્થ: આત્મા એ (પરમાત્માનો) પુત્ર થાય છે.

નાદ પોતે જ બિંદુરૂપમાં પરાવર્તન પામી જાય છે. બિન્દુ એ પ્રકાશસ્વરૂપ હોઈ આત્મા શુદ્ધસ્વરૂપનો સંદેશવાહક બને છે. શુદ્ધ આત્માની સાથે સમાગમ કરાવી તે પ્રભુની સાથે એક - અદ્વૈત થઈ જાય છે.

V.V. Imp.

# નિર્વિચારતાની અનુભૂતિ

મનુષ્ય જેની ખોજ કરે છે, તે બહાર નહિ પણ તેની અંદર છે. એ વસ્તુની ખોજ કરવાની રહેતી નહિ, કારણ તમે એને કદી ખોઈ નહિ કે તમે કદી એને કદી ખોવાના નહિ, કારણકે એ છે, તો જ તમારું આ અસ્તિત્વ છે.

એ એવી ચીજ છે કે જે કદી ખોઈ શકાતી નહિ.

સત્ય એક છે અને એની અનુભૂતિ પણ એક જ છે. એને જાણવા ઈચ્છે, તેણે બધી અનેક ધારણા-કલ્પના છોડી દેવી પડે છે. સત્યની કલ્પના કરવાની હોતી નહિ. ચિત્તમાં જ્યારે કોઈ જ કલ્પના નહિ હોતી, ત્યારે ચિત્ત સત્યમાં હોય છે. સત્યની ખોજમાં જે રીતે અજ્ઞાન વિઘ્નકર છે, તેમ મિથ્યાજ્ઞાન પણ વિઘ્નકર જ છે. પાંડિત્ય, શાસ્ત્રજ્ઞાન, ન જાણવા છતાં 'હું જાણું છું' એવા ચિત્તની દશા - એ સર્વ સત્યાનુભવમાં બાધાકર નિવડે. એટલા માટે સત્યની ખોજ કરનારાઓએ સૌ બાધામાંથી મુક્ત થવાની પ્રથમ જરૂર છે. ધ્યાન પણ ચિત્તની એક અવસ્થા છે. જ્યારે એ અવસ્થાનો અનુભવ થાય છે, ત્યારે ત્યાં જાણવાપણાનો નહિ પણ હોવાપણાનો ભાવ હોય છે. એ એક પ્રકારની નિર્વિચારતાની દશા છે,

તે વિચારશૂન્યતાની સ્થિતિ છે,
જ્યાં સમ્યગ્દર્શનની સ્થિતિનો પ્રારંભ થાય છે અને
જ્યાં આત્મા સાક્ષીભાવે રહીને સંસારને નિહાળે છે.
રૂપવતી અને પીતળ, કંચન તથા કથીર, રત્ન અને કાચ
તથા એરંડી અને શેલડીમાં બહારથી સમાનતા હોવા
છતાં અંદરની સત્ત્વતાનો ખ્યાલ આપણને સૌને છે જ.

## નીતિમત્તાનું માહાત્મ્ય

સર્વ પ્રાણીઓને પોતાનો આત્મા જ વહાલામાં વહાલો છે
અને સમગ્ર પ્રાણીઓના આત્મા તીર્થંકર પરમાત્મા જ છે.
તેઓની ભાવનાથી સારું ય જગત વ્યાપ્ત છે અને સિદ્ધ
પરમાત્માઓના જ્ઞાન-દર્શનથી સારું ય જગત વ્યાપ્ત છે.
નીતિ = પુણ્ય. પ્રભુને સ્વાધીન રહેવું તે જ નીતિ છે.

મનુષ્યનું મન ત્રિગુણાત્મક છે, તેથી
મનુષ્યના હાથમાં નીતિનું સુકાન કોઈ વિસાળે સોંપાય નહિ.
નીતિનો નિર્ણય પ્રભુ અગર પ્રભુના મનુષ્ય - પછી તે
ભક્ત - સંત કે નિઃસ્વાર્થ હૃદયના સરલ પ્રામાણિક
મનુષ્ય હોય, તે જ નીતિને સાવ સાચી રીતે નક્કી કરે.
નૈતિક વિચાર પોતે નક્કી ન કરી શકે, કેમકે પોતામાં
અહમ્ અને સ્વાર્થ છલોછલ ભરેલા હોય છે. ભૌતિક

શાસકો નીતિને નક્કી ન કરી શકે કારણ કે તેઓને મન સત્તા કોઈ સીધો સંબંધ જ નથી. વિજ્ઞાન શાસ્ત્રના કાર્ય બતાવી શકે પણ તત્ત્વજ્ઞાન શાસ્ત્રનું સ્વરૂપ દેખાડે છે. રાજ્યાધિષ્ઠિત કે સમાજનિષ્ઠ પણ સ્વાર્થ અને વાસના-ગ્રસ્ત માણસો નિષ્ણાત હોય તો પણ નીતિનો નિર્ણય ન કરી શકે, કારણ કે નીતિમત્તા તો ઈશ્વરાધિષ્ઠિત છે.

અર્હં એ આત્માનું ચિંતન છે.

અર્હંનો એક અર્થ 'ન હન્યતે' એવો પણ થાય છે.

અખંડ કર્તવ્ય કર્મ એ જ અખંડ ઈશ્વરજાગૃતિ છે.

0 ઈશ્વરનું સ્મરણ એ મંગલરૂપ છે, જ્યારે ઈશ્વરનું શરણ એ દુઃખના ત્યાગ રૂપ છે.

0 કોષના તમામ શબ્દો ઈશ્વરવાચક છે, કારણ કે નાદમાંથી જ શબ્દમાત્રની ઉત્પત્તિ છે. નાદબ્રહ્મ એ પરબ્રહ્મનો વાચક છે.

0 આત્મા બધા છે, આત્મવાન કોઈક વિરલા જ છે.

0 વૈરાગ્યની દૃઢતા એટલે વિવેકયુક્તતા.

0 કમલ એ અલિપ્તતાનું સુંદર પ્રતીક છે.

0 પ્રાપ્તિ કરતાં પ્રયત્નનો આનંદ વિશેષ છે.

0 ધર્મ વૈયક્તિક છે, માટે જ અનિવાર્ય છે.

o મનુષ્યના દેહમાં મોક્ષની શક્યતા છે, સંશય નહિ.

o 'ઉપાસના' એટલે ઈશ્વરની નજીક બેસવું અર્થાત્ જ્યાં બેઠા હોઈએ, ત્યાં ઈશ્વરના પ્રણિધાનને લાવવું.

o ભક્તિમાર્ગનો બીજમંત્ર છે: પ્રભુ પ્રિય-પ્રેમમય છે.

o 'નિગ્રહ' એટલે શક્તિઓનો સંગ્રહ.

o રાધા એ નિષ્કામ આરાધનાનું પ્રતીક છે.

o ત્યાગ કરતાં દૃષ્ટિ શ્રેષ્ઠ છે.

વર્તનમાં બંધન સ્વીકારવાથી જ મન મુક્ત રહી શકે છે.

o નમ્રતાની ઊંચાઈનું માપ નથી.

o સંધ્યાની પ્રાર્થના એટલે અંતકાળનું સ્મરણ.

o પ્રવૃત્તિ રજોગુણ છે, જ્યારે અપ્રવૃત્તિ તમોગુણ છે.

o પુણ્યથી પાપનો-અનાસક્તિથી પુણ્યનો નાશ થાય છે. પાપથી પુણ્યનો નાશ-અનુતાપથી પાપનો નાશ થાય છે.

o આત્મા એક છે, જ્યારે માયા શૂન્ય છે. એક અને શૂન્યના સંસર્ગથી અસંખ્ય સંસાર ઉત્પન્ન થાય છે.

o પર એટલે અન્ય અને પર એટલે શ્રેષ્ઠ.

o અર્થ એ દાનનું રક્ષણ કરવા કહે છે, જ્યારે ધર્મ એ કર્તવ્ય કરવાને જ દાન કહેવો, અધિક માને છે.

કર્મ એટલે સેવા. ભક્તિ એટલે સેવાભાવ.

<u>શ્રીપાળ અને મયણા</u>

શ્રીપાળરાજામાં માર્ગાનુસારિતા અને સૌજન્ય હતાં. ઉપચાર શુદ્ધિને જીવનમાં જીવનારા હતા. તેનું લક્ષણ:

માતૃવત્પરદારેષુ પરદ્રવ્યેષુ લોષ્ટવત્ ।
આત્મવત્સર્વભૂતેષુ યઃ પશ્યતિ સ પશ્યતિ ॥

મયણામાં શીલ અને સમ્યક્ત્વ હતાં. શીલના પ્રભાવે ઉપચાર તથા સમ્યક્ત્વના પ્રભાવે નિશ્ચય શુદ્ધ હતો. શુદ્ધ નિશ્ચય ધર્મના નિયમની અનુભૂતિથી જ આવે છે. તેનાથી કોમળતા, દાનતા, શાન્તતા આવે. ધર્મના નિયમની અનુભૂતિ મૈત્રી, પ્રમોદ, કારુણ્ય તથા માધ્યસ્થ્યભાવ પ્રગટે

ધર્મ જીવસ્વભાવ સાથે સંબંધ ધરાવે છે, જ્યારે
કર્મ વિભાવ સાથે સંબંધ રાખે છે.

કર્મના ફળનો વિશ્વાસ વિભાવ પર કાબુ અપાવે, ધર્મના ફળનો વિશ્વાસ સ્વભાવને વિકસાવવામાં સહાય કરે છે. ક્રોધાદિ વિભાવ જીવતત્ત્વને પીડાકારક છે. મૈત્ર્યાદિ સ્વભાવ જીવતત્ત્વને સુખ - શાંતિ - સમાધિ આદિને અર્પનારા છે.

મનુષ્ય સાધનસંપન્ન છે, પણ સાધનાસંપન્ન થાય,
તો જ તેના મનુષ્યપણાની સાર્થકતા છે.

સંસારના 3 લિંગ = અહંકાર, આસક્તિ તથા અસત્ય.

## મન અને નમ

મનનો મોક્ષ 'નમ'થી થાય છે,
તેથી મન છે, ત્યાં સુધી 'નમ'ની જરૂર છે.
'મન' એટલે સંસાર, 'નમ' એટલે મોક્ષ.
સ્વચ્છંદથી સંસાર, સ્વચ્છંદના નિરોધથી મોક્ષ.
મન મુજબ ચાલવું તે સ્વચ્છંદ છે.
આજ્ઞા પ્રમાણે વર્તવું તે નમસ્કાર છે.

નમસ્કાર મોક્ષનો હેતુ છે, અહંકાર સંસારનો હેતુ છે.
સ્વચ્છંદમાં એકબાજુ અહંકાર - બીજીબાજુ તિરસ્કાર છે.
નમસ્કારમાં એકબાજુ નમ્રતા - બીજીબાજુ વિનય છે.
નમસ્કાર વડે અહંકારથી મુક્તિ અને તિરસ્કારથી છુટકારો પ્રાપ્ત થાય છે. અહંકારથી મુક્તિ કરાવનાર નમ્રતા તથા તિરસ્કારથી છોડાવનાર વિનય અને નમ્રતાગુણ છે.
નમસ્કાર એ મનના સ્વચ્છંદનો નિરોધ કરાવી, આજ્ઞાના પારતંત્ર્યનો સ્વીકાર કરાવી, પરમ મોક્ષનો હેતુ થાય છે.

## મમ અને સમ

મન એ મમનું કારણ છે અને નમ એ સમનું કારણ છે.
નમથી સમભાવ વધે અને મનથી મમત્વ પુષ્ટ થાય છે.
મન પુષ્ટ થવાથી સમ નાશ પામી મમભાવ વધે છે.

મનને મારવા માટે નમભાવ આવશ્યક છે, કેમકે
નમભાવ એ સમભાવને વિકસાવે છે.
સમભાવ, ઉચ્ચભાવ, ભિન્નભાવ, એકત્વભાવ એક જ છે.
નમભાવથી સમભાવ વધે, ઉચ્ચભાવ વિકસે,
ભિન્નભાવ પેદા થાય તથા અભિન્નભાવ પમાય છે.
સમભાવને વધારવા નમભાવ કેળવવો જોઈએ.
ઉચ્ચભાવને વિકસાવવા માટે સમભાવ વધારવો જોઈએ.
ભિન્નભાવને પેદા કરવા માટે સમભાવ આવશ્યક છે.
એકત્વભાવને પામવા માટે ભિન્નભાવ સહાયક છે.
નમસ્કારભાવથી ઉચ્ચ - ભિન્ન - સમ - સમતા - અભિન્ન
ભાવવાળું આધ્યાત્મિક સાધકને નિત્ય પ્રાપ્ત થાય છે.
મનને આધીન આત્મા તે 'મન' અને
આત્માને આધીન મન તે 'નમ'.
ધર્મની અનુમોદનારૂપ નમસ્કાર એ ભાવધર્મ છે.
ધર્મ એ ભગવાનની આજ્ઞા સાથે બંધાયેલો હોવાથી
નમસ્કારના ભાવ, કૃતજ્ઞતાના ગુણ, છ નિકાયના હિત
તથા આત્મસમર્પણની વૃત્તિ સાથે પણ બંધાયેલો છે.
અહિંસા હૃદયલક્ષી છે, જ્યારે અનેકાંત એ બુદ્ધિલક્ષી છે,
જો કે અહિંસા તથા અનેકાંત બન્ને એકમેકના પૂરક છે.
આ સમજણ જૈન વિચારસરણીના પાયામાં જ રહેલી છે.

## પ્રભુની ભક્તિ કર્મનો નિયમ બદલાવી શકે? ના.

જ્ઞાની હોય કે અજ્ઞાની હોય, દુઃખ કર્મને છોડતું નથી. જ્ઞાનીઓ દુઃખ-સુખને જાણી શકે પણ તેમાં અંશમાત્ર ફેરફાર કરવાની તાકાત પ્રભુની પણ નથી, કેમકે કર્મના અટલ નિયમ ઉપર કેવળ ધર્મના નિયમની સત્તા ચાલે. ધર્મનો નિયમ ભગવંત - પ્રભુભક્તિને આધીન છે.

જે કાર્ય ભગવાનથી ન થાય,
તે ભગવાનની ભક્તિથી થઈ શકે છે.
ભગવાનની ભક્તિથી જે કાર્ય થયું, તેને
'ભગવાનથી જ થયું' એમ માનવું તે
ઉપચારનયનો સિદ્ધાંત છે.

એ દૃષ્ટિએ એમ કહી શકાય કે:

'કર્મના નિયમ ઉપર ભગવાનનું પ્રભુત્વ છે'.

આજ્ઞાના પાલનથી કર્મનો ક્ષય કરી શકાય છે, તેથી કર્મ-ક્ષયમાં પ્રબળ હેતુ ભગવાનની આજ્ઞા છે. તે આજ્ઞાનું કર્તૃત્વ જીવનું છે, પણ સ્વામિત્વ ભગવાનનું જ છે. ભગવાનના સ્વામિત્વથી જ ભગવાનની આજ્ઞા તેનું પાલન કરનારનું હિત કરે છે, તેથી 'ભગવાન વિશ્વનું હિત કરનારા છે' એમ કહેવું યથાર્થ અને ખરે જ સત્ય છે.

0 ઉપદેશને આચારમાં મૂકે તે આચાર્ય.

સાદું ખાય, સાચું બોલે તથા સીધું ચાલે, તે સાધુ.

માત્ર જીભથી નહિ, જીવનથી ઉપદેશ આપે, તે ઉપદેશક.

0 કૃતજ્ઞતા વડે જ માનવતા દીપે છે.

0 સમર્પણ એ ઈન્દ્રથી જ વધુ શક્તિ છે.

0 માન માગવાથી નહિ પણ આપવાથી મળે છે.

પ્રભુ પાસે આપણા કામ કરાવવા માટે માનવ જન્મ નથી
પણ પ્રભુનું કામ કરવા માટે માનવ જન્મ છે.

પ્રભુને પતિતની સેવા કરનાર પતિતપાવન વધુ પ્રિય છે.

0 અનુભૂતિની યાદ એ અનુભૂતિ પામવાની ચાવી છે.

0 ટેક આપનારને ટેક મળે છે.

પિતાના ઘરની ટેક તજનાર કન્યાને
પતિના ઘરનો ટેક મળે છે.

સદ્વિચાર સદાચારમાં ન પરિણમે તો મિથ્યાચાર બને.

0 નીરવ શાંતિથી શ્રવણ કરો તો અવશ્ય સંભળાશે.

## જીવતત્ત્વ અને શિવતત્ત્વ

બીજા પ્રત્યેનો નાનો અપરાધ પણ પોતાના આત્માને પ્રત્યે મોટો અપરાધ છે. બીજા પ્રત્યે કરેલો નાનો ગુણ પણ પોતાના આત્મા માટે મોટા ગુણરૂપ નીવડે છે.

## સન્માનના દાનથી શું થાય?

તેનાથી ચિત્તની પ્રસન્નતા, સ્વચ્છતા, નિર્વિકારતા પ્રગટે. સન્માનના દાનમાં કીંમત કોડીની નથી તથા ફળ કોટિગુણું છે. ગુણીનું સન્માન પ્રમોદ વડે, પાપીનું માધ્યસ્થ્ય વડે, દુઃખીનું દયા વડે અને જીવમાત્રનું સન્માન હિતચિંતા વડે થાય છે. આ ૪ પ્રકારના ભાવમાંથી કોઈપણ એક પ્રકારનો ભાવ તો જ પ્રગટે કે જો તે જીવના જીવત્વ પ્રત્યે સન્માન-આદરબુદ્ધિ હોય. જીવ પછી પોતાનો હોય કે પરનો હોય, સમાન સન્માનને પાત્ર છે, કેમકે જીવનું જીવત્વ એ જ શિવત્વનું પ્રચ્છન્ન સ્વરૂપ છે. શિવત્વ સર્વ કલ્યાણકારક છે, પછી તે પ્રગટ હોય કે પ્રચ્છન્ન હોય. ફરક માત્ર એટલો પડે છે કે પ્રગટ શિવત્વ પ્રમોદનો વિષય બને અને એ જ કારણે પ્રચ્છન્ન શિવત્વ સહાનુભૂતિનો, કરુણા તથા હૃદયની તીવ્ર લાગણીનો વિષય બને છે.

## સુખ-દુઃખ, શત્રુ-મિત્ર

ઉર્ધ્વતા સામાન્યના વિચારવિવેકથી સુખ-દુઃખ ઉપર તથા તિર્યક્ સામાન્યના વિચારવિવેકથી શત્રુ-મિત્ર ઉપર સમભાવ આવે છે. આત્મજ્ઞાન ચિત્તશુદ્ધિ ઉપર તથા ચિત્તની શુદ્ધિ નિરહંતા ઉપર આધાર રાખે છે.

નિરંતર સદ્વિચારનિષ્ઠ તથા સદ્વિચાર નીતિનિષ્ઠ છે. નીતિનો આધાર આત્મૌપમ્યભાવ છે, જે અનુભૂતિનિષ્ઠ છે. સર્વને સર્વના આત્માની પ્રીતિને આધારે જ બધી નીતિઓ ઘડાય છે. નીતિનું ફળ નિરંતરતા છે અને નિરંતરતાનું ફળ ચિત્તશુદ્ધિ અને તેનું ફળ આત્મલાભ છે.

આત્મલાભ એ મોક્ષનો હેતુ છે.

o માતા-પિતાનો ઉપકાર દીક્ષા લેવાથી વળે છે.

દેવ-ગુરુનો ઉપકાર મોક્ષે જવાથી વળે છે.

ઉપકારીના ઉપકારનો પ્રત્યુપકાર કરવા માટે જ દીક્ષા લેવાની છે અને તેનું ફળ સર્વ કર્મથી મુક્તિ છે.

o સંયમ સંવરરૂપ - તપ નિર્જરાસ્વરૂપ છે. સંવર પરભાવ વિરમણરૂપ તથા નિર્જરા સ્વભાવરમણરૂપ છે.

બંને મળીને અહિંસા પૂર્ણ થાય છે.

અહિંસા સર્વ જીવો પ્રત્યે સદ્ભાવરૂપ છે.

અનેકાંત સર્વ સદ્વિચારો પ્રત્યે સમભાવસ્વરૂપ છે.

નિરાશાવાદીને દરેક તકમાં મુસીબતો દેખાય છે, જ્યારે આશાવાદીને દરેક મુસીબતોમાં તકનાં જ દર્શન થાય છે.

બીજાના નાનામાં નાના ઉપકારને કદી ભૂલવો નહિ અને બીજાએ કરેલા મોટામાં મોટા અપકારને કદી ન યાદ કરવો.

o સંસારનું સુખ એ દુઃખનું જ બીજું નામ છે.
લોભને મારવાથી લાભ થાય, કષાયને હણવાથી ઝેર જાય.

વિષયમાં વૈતૃષ્ણ્ય એ વિરાગ અને
આત્મસ્થિતિમાં યત્ન કરવો તે અભ્યાસ કહેવાય છે.
મંત્રજાપને સિદ્ધ કરવા માટે ભાવને શુદ્ધ કરવા અને
ચિત્તને સ્થિર કરવું જોઈએ, કેમકે મનમાં બીજી વસ્તુ
જ્યારે સ્થાન લે ત્યારે મનમોહન ત્યાંથી વિદાય લે.

o પ્રયાસમાં નિષ્ફળતા મળવી એ કાંઈ હાર નથી,
કિન્તુ પ્રયાસ કરવો છોડી દેવો, તે જ સાચી હાર છે.

## અંતર્યામી આત્માનો આવિર્ભાવ

જે અંતર્યામી પ્રાણતત્ત્વને યાને કે પ્રાણ, અપાન, વ્યાન,
સમાન, ઉદાન પાંચેને ચલાવે, તે આત્મા જ બ્રહ્મ છે.
બ્રહ્મ જ સર્વનો અંતર્યામી અને સર્વનો આત્મા છે.
બ્રહ્મ જ સર્વને જુએ છે, સાંભળે છે અને જાણે છે.
તેને બીજા કોઈ સાધનથી જોઈ-જાણી-સાંભળી ન શકાય.
આ શરીરમાં જે ભૂખ-તરસ લાગે છે, તે જ આત્મા
અને તે જ બ્રહ્મ છે. એને જ શોક અને મોહ થાય છે.
આ આત્માને જાણીને એષણાથી પર થઈ જવાય છે.

જડમાત્રને સ્વરૂપાસ્તિત્વની જેમ
સાદૃશ્યાસ્તિત્વ પણ રહેલું છે.

જ્યાં સાક્ષી અભેદની ભાવનાથી સ્નેહભાવ વિકસે છે
અને ભેદની ભાવનાથી સ્નેહરાગ નષ્ટ થાય છે, તેથી
ભેદાભેદવાદ સિદ્ધાંત છે. જેમ એકાંતભેદને ભાવથી
મૈત્ર્યાદિ અને ભક્ત્યાદિ ભાવો વિકસતા નથી તેમ એકાંત
અભેદને ભાવથી મમત્વાદિ અને આસક્ત્યાદિ ભાવો
ટકતા નથી. જૈનાભાસ અને વેદાંતાભાસ તેના દૃષ્ટાંત છે.

°

3 kinds of soul excist: Witness Soul, essential Soul and identical Soul.

3 gateways of surrender

(1) Surrender of desire.

(2) Surrender of opinion.

(3) Surrender of selfishness.

Selfishness is the root-cause of all strife & sufferings, while love is the root-cause of all peace and bliss.

The power of discrimination, desirelessness, tolerance and love are the four steps towards the path of liberation or Salvation.

## થોડા સુવાક્યો

o આત્મદર્શન આ દેહમાં - પરમાત્મદર્શન વિદેહમાં થાય.

o એકાગ્રતાના વિરોધી ઉગ્રતા અને વ્યગ્રતા છે.
એકાગ્રતામાં આનંદ છે, વ્યગ્રતામાં આનંદનો નાશ છે.

o સ્નેહભાવ ત્યાગવું છે, સ્નેહરાગ એ માંગવું છે.

ક્ષમા = મા, દયા = બ્હેન, વાત્સલ્ય = બાપ, પ્રેમ = ભાઈ.

સારા વિચાર પિતા આપે - સારા આચાર માતા શીખવે.

સારા આચાર તથા વિચાર એ
મા અને બાપની બેઉ પાળનાર અને પોષનાર છે.

o બહૂનાં જન્મનામન્તે જ્ઞાનવાન્ માં પ્રપદ્યતે। અર્થાત્:
જ્ઞાની ઘણા જન્મો પછી મને (ભગવાનને) પામે છે.

दूरात्सुदूरे अन्तिकात् तद् अन्तिके च। અર્થાત્:
દૂર માને તેનાથી પ્રભુ દૂર - નજીક માને તેને નજીક છે.

भक्तिः परेशानुभवो विरक्तिरन्यत्र चैष त्रिकएककालः।
प्रपद्यमानस्य यथाश्नतः स्युःतुष्टिश्च पुष्टिश्च क्षुदपायनाशम् ॥

અર્થાત્: જેમ રીતે ભોજન કરનારને સંતોષ,
પોષણ અને ભૂખનું શમન ત્રણે એકી સાથે થાય છે,
એવી રીતે ભક્તિ, પરમાત્માનો અનુભવ તથા વિરક્તિ
આ ત્રણે એક જ કાળે સાથે જ થનારા છે.

## આનંદ અને પ્રેમ

જ્યાં પોતે છે, ત્યાં સર્વ છે.

પછી જ્યાં મૃત્યુ હોય, ત્યાં અમૃત પ્રગટે છે.

અંદર આનંદ પ્રગટે છે ત્યારે બહાર પ્રેમ પ્રગટે છે.

અહંની ક્ષીણતામાં પ્રેમનો વિકાસ છે.

અહંની શૂન્યતામાં પ્રેમની પૂર્ણતા છે.

આનંદ અને પ્રેમ એક જ સિક્કાની બે બાજુઓ છે.
એક વિના બીજો રહી શકતો નથી. પ્રેમ છે, ત્યાં ભય નથી.

અહિંસા અભય છે માટે પ્રેમસ્વરૂપ છે.

ભય દુઃખ છે અને દુઃખ નરક છે.

પ્રેમમાં કોઈની સાથે સંબંધ કે બંધન નથી. જ્યાં બંધન છે, ત્યાં પ્રેમ નથી કિન્તુ પ્રેમનો કૃત્રિમ આભાસ જ છે.

પ્રેમ બાંધતો નથી પણ બંધનથી છોડાવે છે.

પ્રેમ શરીરનો નહિ પણ આત્માનો ધર્મ છે.

o અહંકારનું દમન નહિ પણ અવલોકન,
સંઘર્ષ નહિ પણ સંબોધ અહંકારનો નાશ કરે છે.

o જેમ બીજ પોતાને જ ખોઈને વૃક્ષને પ્રાપ્ત કરે છે,
તથા સરિતા પોતાને ખોઈને સાગરને પ્રાપ્ત કરે છે,
તેમ સ્વયંને ખોઈ નાંખવો, તે જ સ્વયંને પામવો છે.

## સ્થવિરાવલિ ગત ગણધર ભગવંતોની સ્તુતિ

પઢમિત્થ ઇંદભૂઇ બીઓ પુણ હોઇ અગ્ગિભૂઇત્તિ ।
તઇઓય વાઉભૂઇ તઓ વિયત્તે સુહમ્મેય ॥૧॥
મંડિયમોરિય પુત્તે અકંપિયં ચ અયલભાયાય ।
મેયજ્જ પહાસેય ગણહરા હુંતિ વીરસ્સ ॥૨॥

(પરિશિષ્ટ-૪)

## અરિહંતોનો - ગણધરોનો ઉપદેશ

0 કાળની કલ્પના માયામાં છે, બ્રહ્મ તો શુદ્ધ-માયાતીત છે.

0 પરિગ્રહનો વિશ્વાસ વસ્તુઓમાં છે, અપરિગ્રહનો સ્વયંમાં છે. સાત્વિક આચરણ અને વિશુદ્ધ ભક્તિથી જ સાધકના અંતઃકરણની શુદ્ધિ થાય છે.

0 મહાપુરુષો પ્રભુ માટે વાસના રાખે છે અને સામાન્ય પુરુષો વાસના માટે પ્રભુ રાખે છે.

0 સાહસિક ઉત્તેજના અને વૈકલ્પિક મક્કમતા મળે છે.

0 પ્રતિક્રમણથી આત્મશોધન, કાયોત્સર્ગથી શલ્યનાશ તથા પચ્ચક્ખાણથી આપણા આત્માની પુષ્ટિ થાય છે.

0 જગત્યાં સન્તિ યે જીવાઃ સ્વસ્વકર્માનુસારિણઃ ।
તે સર્વે વાંછિતં સ્વં સ્વં પ્રાપ્નુવન્તુ સુખં શિવં ॥

શ્રી અર્હન્મહાપૂજને । (પરિશિષ્ટ-૫)

## નામબ્રહ્મ અને નાદબ્રહ્મ

જપ કઈ રીતે શીઘ્ર ફળીભૂત થાય?

વાણી કીર્તન - મન સ્મરણ અને આંખો દર્શન કરે તો.
જપ કરતાં તન્મયતા થતાં સંસારના દુઃખદાવાગ્નિ દૂર થાય.
શબ્દબ્રહ્મના ચિન્તનથી અંતઃકરણની વાસનાઓ શમે છે.

નેત્રની સફળતા એ પ્રભુદર્શનથી છે, તેમ
તમામ ઇંદ્રિયોની સાર્થકતા પ્રભુ આજ્ઞાના પાલનથી છે.
નાદબ્રહ્મ અને નામબ્રહ્મની એકતા થાય, ત્યારે આનંદરસનો
ઉદ્ભવ થાય. નામમાં મનનો લય થવાથી નાદબ્રહ્મ પ્રગટે.
લય, તન્મયતા, એકાગ્રતા - એ સર્વ શબ્દો એકાર્થક છે.

### લય ત્રિપુટી

સેવા - સેવ્ય - સેવક, જ્ઞાતા - જ્ઞેય - જ્ઞાન, દ્રષ્ટા - દ્રશ્ય -
દર્શન, ધ્યાતા - ધ્યેય - ધ્યાન, પૂજા - પૂજ્ય - પૂજક ઇત્યાદિ
ત્રિપુટીની એકતા તે 'લય' છે.

લય વખતે પ્રભુનો જે નાદ સંભળાય છે,
તેને જ શાસ્ત્રોમાં 'નાદબ્રહ્મ' કહેવાયો છે.

o ભોગ અને ભક્તિને વેર છે.

ભોગથી ઇંદ્રિયોનો ક્ષય - ભક્તિથી ઇંદ્રિયોનું પોષણ થાય.

o જે બહુ ગમ ખાય છે, તે પ્રભુને બહુ ગમે છે.

## સદ્ગુરુ સાકારસ્વરૂપ

પૂજ્ય - પૂજક તથા સેવ્ય - સેવક એક બને ત્યારે જ આ પંચ પરમેષ્ઠિ ભગવંતોની યથાર્થ સેવા થઈ શકે.

પરમાત્મા સમાન પવિત્ર થયા વિના પ્રભુપૂજાનો અધિકાર પ્રાપ્ત થઈ શકતો નથી, તેથી જ શાસ્ત્રોમાં અંગન્યાસ, કરન્યાસ આદિ કરવાનો વિધિ છે.

વૈર - વિરોધ દૂર કરવાનો પણ વિધિ છે. તે દૂર ન થાય ત્યાં સુધી ખરી પ્રભુપૂજા થતી નથી. સદ્ગુરુ સાકાર પ્રભુ એટલે ફક્ત પ્રભુની મૂર્તિ જ નહિ પણ અનુભવાતી પ્રત્યેક વ્યક્તિ અને સમષ્ટિ, નિસર્ગ અને સમગ્ર સૃષ્ટિ છે. સર્વ શક્તિઓમાં - પદાર્થોમાં પ્રભુનું સદ્ગુરુ, સાકાર સ્વરૂપ ઓછાવત્તા પ્રમાણમાં ચમકી રહ્યું છે, એના દર્શન કરવામાં પ્રભુદર્શનની ઉત્કંઠા તથા ઈશ મિલનની આતુરતા હોવા જોઈએ. એવા નયનોથી પ્રભુદર્શનની જે ઝાંખી થાય છે, તે જીવનને રસ અને આનંદથી છલકાવી દે છે. ભગવાનને ખૂબ સેવકો ગમે છે, કેમકે ભગવાન પોતે જ સેવા સ્વભાવવાળા છે.

°

*Emerson says that: It is as easy to be great as to be small for us.*

દુઃખમાં પણ આનંદ જોતાં શીખવું જોઈએ.
આનંદની પ્રાપ્તિમાં નહીં, આનંદની શુદ્ધિમાં વિશેષ છે.
બુદ્ધિ, ઈંદ્રિય, મનની પકડમાંથી જેટલા અંશે મુક્ત થવાય,
તેટલો આનંદ શુદ્ધ થાય, આત્માનો સંપર્ક સધાય છે.
દુઃખ પણ મધુર લાગી શકે, જો તે ઈશસ્પર્શી હોય તો.
પ્રભુના સંપર્કમાં દુઃખ પણ મધુર લાગે છે.
દેહનિષ્ઠાને તોડવા માટે પ્રતિનિષ્ઠા જરૂરી છે.
મનુષ્યમાં આત્મશક્તિ હોવા છતાં તે વાપરતો નથી, તેથી
તે આત્મશૂન્ય છે. આત્મશક્તિના વિશ્વાસમાંથી આત્મ-
નિશ્ચય અને આત્મનિશ્ચયથી આત્મવિજય પ્રાપ્ત થાય.
o પોતાની કમાયેલી લક્ષ્મી એ પુત્રી સ્વરૂપ છે,
પિતાની કમાયેલી લક્ષ્મી એ બ્હેનસ્વરૂપ છે,
પારકાની કમાયેલી લક્ષ્મી એ પરસ્ત્રી સ્વરૂપ છે, તેથી જ
સમજી-વિચારીને તેની સાથે સંબંધ કરવો જોઈએ.

## ભગવાનની ભાષા

ભગવાનની ભાષાને વ્યાકરણ કે લિપિ નથી.
તે ભાષા ભાવની છે, તે ભાષા હૃદયની છે.
તેને શબ્દ કે સ્વરની જરૂર પડતી નથી. પ્રભુના ઘરે
બેસવું સરલ વિશ્વને છોડવું અને સમાધિમાં બેસવું.

વાયુનો સ્પર્શ એ પ્રભુનો સ્પર્શ છે. એમાં આલિંગન
નહિ પણ આત્મીયતા છે. તેનો સ્પર્શ અંદરમાં લેવાય.
વાયુસ્પર્શથી ફૂલોના ફૂલો ચાલ્યા જાય તો ય ખબર
પડતી નથી. પ્રભુના જ્ઞાનનો સ્પર્શ પણ તેવો જ છે.
જ્ઞાન ગોખવાનો અર્થ નથી, અહીં આત્મીયતા જોઈએ.
અહંકારનો ભોગ = મને અનુકૂળ ગમે અને અનુકૂળ ન ગમે.
સુખ = જેણે ગમતું, ન ગમતું સ્વના હાથમાં રાખ્યું નથી તે.
ગમતું - ન ગમતું આપણા નહીં, કિન્તુ કર્મના હાથમાં છે
તથા ભક્તિમાર્ગની દૃષ્ટિએ તે ભગવાનના હાથમાં છે.

પ્રેમથી વિસ્મૃત થાઓ, વ્યવહારથી નહિ કારણકે
વ્યવહારથી વિસ્મૃત થવામાં પીડા છે તથા
પ્રેમથી વિસ્મૃત થવામાં પીડાનું વર્જન છે.

પ્રેમમાં પણ તટસ્થતા રાખો, કેમકે તટસ્થ રહીને
જે જગતને જુએ, તેને જ જોવાની મજા આવે છે.
પ્રેમલક્ષણા ભક્તિનું માહાત્મ્ય શાસ્ત્રોમાં ય ગવાયું છે.
ભક્તિરસ સ્વતંત્ર છે, બાકી નવરસ ભક્તિને પરતંત્ર છે.

ભક્તિ કરીને પ્રભુને મેળવવા છે?
તો માખણ જેવું મન અને સાગર જેવી વાણી જેની હોય,
તે જ પ્રભુને મેળવી શકે.

## જ્ઞાન - ભક્તિ - કર્મ

સમ્યગ્જ્ઞાન = આત્મામાં અસ્તિત્વનો બોધ.

સમ્યગ્દર્શન = આત્મામાં અસ્તિત્વની અનુભૂતિ.

સમ્યક્ચારિત્ર = અસ્તિત્વનો બોધ અને અનુભૂતિના પાયા પર સતત સર્વ ભૂતહિતરતતા.

જ્ઞાન-દર્શન-ચારિત્ર એ અનુક્રમે જ્ઞાન - ભક્તિ - કર્મ છે.

જીવનમાં ભોજનની જેટલી નિયમિતતા છે, તેટલી કાળજી જો ભજનની રહે તો કલ્યાણ થઈ જાય.

મનુષ્ય જેટલી કપડાની કાળજી રાખે છે, તેટલી કાળજાની રાખે તો પણ કલ્યાણ થાય.

જેઓ પોતાના સત્કર્મોનાં ફળ ભગવાનને અર્પણ કરે છે, તેમની ટોપલી ભગવાન હંમેશા દિવ્ય રત્નોથી ભરી દે છે તથા જ્ઞાનવિદ્યારૂપી દિવ્ય રત્નો તેને પ્રાપ્ત થાય જ છે.

જીવ પાસે પરમાત્મા સત્કર્મોનાં ફળ માંગે છે.

જેઓ કર્મફળનું સમર્પણ ભગવાનને કરે, તેઓ દિવ્યવિદ્યા, દિવ્યજ્ઞાન, અધ્યાત્મવિદ્યા, આત્મજ્ઞાનના અધિકારી થાય.

મનુષ્યને કોઈની પણ ગુલામી કરવાની જ છે, તો તે વાસનાની કરશે કે પ્રભુની?

મહાપુરુષો પ્રભુ માટે વાસના રાખે છે, જ્યારે કામી પુરુષો વાસના માટે ભગવાનને હૃદયમાં રાખે છે.

જીવન જીવવાની કળા એટલે...

દુનિયામાં બાદબાકીમાંથી સરવાળો અને
સરવાળામાંથી ગુણાકાર કરતાં શીખવું તે.

°

Turning from minus to plus is:

Minus = ઋણાત્મક બાદબાકી.

Plus = ધનાત્મક સરવાળો.

Cosmic Plan = વિશ્વયોજના.

Vacuum = શૂન્ય, પોલાણ.

'વિશ્વમાં બધું જ વ્યવસ્થિત છે'
એ વાત આપણી દુનિયાદારીને ભૂંસી નાખે છે.
વિશ્વયોજનામાં ક્યાંય ભૂલચૂકનું શૂન્ય કે પોલાણ નથી.
ભૂલ માત્ર માનવાની ટેવ છે.

Only human beings have the free will
to accept or reject God will to use
faith-talents positively or
to bury them in the ground.
Only human beings have the alternative
of living within the orbit
of God's love or outside it.

आत्मभूपतिरयं सनातनः पीतमोहमदिराविमोहितः ।
किंकरस्य मनसोऽपि किंकरैः इंद्रियैरहह किंकरी कृतः ॥

સદ્‌વૃત્તિ: શાશ્વત એવો આ આત્મા રૂપી રાજા અરેરે!
ખેદની વાત છે કે મોહરૂપી મદિરા પીવાથી
મોહિત થયેલો સેવક એવા મનના પણ સેવકો એવા
ઇંદ્રિયો રૂપી સેવકો દ્વારા સેવક કરાયો છે.

० वंदामि महाभागं महामुणिं महायसं महावीरं
भागः किल अचिन्त्या शक्तिः ।
अथवा भजसेवायां इति भजनं भागः भक्तिः इत्यर्थः ।
महान् भागोऽस्य इति महाभागःविशेषणम् ।
अथवा महद्भिः इन्द्रादिभिः भागः भजनं सेवा इति ।
-विशे०गा-१०५४

સદ્‌વૃત્તિ: મહાભાગ, મહામુનિ, મહાયશવાળા શ્રી મહાવીર
ભગવાનને હું વંદન કરું છું. 'ભાગ' એટલે અચિન્ત્ય
શક્તિ કે ભક્તિ. 'મહાભાગ' એટલે વિશિષ્ટભક્તિ અથવા
ઘણા ઋદ્ધિવાળા ઇન્દ્રાદિ દ્વારા સેવા ભક્તિ કરાયેલા.

०

It is as easy to be great as to be small. man can find himself and he can see himself as he is.

## ધ્યાનાધિકાર

(૧) જ્ઞાનથી નિશ્ચલતા આવે તથા ચંચલતાનો નાશ થાય.
(૨) દર્શનથી અસંમૂઢતા આવે તથા સંમોહનો નાશ થાય.
(૩) ચારિત્રથી પૂર્વકર્મની નિર્જરા તથા કર્મનો ક્ષય થાય.
(૪) વૈરાગ્યથી આસક્તિ-આશંસા-ભયનો ઉચ્છેદ થાય.
(૫) અભ્યાસથી સદૈવ પ્રત્યયની આવૃત્તિનું સર્જન થાય.
(૬) વૈરાગ્યથી બાહ્ય અર્થની સમગ્ર તૃષ્ણાનો છેદ થાય.
(૭) ભાવનાથી અભ્યાસની અને વૈરાગ્યની વૃદ્ધિ થાય.
(૮) અભ્યાસ અને વૈરાગ્યથી ચિત્તની સ્થિરતા આવે.
(૯) નય ભંગ પ્રમાણ હેતુ ઉદાહરણયુક્ત આજ્ઞા પળાય.
(૧૦) રાગ-દ્વેષ-કષાયાદિ પીડિતની ઐહિક કામનાનો નાશ.
(૧૧) શુભ-અશુભ કર્મના વિપાકોનું ચિન્તન વિશેષ થાય.
(૧૨) પ્રભુએ આપેલ ત્રિપદી : ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય તથા નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ વડે લોકનું ચિન્તન થાય.
(૧૩) જીવના લક્ષણ રૂપે પોતે જ પોતાના કર્મનો કર્તા, ભોક્તા, અમૂર્ત, અવ્યય, ઉપયોગ લક્ષણની સમજ આવે.
(૧૪) આ સંસારસાગર કેવો છે, એ માટે ઉપમાઓ છેઃ મોહરૂપી આવર્ત, કામરૂપી વડવાનલ, કષાયરૂપી પાતાળ-કળશ, આશારૂપી પવનથી ભરપુર, અસદ્ વિકલ્પો રૂપી

કલ્લોલના સમૂહ, ચિત્તના વિપરિતગમન રૂપે ભરતી-ઓટ, અજ્ઞાનરૂપી દુર્દિન, ભયરૂપી વિદ્યુત્પાત, કદાગ્રહરૂપી કુવાત, વ્યાધિરૂપી મત્સ્ય-કચ્છપ, ચંચળ દોષો રૂપી પર્વતો વડે અતિશય દુર્ગમ તથા વિષયો વડે દુષ્પુર કહેવાયો છે.

(૯૫)ચારિત્રરૂપી નાવ કેવું છે, એ માટે ઉપમાઓ છે: સમ્યક્ત્વરૂપી દૃઢ બંધન, ૧૮૦૦૦ શીલાંગ રૂપી પાટીયા, જ્ઞાનરૂપી નિર્યામક, સંવર અને ગુપ્તિરૂપી નિશ્છિદ્રતા, ઉત્સર્ગ તથા અપવાદયુક્ત આચાર રૂપી મંડપ, સદાશય રૂપી દુર્ધર અસંભ્રમ યોદ્ધા, સદ્યોગ રૂપી કૂપસ્તંભ, અધ્યાત્મ રૂપી શ્વેત શઢ, તપ રૂપી અનુકૂળ પવન, સંવેગ રૂપી વેગ, વૈરાગ્ય રૂપી માર્ગ, સદ્ભાવના રૂપી પેટી, સચ્ચિત્ત રૂપી રત્ન તથા નિર્વાહ રૂપી નગર તરફ લઈ જાય છે ચારિત્રનાવ.

(૯૬)જ્યાં સ્વામી તરીકે મોહ રૂપી ચોર છે, તેનો ત્યાં દુર્બુદ્ધિ રૂપી નાવ, દુર્નીતિ રૂપી નૌ વૃંદારૂઢ શેષ સુભટ, મંત્રી રૂપે મિથ્યાત્વ, ૪ કષાય રૂપી લુંટારા, સ્મર રૂપી તસ્કરી, હાસ્યાદિ ષટ્ ચોરટા તથા અશાતા રૂપી સૈન્ય રહેલ છે.

(૯૭)સમ્યગ્દર્શન રૂપી મંત્રી વડે મિથ્યાત્વનો જય કરવા માટે ધર્મરૂપી મહારાજનું રક્ષામંડપમાં આવવું આવશ્યક છે. તે ઉપરાંત તત્ત્વચિંતાદિ બળિષ્ઠ સજ્જ સુભટો, પ્રશમાદિ

મહાયોદ્ધાઓ વડે કષાયોનો જય, વૈરાગ્ય રૂપી સૈન્ય વડે હાસ્યાદિનો જય, સંતોષ રૂપી સુભટો વડે લોભાદિજય, ધર્મ-શુક્લધ્યાન વડે આર્તરૌદ્રનો જય, ઇંદ્રિયનિગ્રહ વડે અસંયમનો જય, ક્ષયોપશમથી ચક્ષુ દર્શનાવરણાદિનો જય, પુણ્યોદયના પરાક્રમથી અશાતાનો જય થાય છે. ધર્મરાજા વડે દ્વેષ રૂપી ગજેન્દ્ર અને રાગકેસરી સહિત મોહરાજા ઉપર સહેલાઈથી વિજય સંપ્રાપ્ત કરી શકાય છે. વળી ધર્મ મહારાજાના પ્રસાદથી સાધુઓરૂપી વ્યવહારિઓની કૃતાર્થતા અનુભવવામાં જરા પણ મુશ્કેલી નડતી નથી.

(૯૮)જે જીવ મનોજયથી શાન્ત, ઇંદ્રિયજયથી દાન્ત તથા કષાયજયથી ક્ષાન્ત થાય, તે સ્થિતપ્રજ્ઞ આત્મારામ છે.

સિદ્ધનો સ્વભાવ તે સાધકની યોગ્યતા.

આરાધકે રોજ ધ્યાનાંતે અનિત્યત્વાદિ અનુપ્રેક્ષા કરવી.

'અનુપ્રેક્ષા' એ તો ધ્યાન રૂપી શરીરનો પ્રાણ છે.

ધ્યાતાની આગમશ્રદ્ધા, વિનય, સદ્ગુણ સ્તુતિ, શીલ તથા સંયમયુક્ત ઉત્તમ લેશ્યા, - સ્વર્ગની પ્રાપ્તિ કરાવે છે.

(૯૯)ત્રિયોગ યોગ : નાના નયાશ્રિત પૂર્વગત શ્રુત તે વિતર્ક.

અર્થ - શબ્દયોગનો સંક્રમ તે વિચાર.

દ્રવ્ય - ગુણ - પર્યાયમાં ગતિ તે પૃથક્ત્વ.

શુક્લધ્યાન તથા ક્ષમા-માર્દવ-આર્જવથી મુક્તિ મળે.

## આત્માની મુક્તિ અર્થે

આજ્ઞાને વિષે મનનું ઘડતર કરવું.

## સૂક્ષ્મ ક્રિયાનિવૃત્તિ માટે

મનોયોગ, વાગ્યોગ બાદ કાયયોગ નિરોધનો યત્ન કરવો.

## વિચ્છિન્ન ક્રિયાનિવૃત્તિ માટે

અયોગાયોગાએ શૈલવત્ નિષ્પ્રકંપ રહેવું.

## શુક્લ વિશ્રાંતિ સમયે

આસ્રવનો અપાય, સંસારનો અનુભાવ, અર્થોનો વિપરિણામ તથા ભવપરંપરાનું ચિન્તન-ભાવના કરવી.

પહેલાં બેમાં શુક્લ લેશ્યા, ત્રીજામાં પરમ શુક્લ લેશ્યા અને સાધક દ્વારા છેલ્લામાં અલેશ્યવાન થવાય છે.

લિંગ - અવધ, અસંમોહ, વિવેક, વ્યુત્સર્ગ.

અવધથી ઉપસર્ગોમાં અકંપતા, નિર્ભયતા આવે.

વિવેકથી આત્માની સર્વથી ભિન્નતા સમજાય.

અસંમોહથી અમૂઢતા અને વ્યુત્સર્ગથી અસંગતા આવે.

(૨૦)કર્મોદય કૃત હોઈ પુણ્યનું ફળ પણ દુઃખ જ છે.

દુઃખના પ્રતિકારમાં સુખની બુદ્ધિ થાય, પરિણામ દુઃખ છે.

જળો અને ખાજ કે ઘેટાના દૃષ્ટાંતે તે તાપ દુઃખ છે.

અરતિ અને ઔત્સુક્યના કારણે સુખાનુભવ કાળે પણ પ્રતિબંધ ઉપર દ્વેષનો તાપ લાગે છે.

સંસ્કાર એ દુઃખ છે. એક સંબંધ અન્ય સંબંધ ઉપર ભાર બને છે. સુખ-દુઃખ-મોહ, દુઃખની જાતિ જ છે. ક્રોધીત નાગની ફેણના આભોગની જેમ તે પણ ભોગ છે.

કર્મનો નિયમ કઠોર તથા ક્રૂર છે,
તેમાં ક્ષમાને કે લાગવગશાહીને સ્થાન નથી.
ધર્મનો નિયમ કોમળ, દયાપ્રધાન તથા અનુગ્રહકારક છે.
પાપકર્મની ગર્હા કરવાથી દયા મળે છે.
ધર્મકર્મની અનુમોદના કરવાથી અનુગ્રહ પ્રાપ્ત થાય છે.

(૨૧) જ્ઞાન એ પ્રભા કે કાંતિ છે, દર્શન એ નિર્મળતા છે,
ચારિત્ર એ આત્મરત્નની શક્તિ છે.

चैतन्ये - परसामान्यात् सर्वेषामेकतात्मनाम् ।
निश्चिता कर्मजनितो भेदः पुनरुपप्लवः ॥१॥
यथाऽनुभूयते ह्येकं स्वरूपास्तित्वमन्वयात् ।
सादृश्यास्तित्वमप्येकमविरुद्धं तथात्मनाम् ॥२॥
सदसद्वादपिशुनात् संगोप्य व्यवहारतः ।
दर्शयत्येकतारत्नं सतां शुद्धनयः सुहृत् ॥३॥

(પરિશિષ્ટ-૬)

(૨૨) સંસાર અશુભ છે અને ધર્મ શુભ તથા શુદ્ધ છે. સંસારના સુખ ઇંદ્રજાળ સમાન અથવા તો સ્વપ્નતુલ્ય અનિત્ય અને અસહાય છે.

એ ભાવનાનો વિચાર તત્ત્વજ્ઞાન ગર્ભિત છે કે : સંસાર એ ભાડાનું ઘર, મુસાફરખાનું, કારાવાસ કે અશુચિગૃહ છે. જેમજેમ કર્મ અને ધર્મનું તત્ત્વજ્ઞાન જીવનમાં પરિણામ પામતું જાય છે, તેમતેમ સંસારનું નગ્ન સ્વરૂપ તેની સમક્ષ પ્રગટ થતું જાય છે. ધર્મતત્ત્વ એ શુભાશ્રવ, સંવર નિર્જરાસ્વરૂપ તથા સમ્યગ્‌દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ છે. સમ્યગ્જ્ઞાનથી લોકાલોકનું યથાસ્થિત સ્વરૂપ જણાય છે, સમ્યગ્દર્શનથી દેવ-ગુરુ-ધર્મનો મહિમા સમજાય છે. સમ્યક્‌ચારિત્ર દશવિધ યતિધર્મના પાલનરૂપ છે અને યતિધર્મના પાલનપ્રભાવે સમગ્ર વિશ્વ નિયમમાં રહે છે. લોકસ્વરૂપ ભાવના, ધર્મદુર્લભ ભાવના અને ધર્મની માહાત્મ્યની ભાવનાથી જ્ઞાન-દર્શન-ચારિત્ર વિશુદ્ધ બને તથા શુભાશ્રવ, સંવર અને નિર્જરાની વૃદ્ધિ થાય છે.

'ૐ શાન્તિઃ ।'

°

*To forget is human,*
*To forgive is divine.*
*To the good, I would be good.*
*To the nongood, I would also be good,*
*in order to make them good.*

દ્રવ્યથી અભેદનું - પર્યાયથી ભેદનું, જાતિથી અભેદનું -
વ્યક્તિથી ભેદનું તથા નામ વડે અભેદનું - આકૃતિથી ભેદનું
ગ્રહણ થવું હોવાનું શાસ્ત્ર કહે છે. નામ અને આકૃતિ
મળીને ભેદાભેદાત્મક વસ્તુનો પૂર્ણ બોધ કરાવે છે,
તેથી નામનું સ્મરણ અને રૂપનું દર્શન ઉભય ઉપકારક છે.

## નિષ્ઠા અને ભક્તિ

સાધ્ય તરફની નિષ્ઠા તે 'ભક્તિ' કહેવાય છે.
સાધન તરફની ભક્તિ તે 'નિષ્ઠા' કહેવાય છે.
નિષ્ઠા સાધનનિષ્ઠ છે. ભક્તિ સાધ્યનિષ્ઠ છે.

ભક્તિમાં આરાધ્યની પ્રધાનતા છે, નિષ્ઠામાં આરાધકની
મુખ્યતા છે. શ્રદ્ધા એ નિષ્ઠાનો પર્યાયવાચી શબ્દ છે.

आराध्यत्वेन ज्ञानं भक्तिः ।

ભક્તિ એક પ્રકારનું જ્ઞાન છે,
જેમાં આરાધ્યતત્ત્વની વિશેષતાનું ગ્રહણ થાય છે.

'इदमित्थमेव ।' 'अयमेव परमार्थः ।'

'આ આમ જ છે. આ જ પરમાર્થ છે.' એ પ્રકારના જ્ઞાનને
'શ્રદ્ધા' કહેવાય અને તેમાં આરાધકની નિષ્ઠા વખણાય છે.
શ્રદ્ધા અને ભક્તિ બંને આરાધકમાં હોવા જરૂરી છે,
છતાં બંનેમાં જે તફાવત છે, તે એના જ્ઞાનમાં જ છે.

શ્રદ્ધાળુનું જ્ઞાન સાધનમાં નિષ્ઠા પેદા કરે છે, જ્યારે
ભક્તિમાનનું જ્ઞાન સાધ્યમાં નિષ્ઠા પેદા કરે છે.
સાધ્યની શ્રેષ્ઠતાનું જ્ઞાન ભક્તિવર્ધક બને છે અને
સાધનની શ્રેષ્ઠતાનું જ્ઞાન શ્રદ્ધાવર્ધક બને છે.
સાધ્યમાં નિષ્ઠા હોવી તે ભક્તિ છે તથા
સાધનમાં ભક્તિ રાખવી તે નિષ્ઠા છે અર્થાત્ શ્રદ્ધા છે.
શ્રદ્ધા તથા ભક્તિ એકત્ર મળે ત્યારે કાર્યની સિદ્ધિ થાય છે.
ભગવાનનો પ્રભાવ ચિન્તવવાથી ભક્તિ જાગે છે અને
ભક્તિનો પ્રભાવ ચિન્તવવાથી શ્રદ્ધા જાગે છે. આજ્ઞાનું
આરાધન શ્રદ્ધા અને ભક્તિ ઉભયની અપેક્ષા રાખે છે.
આજ્ઞાકારક પ્રત્યે શ્રદ્ધા તે ભક્તિ છે અને
આજ્ઞાપાલન પ્રત્યે નિષ્ઠા તે શ્રદ્ધા છે.
'પ્રયત્ન વિના મુક્તિ નહિ' તે શ્રદ્ધાનું વચન છે.
'કૃપા વિના મુક્તિ નહિ' તે ભક્તિનું વચન છે.
ભક્તિમાં પ્રભુના સામર્થ્યની પ્રતીતિ છે
અને શ્રદ્ધામાં ભક્તના સામર્થ્યનું ભાન છે.
ભક્તનું સામર્થ્ય પ્રયત્નની એકનિષ્ઠતામાં રહેલું છે.
પ્રભુનું સામર્થ્ય તેમની અચિન્ત્ય શક્તિમત્તામાં રહેલું છે.
તેવું સામર્થ્ય ન હોય તો ભક્તનો પ્રયત્ન નિષ્ફળ જાય.
ભક્તનો પ્રયત્ન ન હોય તો તે સામર્થ્ય ફળદાયી ન થાય.

## શ્રદ્ધાનું સ્વરૂપ

'પ્રયત્ન ફળદાયી છે' એવી ખાત્રી તે ટેક છે, શ્રદ્ધા છે.
'કૃપા ફળદાયી છે' એવી ખાત્રી તે નેક છે, ભક્તિ છે.
કૃપા એ ભગવાનના સામર્થ્યનો સૂચક શબ્દ છે.
યત્ન એ ભક્તની શ્રદ્ધાનો સૂચક શબ્દ છે.
શ્રદ્ધા અને ભક્તિ બે મળે તો કાર્યની સિદ્ધિ થાય છે.
ભક્તિના પ્રમાણમાં જ શ્રદ્ધા સ્ફુરે છે અને શ્રદ્ધાના પ્રમાણમાં જ ભક્તિ ફળે છે. ચાલ્યા વિના ઇષ્ટ સ્થળે પહોંચાય નહિ એ ચાલનારની શ્રદ્ધા સૂચવે છે અને ઇષ્ટ સ્થળે પહોંચવા માટે ચાલવાની ક્રિયા થાય છે એ ઇષ્ટ સ્થળની ભક્તિ સૂચવે છે. ઇષ્ટ સ્થળમાં ઇષ્ટત્વની બુદ્ધિ ન હોય તો ચાલવાની ક્રિયા થઈ જ કેમ શકે?
ઇષ્ટત્વની બુદ્ધિમાં ઇષ્ટસ્થળની પ્રધાનતા છે.
પ્રધાન ઇષ્ટસ્થળ ભક્તિ પેદા કરાવી ચલન ક્રિયા કરાવે છે.
'ચાલવાની ક્રિયા કર્યા વિના ઇષ્ટસ્થળે પહોંચવું અશક્ય છે'
એ જ્ઞાન, ક્રિયાની મુખ્યતા કરાવે છે.
ક્રિયાનું મૂળ શ્રદ્ધા, શ્રદ્ધાનું મૂળ ભક્તિ,
ભક્તિનું મૂળ (ભગવાનના માહાત્મ્યનું) જ્ઞાન છે અને ભગવાનના માહાત્મ્યનું મૂળ આત્માનું માહાત્મ્ય છે.

આત્મા મહિમાશાળી દ્રવ્ય છે, તેથી જ તેને ઓળખાવનાર પરમાત્મા પ્રત્યે ભક્તિ જાગે છે. એ ભક્તિ ક્રિયા તરફ આદર જગાડે છે અને એ આદર પ્રયત્નમાં પરિણામ પામે છે. 'ક્રિયા વિના ફળ નહિ' એવી શ્રદ્ધા જે જ્ઞાનની અપેક્ષા રાખે છે, તે આત્માનું અથવા આત્માના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન છે અને એ શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન થવાથી પરમાત્માની ભક્તિ જાગે છે.

પરમાત્માના નામસ્મરણથી

શુદ્ધ આત્માનું સ્મરણ થાય અને પરમાત્માની મૂર્તિના દર્શનથી પોતાના આત્માના શુદ્ધ સ્વરૂપનું દર્શન થાય છે. આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રતીતિ કરાવનાર પ્રભુના દર્શન અને સ્મરણ, પ્રભુની મૂર્તિ અને પ્રભુના નામ વડે થાય છે, તેથી તે થવામાં પ્રમુખ અનુગ્રહ પ્રભુનો ગણાય છે. એ અનુગ્રહ કરવાની શક્તિ પ્રભુ સિવાય બીજા કોઈમાં ન હોવાથી ભવ્ય પ્રાણીમાત્રને પ્રભુ સેવ્ય છે, ઉપાસ્ય છે, આરાધ્ય છે અને તેમનું વચન તથા આજ્ઞા શિરસા વંદ્ય-મસ્તકે ચઢાવવા યોગ્ય છે. 'આત્મજ્ઞાન, સત્ક્રિયા અને સત્શ્રદ્ધાદિ પ્રભુના અનુગ્રહ વડે જ ઉત્પન્ન થાય છે' એવો નિર્ણય સર્વ આસ્તિકદૃષ્ટિ જીવોને દૃઢ હોય છે.

## શ્રદ્ધા અને ભક્તિ

એકત્વની થતી અનુભૂતિ અને અદ્વૈતના બોધથી મળતી
મુક્તિનું નામ જ ઈશ્વરીય તત્ત્વની પ્રાપ્તિ છે.

તમારામાં જ રહેલું ઈશ્વરીય તત્ત્વ
તમારી ઓળખાણની રાહ જુએ છે.

સફળ ક્રિયાનું મૂળ શ્રદ્ધા છે, શ્રદ્ધાનું મૂળ જ્ઞાન છે,
સમ્યક્ જ્ઞાનનું મૂળ ભક્તિ છે
અને ભક્તિનું મૂળ પ્રભુ(ની શક્તિ) છે.

ભગવાનની અચિન્ત્ય શક્તિ જ ભક્તિ પેદા કરે છે,
તે ભક્તિ વસ્તુતંત્ર બનીને આત્માનું જ્ઞાન કરાવે છે,
તે આત્મજ્ઞાન જ શ્રદ્ધાનું મૂળ છે.

ક્રિયામાં પ્રેરક હોવાથી શ્રદ્ધા એ પુરુષતંત્ર છે. વળી
ક્રિયાનું મૂળ પણ શ્રદ્ધા હોવાથી શ્રદ્ધા એ પુરુષતંત્ર છે.
શ્રદ્ધાનું મૂળ જ્ઞાન અને જ્ઞાનનું મૂળ ભક્તિ હોવાથી
ભક્તિ એ વસ્તુતંત્ર છે.

આરાધ્યમાં રહેલા આરાધ્યત્વના જ્ઞાનસ્વરૂપ હોવાથી
ભક્તિ એ વસ્તુતંત્ર (objective) છે.
ક્રિયાના ફળમાં વિશ્વાસરૂપ હોવાથી
શ્રદ્ધા એ પુરુષતંત્ર (Subjetive) છે.

પ્રાર્થનામાં શ્રદ્ધા અને ભક્તિ આવશ્યક છે.
પ્રાર્થના એ ક્રિયા નહિ પણ પ્રેમની પરિપૂર્ણતા છે.
કહ્યું છે કે: જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષઃ।
અર્થાત્: જ્ઞાન અને ક્રિયા મળીને મોક્ષનું કારણ થાય છે.
જ્ઞાનની પ્રાપ્તિ ભક્તિની અપેક્ષા રાખે છે અને
ક્રિયાની સિદ્ધિ શ્રદ્ધાની અપેક્ષા રાખે છે.
'ક્રિયા વિના કાર્યસિદ્ધિ નહિ' એ જ્ઞાન છે.
'શ્રદ્ધા અને જ્ઞાન વિના મુક્તિ નહિ'
એ જાતિનું જ્ઞાન 'ભક્તિ' ગણાય છે.
આત્મજ્ઞાન માટે પરમાત્મભક્તિની જરૂર છે અને
આત્મશ્રદ્ધા માટે આજ્ઞાપાલનની જરૂર છે.
'પ્રભુની આજ્ઞાનું મન - વચન - કાયાથી
પાલન કર્યા વિના કોઈની પણ મુક્તિ થઈ નહિ'
એવી શ્રદ્ધા મોક્ષમાર્ગમાં ઉપકારી છે.
'મન - વચન - કાયા વડે પ્રભુની ભક્તિ, ઉપાસના,
સેવા, ધ્યાન અને સ્તુતિ આદિ કર્યા વિના કદી પણ
આત્માનું શુદ્ધ સ્વરૂપ જાણી શકાતું નહિ'
એ જાતિની માન્યતાથી થતી ભક્તિ પણ
આત્માની મુક્તિ માટે અતીવ અનિવાર્ય છે.

# ભક્તિ અને દાન

ભક્તિ એ આદર આપવાની ક્રિયા છે.
દાન એ આદર બનવાની ક્રિયા છે.
આદર આપવામાં પોતાને આનંદ છે, જ્યારે
આદર બનવામાં બીજાને આનંદ છે.
આદર બનવાની અભિલાષા તે
સિદ્ધપદ ભોગવવાની આકાંક્ષા છે.
આદર આપવાની ઇચ્છા તે
સાધકપદ ટકાવી રાખવાની ભાવના છે.
ભક્તને પોતાના હિતની આકાંક્ષા છે.
ભગવાનને પરનું હિત અભિષ્ટ છે.
પરહિતની અભિલાષા પ્રગટ થઈ, તેની સાથે જ
તે જીવ સાધક મટીને સિદ્ધ થવાની પ્રક્રિયામાં જોડાય છે.
પરહિત પ્રત્યે ઉદાસીનતા સિદ્ધત્વ પ્રાપ્તિમાં પ્રતિબંધક છે.
એ ઉદાસીનતા ટળતાં જ સાધક સિદ્ધ બનવા લાગે છે.
સિદ્ધત્વ એ જગદનુગ્રહપ્રવણ છે.
સાધકત્વ એ સ્વહિતરક્ષાપ્રવણ છે.
એક સ્વયં આદર બનવાની પ્રક્રિયા છે અને
બીજું સ્વયં આદર આપવાની પ્રક્રિયા છે.

o મનુષ્ય દેહ એક માટીનો દીવો છે.
તેમાં જે જ્યોતિશિખા છે, તે સદા ઊર્ધ્વજ્વલન કરે છે.
માનવનું શરીર માટી છે, આત્મા એની અંદર રહેલ
જ્યોતિ છે. ઊર્ધ્વગામી શિખાવાળી એ જ્યોતિની જે
ઉપેક્ષા કરે છે, તે માત્ર માટીસ્વરૂપ જ રહી જાય છે
અને એના જીવનમાં ઊર્ધ્વગમન બંધ થઈ જાય છે.
જ્યાં ઊર્ધ્વગમન નહિ, ત્યાં જીવન પણ નહિ.
શરીરમાં મર્ત્ય છે, તેને ભૂલી જે અમૃત છે તેને પિછાણો.
એ પિછાણ સમાન મૂલ્યવાન બીજું કોઈ નહિ.
એ પિછાણ જ પોતાની અંદર રહેલ પશુત્વનું મૃત્યુ કરીને
અંદર રહેલા પરમાત્માને જન્મ આપે છે.
જીવન તે છે, જે જાગીને જુએ છે કે
પોતે જ્યોતિસ્વરૂપ છે અને તેથી અજરઅમર છે.
o બીજાને આપેલ કદી યાદ ન કરવું અને
બીજાનું લીધેલું કદી ન ભૂલવું.
o ટીકાઓનો અસરકારક જવાબ: મૌન તથા મૂક કાર્ય.
o વિચારનો નહિ પણ સદ્ આચારનો વિશ્વાસ કરો.
o ભોગથી રોગ વધે છે, કિન્તુ
યોગથી તો ભોગ અને રોગ બંને જાય છે.

# વૃત્તિ અને પ્રવૃત્તિ

## વિરતિભાવની અપેક્ષાએ

૧૮૦૦૦ શીલાંગમાં વિભાગ નહિ પણ એક સ્વરૂપ જ છે,
ભાવની અપેક્ષાએ તે એક જ છે.

બાહ્યપ્રવૃત્તિની અપેક્ષાએ ભેદ પણ છે, કેમકે અપવાદિક પ્રવૃત્તિ આંતરવિરતિભાવને બાધાપૂર્ણ ન થાય. સર્વ સાવદ્યયોગત્યાગરૂપ વિરતિભાવને અખંડિત રાખવા માટે પ્રવૃત્તિ ઉત્સર્ગ અને અપવાદ- ઉભયરૂપ હોય છે, તેથી તે ઉભયને જાણનાર ગીતાર્થને જ 'સંયમ' કહ્યો છે. ગીતાર્થની નિશ્રાવાળાને સંયમ કહ્યો છે, તેમાં પણ કારણ ગીતાર્થતા છે, કેમકે ગીતાર્થ હોય તે પોતાની નિશ્રાવાળા અગીતાર્થની અશુદ્ધ પ્રવૃત્તિને રોક્યા વિના રહે નહિ. વૃત્તિમાં વિરતિભાવ સમાન હોવા છતાં પ્રવૃત્તિમાં સાવદ્ય ત્યાગ અને કારણે સાવદ્યસેવન પણ હોઈ શકે છે. ભાવવૃદ્ધિ, ભવભય, વિસ્મય, પુલક, પ્રમોદ વગેરે સર્વ અમૃતક્રિયાનાં બાહ્ય લક્ષણો છે. અંતરંગ લક્ષણ તચ્ચિત્ત, તન્મનાદિ છે. 'તત્' એટલે આત્મા અને તેનો ઉપયોગ.

મોક્ષમાં દુઃખનો અને પાપનો અભાવ છે.
મોક્ષમાં પરનો ઉપકાર છે.

Be still and know that I am God.
If thine eye be single,
thy whole body shall be full of light.

:અનુદિત:

સ્થિર થા અને જાણ કે તું જ પ્રભુ છો.
જો તું એક જ ઉદ્દેશ રાખી, તારી સર્વ શક્તિઓને
તે એક જ વસ્તુને સિદ્ધ કરવા પ્રતિ વાળીશ, તો
તારું સમગ્ર શરીર સ્વર્ગના પ્રકાશથી પરિપૂર્ણ થઈ જશે.

0 'ૐ શાન્તિઃ'માં...
'ૐ' પૂરક તથા 'શાન્તિઃ' રેચક છે.
'અહં બ્રહ્માસ્મિ'માં...
'અહં' પૂરક તથા 'બ્રહ્માસ્મિ' રેચક છે.

0 આત્મા માત્ર દ્રવ્યથી પૂર્ણ,
ગુણથી એક તથા પર્યાયથી સમાન છે.
આત્માની દ્રવ્યથી પૂર્ણતા, ગુણથી એકતા અને
પર્યાયથી ઉત્કૃષ્ટતા ભાવવા, તે શ્રુત-સમ્યક્ત્વ સામાયિક છે.
તે પ્રમાણે આંશિક વર્તન તે દેશવિરતિ સામાયિક છે
અને પરિપૂર્ણ વર્તન તે સર્વવિરતિ સામાયિક છે.

# સુખ-દુઃખનું ચિન્તન

સૌને અનુભવ છે કે પરતંત્રતામાં મળતાં સુખ કરતાં
સ્વતંત્રતામાં મળતું દુઃખ શ્રેયસ્કર છે.
સુખથી માત્ર વૃત્તિને એક જાતની અનુકૂળતાનું ભાન થાય છે
પણ દુઃખથી સત્સુખને પ્રગટાવનાર સાચું સાધન થાય છે.
દુઃખનું ચિન્તન એ જીવભાવનું ચિન્તન છે.
સુખનું ચિન્તન એ શિવભાવનું ચિન્તન છે.

દુઃખનું ચિન્તન કરનાર
પોતાના જીવભાવને સ્થિર રાખવાનો પ્રયત્ન કરે છે.

સુખનું ચિન્તન કરનાર
પોતાના શિવત્વને અનુભવવાનો યત્ન કરે છે.

o <u>નોંધ</u> : मूलं बोधिद्रुमस्यैतत् द्वारं पुण्यपुरस्य च ।
पीठं निर्वाणहर्म्यस्य निधानं सर्वसम्पदाम् ॥
गुणानामेकआधारो रत्नानामिव सागरः ।
पात्रं चारित्रवित्तस्य सम्यक्त्वं श्लाघ्यते न कैः ॥
मिथ्यात्वं परमोरोगो मिथ्यात्वं परमः तमः ।
मिथ्यात्वं परमः शत्रुर्मिथ्यात्वं परमं विषं ॥
जन्मन्येकत्र दुःखाय रोगो ध्वान्तं रिपुर्विषम् ।
अपि जन्मसहस्रेषु मिथ्यात्वमचिकित्सितम् ॥

(પરિશિષ્ટ-૭)

## ૧૨ વિચારમોતીઓ

(૧) 'નમો' એ ધર્મનગરમાં પ્રવેશ કરવાનું દ્વાર, ધર્મ રૂપી મહેલનો પાયો, ધર્મરૂપી રત્નોનું નિધાન, ધર્મ રૂપી અમૃતનું ભાજન, ધર્મવૃક્ષનું મૂળ, ધર્મપુરુષનો આધાર છે.

(૨) શાસ્ત્રના યા ધર્મની જિજ્ઞાસાના હેતુ:

- જગમાં દુઃખ ન હોત તો અથવા જગમાં દુઃખ હોત પણ તેનો નાશ શક્ય ન હોત તો શાસ્ત્રવિષયક જિજ્ઞાસા ન હોત.
- દુઃખનો નાશ ધર્મ સિવાય અન્ય ઉપાયોથી શક્ય હોત તો એ જિજ્ઞાસા ન હોત પરંતુ દુઃખ સર્વાનુભવસિદ્ધ છે અને વળી તેનો નાશ પણ શક્ય છે.

તેનો ઐકાન્તિક અને આત્યન્તિક નાશ અન્ય ઉપાયથી નથી.

(3) સર્વાનુભૂત દુઃખના ઐકાન્તિક અને આત્યન્તિક નાશ માટે સાધન તત્ત્વજ્ઞાન છે, જેનું મૂળ સાધન શાસ્ત્ર છે. શાસ્ત્ર પ્રતિપાદિત તત્ત્વોમાં મુખ્ય તો આત્મતત્ત્વ જ છે. આત્માના જ્ઞાનથી જ આત્મગત દુઃખની ઐકાન્તિક રીતે અવશ્ય અને આત્યન્તિક રીતે સમૂલ નિવૃત્તિ થાય છે.

તરતિ શોકમાત્મવિત્ । ન સ પુનરાવર્તતે ।

આત્માને જાણનાર આત્મજ્ઞ શોકને તરી જાય છે અને તે શોક ફરી ફરીને પરત આવતો નથી.

(૪) દુઃખ તો સર્વ જીવોને અનિષ્ટ જ છે.
એનો નાશ ધર્મ સિવાયના સાધનોથી થાય છે તો ખરી
પણ તે નાશ આત્યન્તિક હોતો નથી.
જેમ ભોજનાદિ ભૂખરૂપી દુઃખ જાય છે પણ કામચલાઉ,
પાછું ભૂખનું દુઃખ તો જન્મે જ છે.
વળી કોઈને ભોજનાદિ અજીર્ણાદિ દુઃખ ઉત્પન્ન થાય.
જેને ભૂખનું દુઃખ જાય, તેને પણ ધર્મ કે પુણ્ય જ
સહાયક છે. પુણ્યથી ભોજન મળે - પચે - ભૂખ ભાંગે છે.

(૫) બે પ્રકારનાં સુખ : સાતિશય - નિરતિશય.

તારતમ્ય વિશિષ્ટ સુખ તે સાતિશય સુખ.
તે જ્યાં હોય ત્યાં અલ્પાધિક માત્રાએ દુઃખ પણ હોય જ.
નિરતિશય સુખ માત્ર મોક્ષમાં જ છે, સંસારમાં નહિ.
બધાય મુક્તાત્માઓને સમાન સુખ હોય છે.
બીજાનું સુખ જોઈને જોનારને દુઃખ થવાનો સંભવ જ નથી.
નિરતિશય સુખનાં સાધનોમાં સદોષતાનો સર્વથા અભાવ છે
તેથી અલ્પ પણ પાપજન્ય દુઃખની ત્યાં સંભાવના નથી.

(૬) બીજી રીતે સુખનાં બે પ્રકાર : વિષયજન્ય - મોક્ષજન્ય.

મોક્ષનું સુખ એકાન્તિક, આત્યન્તિક,
નિરતિશય, નિરાબાધ અને સ્વાધીન છે.

વિષયસુખ અનૈકાન્તિક, અનાત્યન્તિક,
સાતિશય, સબાધ અને પરાધીન છે.
એક અવિનાશી અને બાકીનું વિનાશી છે.
એક નિરૂપદ્રવ અને બાકીનું સોપદ્રવ છે.

(૭) પ્રવૃત્તિમાત્રના ૩ હેતુઓ

कृतिसाध्यत्वे सति बलवदनिष्टाजनकत्वे च
सति इष्टसाधनत्वम् विधिलिंगार्थः ।

અર્થ: કૃતિ સાધ્યતાનું જ્ઞાન, ઇષ્ટ સાધનતાનું જ્ઞાન
અને બલવદનિષ્ટાજનકતાનું જ્ઞાન.
ન્યાયદર્શનમાં વિધ્યર્થ ક્રિયા માટે એ જ હકીકત કહી છે.

(૮) આપ્તનું લક્ષણ:

वाक्यार्थविषयकयथार्थज्ञानवान् सन् रागादिवशेनाऽपि
यो नाऽन्यथावादी स आप्तः । तदुक्तं वाक्यं प्रमाणं ।

અર્થ: વાક્યના અર્થ સંબંધી યથાર્થ જ્ઞાનવાળા હોતે
છતે રાગના વશથી પણ જે અન્યથા ન બોલે, તે 'આપ્ત'
કહેવાય છે. આપ્તએ કહેલ વાક્ય પ્રમાણભૂત હોય છે.

(૯) પ્રત્યેક ધર્મક્રિયાનો ઉદ્દેશ - પ્રેરક હોય છે,
તે અરિહંતરૂપ છે તથા પ્રત્યેક ધર્મક્રિયાનું પ્રયોજન
જે અવિનાશીપણાની પ્રાપ્તિ હોય છે, તે સિદ્ધરૂપ છે.

પ્રત્યેક ધર્મક્રિયા સદાચારસ્વરૂપ હોવાથી આચાર્ય સ્વરૂપ છે.
પ્રત્યેક ધર્મક્રિયા શ્રુતજ્ઞાનપૂર્વક હોવાથી ઉપાધ્યાયરૂપ છે.
પ્રત્યેક ધર્મક્રિયામાં જ્ઞાનની સહાય લેવાય છે અથવા
જ્ઞાનને સહાય અપાય છે, તેથી તે ક્રિયાઓ સાધુરૂપ છે.

પ્રત્યેક ધર્મક્રિયાની પાછળ આ પાંચ પરમેષ્ઠિ તત્ત્વ
પાંચ સમવાયની જેમ કાર્ય કરી રહ્યા છે,
તેથી પાંચે પરમેષ્ઠિ સદા પૂજ્ય છે,
કૃતજ્ઞતાપૂર્વક આરાધવા યોગ્ય છે.

(૧૦)સાથે રહેનારે પરસ્પરના હિતની ચિંતા કરવી જોઈએ.
તે ન હોતાં સાધુઓ માટે કર્મબંધના કારણ બનાય છે.
પરસ્પરના હિતની ચિંતાનો અધ્યવસાય હોય તો જ
સાથે રહેનારને કર્મબંધનું કારણ ન બનાય.
જો તે ન હોય તો દૂર રહેનારા કરતાં
સાથે રહેનારા માટે અધિક કર્મબંધનું કારણ બનાય છે.

(૧૧) આચાર્યમાં ઉપાધ્યાયના, ઉપાધ્યાયમાં સાધુના,
સાધુમાં શ્રાવકના, શ્રાવકમાં સમકિતીના,
સમકિતીમાં માર્ગાનુસારિતાના ગુણો પ્રતિમાના ન્યાયે હોવા ઘટે.
શ્રાવક કે સાધુની આગળ આગળની પ્રતિમાઓમાં
પાછળ પાછળની પ્રતિમાઓની ક્રિયા હોવી જોઈએ.

(૧૨) કર્મબંધનું કારણ અવિરતિ અને
કર્મના અનુબંધનું કારણ મિથ્યાત્વ છે.
અવિરતિ, કષાય, પ્રમાદ અને યોગાદિ કર્મ બંધાય છે
પણ મિથ્યાત્વના અભાવે તેનો અનુબંધ પડતો નથી.
મિથ્યાત્વ ભળે તો જ અનુબંધ પડે.

(૧૩) બહુ સુખી - બહુ દુઃખી ધર્મ પામે નહિ તેની ચતુર્ભંગી:

(a) દ્રવ્યાદિ બહુ સુખી - બહુ દુઃખી.

(b) ક્ષેત્રાદિ દેવ અને નારકી.

(c) કાલાદિ પહેલો અને છઠ્ઠો આરો.

(d) ભાવાદિ સુખના બહુરાગી અને દુઃખના બહુદ્વેષી.

(૧૪) કેવલીનું જ્ઞાન સમકાલે સર્વ દ્રવ્ય-પર્યાયને જાણે છે, તેથી તેમાં અર્પિતાનર્પિતતા નથી. છદ્મસ્થનું જ્ઞાન-વચન અર્પિત અને અનર્પિત એ બે મળીને જ શુદ્ધ થાય. 'અર્પિત' એટલે એક વિવક્ષિત ધર્મને આગળ કરીને અનંત ધર્માત્મક વસ્તુને વર્ણવવી તે. છદ્મસ્થનું તત્ત્વ-વિષયક જ્ઞાન સાપેક્ષ હોય તો સત્ય, નિરપેક્ષ હોય તો અસત્ય છે. પૂર્ણ સત્ય એ કોઈ બુદ્ધિનો વિષય નથી. બુદ્ધિ વસ્તુની એક કાળે એક બાજુને જ જાણી શકે છે અને વાણી પણ એક બાજુને જ વર્ણવી શકે છે.

(૯૫)ધર્મી અને અધર્મી બંને સંસારસાગરમાં વસે છે,
પરંતુ ધર્મી એ સ્ટીમરમાં બેઠેલા છે અને અધર્મી એ
પાણીમાં ડૂબતા છે. ડૂબતાને જલચર જીવો ખાઈ જાય,
સ્ટીમરમાં બેઠેલાને જલચર જીવોનો ભય નથી.
જલચર જીવોના સ્થાને આર્ત-રૌદ્રધ્યાનના પ્રસંગો છે.

(૯૬)ધર્મીને દુઃખમાં સમાધિ અને સુખમાં વિરાગ હોય.
તેઓને સુખ વળગે નહિ, દુઃખ હેરાન કરે નહિ અને
પાપ કે પાપના પ્રસંગો વખતે કષાયો પાસે આવે નહિ.

(૯૭) સાધુએ મન-વચન-કાયાના ત્રણે યોગો
પ્રભુની આજ્ઞાને સોંપી દીધા છે, જ્યારે
સમકિતીએ માત્ર મનોયોગ સોંપ્યો હોય છે.
દુઃખને રોવે તે અજ્ઞાની અને પાપને રોવે તે જ્ઞાની.
આવતાં કર્મને રોકવાની, જૂના કર્મને ખપાવવાની અને
જરૂરી શુભાસ્રવોને કરવાની શક્તિ ધર્મમાં છે.

(૯૮)લૌકિક વસ્તુની પ્રતિકૂળતા એ સંસારની દૃષ્ટિએ
મુશ્કેલી તથા લૌકિક વસ્તુની અનુકૂળતા એ આત્મદૃષ્ટિએ
મુશ્કેલી ગણાય. પાપનો બંધ કરાવે એવી શાતા શરીરને
નિરોગી રખાવે પણ આપણા મનને તો રોગી જ રાખે.
અહિત તેવું મન કર્મનિર્જરાર્થે તપ આદિ ન કરવા દે.

(૧૯)અજ્ઞાન એ યદ્યપિ જ્ઞાનને દબાવે છે, પરંતુ તેને સંપૂર્ણ નષ્ટ કરી શકતું નથી, ત્યારે જ્ઞાન એ અજ્ઞાનને સંપૂર્ણ રીતે નષ્ટ કરી પોતાની સંપૂર્ણ શક્તિ પ્રકટાવી શકે છે, એથી અજ્ઞાન કરતાં જ્ઞાન વધુ બળવાન છે.

એ જ રીતે વિભાવ કરતાં સ્વભાવ અને
કર્મ કરતાં ધર્મનું બળ પણ અધિક છે.

(૨૦)દુઃખનો વિરાગ ભવમાત્રને હોય છે, પણ તેથી કાંઈ ભવની શુદ્ધિ થતી નથી. વિરાગ પાપ પ્રત્યે અને પાપનું કારણ જે ભૌતિક સુખ, તે પ્રત્યે હોવો જોઈએ. તે વિરાગ આવે ત્યારે જ ધર્મ આવેલો ગણાય અને સાધકની સાચી ચિત્તશુદ્ધિ તે ધર્મ દ્વારા જ થઈ ગણાય. પાપ પ્રત્યે વિરાગ ટકાવી રાખવા માટે પણ સાંસારિક સુખ પ્રત્યે વિરાગની જરૂર છે. ભૌતિક સુખ પાપ કર્યા વિના મળતું પણ નથી અને ભોગવાતું પણ નથી. ભૌતિક સુખેચ્છા એ અવિરતિજન્ય દોષનું પરિણામ છે.

'દુઃખ વખતે ધૈર્ય અને સુખ વખતે બેચેની'
એ ધર્મ પામ્યાનું મુખ્ય લક્ષણ છે.

°

Consistent or constant receptivity to the innerself should be the aim.

(૨૧) સાધુના યોગ - સાધન - સિદ્ધિ માટે...

યોગાવંચક = સાધુનો સત્સંગ/યોગ અથવા સાધુ તાકવું તે.
= દેવ-ગુરુનો યોગ થવો. આ જીવ સમ્યગ્દૃષ્ટિ ગણાય.
ક્રિયાવંચક = સાધુનું સત્ક સાધન કે સાધુ સાધવું તે.
=દેવ-ગુરુને પ્રણામ કરવા. આ જીવ ઉત્તરગુણધારી શ્રાવક.
ફલાવંચક = સાધુની સત્ક સિદ્ધિ કે સાધુ પામવું તે.
= દેવ-ગુરુના યોગનું ફલ સિદ્ધ કરવું.
આ જીવ મૂલોત્તરગુણધારી પરમ શ્રાવક કહેવાય છે.

(૨૨) પિંડસ્થધ્યાન દેહાધ્યાસને, પદસ્થધ્યાન નામાધ્યાસને, રૂપસ્થધ્યાન રૂપાધ્યાસને, રૂપાતીતધ્યાન ગુણાધ્યાસને તોડે છે.
દેહ, દેહનું નામ-રૂપ તથા તેના ગુણોનો અધ્યાસ તોડવા માટે પ્રભુ, પ્રભુનું નામ-રૂપ-ગુણોનું ધ્યાન સબળ ઉપાય છે.
પોતાના પિંડ-રૂપ-નામ-ગુણનું સ્મરણ આર્તરૌદ્રધ્યાનનું કારણ અને પ્રભુના નામ-દેહ-ગુણ-રૂપનું સ્મરણ એ સાધકને ધર્મધ્યાન તથા શુક્લધ્યાનનું કારણ બને છે.
તેમાં પણ નામ અને પિંડનાં સ્મરણ કરતાં રૂપ અને ગુણનું સ્મરણ પ્રબળ ધ્યાન ઉત્પન્ન કરે છે.

(23) નામનો સંબંધ દ્રવ્યની સાથે છે.
રૂપનો સંબંધ ગુણ અને ભાવની સાથે છે.

નામ અને દ્રવ્ય સરલ પિંડમાં ધ્યાન ઉત્પન્ન કરવાની
જે શક્તિ છે, તેથી સાધક શક્તિ રૂપ અને ગુણમાં છે.

(૨૪) શ્રુતધર્મથી સાધકના ઉપયોગની વિશુદ્ધિ થાય છે,
ચારિત્રધર્મથી યોગની શુદ્ધિ તથા સ્થિરતા પ્રાપ્ત થાય છે.

મનની શુદ્ધિ એ ઉપયોગવીર્ય છે અને
મનની સફળતા કરણવીર્યથી થાય છે.

મોહનીય કર્મના ઉદયથી
કરણવીર્ય અને ઉપયોગવીર્યની અશુદ્ધ પ્રવૃત્તિ થાય છે.
મોહનીયના ક્ષયોપશમથી બંને વીર્યની શુદ્ધ પ્રવૃત્તિ થાય છે.

(૨૫) અનુગ્રહ તથા અનુરાગમાં શું ફેર?

અનુરાગ એ ભક્તની receptivity છે અને
અનુગ્રહ એ ભગવાનનો response છે.

અનુગ્રહથી અનુરાગ અને અનુરાગથી અનુગ્રહ વધે છે.
અનુગ્રહ તથા અનુરાગ - એકમેકની અપેક્ષા રાખે છે.
બંને શબ્દોમાં 'અનુ પશ્ચાત્' શબ્દ રહેલા છે, તે સૂચક રીતે
'અનુગ્રહ અને અનુરાગ પરસ્પર સાપેક્ષ છે' એમ સૂચવે છે.
અનુગ્રહ અને અનુરાગ મળીને નમસ્કાર પદાર્થ બને છે.

અનુગ્રહ દ્વારા સ્વાભિમાનનો હ્રાસ થાય છે અને
અનુરાગ દ્વારા તથાભવ્યત્વનો વિકાસ થાય છે.

(૨૬) પરમાત્માનો અનુગ્રહ

સાધુ પુરુષોના અનુગ્રહની અપેક્ષા રાખે છે અને સાધુ પુરુષોનો અનુગ્રહ પરમાત્માના અનુગ્રહની અપેક્ષા રાખે છે.

પરમાત્મા સ્વભાવથી જ અનુગ્રહ કરે છે, જ્યારે
સાધુઓનો અનુગ્રહ સૌમનસ્ય દ્વારા થાય છે.
'સૌમનસ્ય' એટલે મૈત્ર્યાદિભાવમયતા.
સૌમનસ્ય એ જ ખરી સાધુતા છે.
સૌમનસ્યશૂન્ય સાધુતા એ દ્રવ્યસાધુતા છે.

(૨૭)ધર્મની શરૂઆત દુઃખીના દુઃખ દૂર કરવાની બુદ્ધિથી તથા ધર્મની પૂર્ણાહૂતિ સ્વના દુઃખ દૂર કરવાની શક્તિથી થાય.

પરના દુઃખ દૂર કરવાની બુદ્ધિથી શરૂ થયેલો ધર્મ
સ્વના દુઃખ દૂર કરવાની શક્તિમાં વિરામ પામે છે.

(૨૮)દુષ્કૃત = સ્વાર્થનો વિચાર, સુકૃત = પરમાર્થનો વિચાર.
સુકૃત કે દુષ્કૃતને વચન - વર્તનમાં લાવનાર વિચાર છે,
તેથી વિચાર એ જ છેવટે સુકૃત અને દુષ્કૃતનું મૂળ છે.

સ્વાર્થનો વિચાર દુષ્કૃતરૂપ હોવાથી તેની નિંદા
સદ્ભાવનો હ્રાસ કરે છે અને
પરમાર્થનો વિચાર સુકૃતરૂપ હોવાથી તેની અનુમોદના
તથાભવ્યત્વભાવનો વિકાસ કરે છે.

(૨૯)પર એટલે શત્રુ. પરભાવ એ મોક્ષમાં બાધક છે.
ભિન્નભાવથી જ તે શત્રુભાવ દૂર થાય છે.
ભિન્નભાવ મોક્ષનું સાધન હોવાથી તે સ્વભાવ છે.
(૩૦)'ભાવહિંસા' એટલે પરને આત્મતુલ્ય ન ગણવા તે.
ભાવહિંસામાં આસક્ત પોતે પોતાના જ ભાવથી હણાય છે.
તેની પ્રીતિ, ભક્તિ, નીતિ, પ્રામાણિકતાદિ બધું જ હણાય છે.
સ્વ અને પરનો ભેદ વ્યવહાર છે.
નિશ્ચયથી કોઈ સ્વ કે પર નહિ, કિન્તુ સર્વ સમાન છે.
ત્યાં 'સ્વ-પર' શબ્દનો નહીં, 'આત્મ' શબ્દનો વ્યવહાર છે.
ભક્તિથી સ્વપરનો ભેદ મટી જાય છે.
(૩૧)રાગ આત્માની અને દ્વેષ વિશ્વની અવગણારૂપ છે.
રાગ અને દ્વેષ બંનેમાં જગતત્ત્વની અવગણા હોવાથી
તે બન્ને કર્મબંધનમાં અને ભવભ્રમણમાં મૂળ હેતુ છે.
રાગમાં ઇષ્ટપ્રાપ્તિની ઉત્કટ ઇચ્છા છે.
દ્વેષમાં અનિષ્ટના ત્યાગની ઉત્કટ ઇચ્છા છે.
એક જ ઇચ્છા વિષયભેદે રાગ-દ્વેષ બનીને રહે છે.
રાગનો વિષય સુખ છે, જ્યારે દ્વેષનો વિષય દુઃખ છે.
સુખ અને દુઃખ સત્ય પદાર્થ નહિ પણ કાલ્પનિક છે.
ઇચ્છાને કલ્પનાનુકૂળ નહિ પણ સત્યને અનુકૂળ વળાંક
આપવો, એ જ એક રાગ-દ્વેષને રોકવાનો ઉપાય છે.

(૩૨) शम એટલે ૪ વસ્તુ

(a)કોઈનું સારું જોઈ રાગ કે ખરાબ જોઈ દ્વેષ ન થવો.
(b)કષાયનો અત્યુદય થવો. (c) વિષયતૃષ્ણાનો ઉપશમ થવો.
(d)મિથ્યાભિનિવેશનો સંપૂર્ણ રીતે ઉપશમ થવો તે.

(૩૩) થોડી ટૂંકી વ્યાખ્યાઓ

શમ: મનને ઈંદ્રિયોના ૫ વિષયો તરફ જતાં રોકવું તે.
દમ: વિષયો તરફ જતી પાંચેપાંચ ઈંદ્રિયોને રોકવા તે.
તિતિક્ષા: શીત-તાપ, સુખ-દુઃખાદિ દ્વંદ્વોને સમભાવે સહવા તે.
ઉપરતિ: મનમાં જન્મતી વિષયાભિલાષાને રોકી દેવા તે.
શ્રદ્ધા: ગુરુ, દેવતા અને શાસ્ત્રવચનો ઉપર વિશ્વાસ તે.
સમાધાન: આત્મતત્ત્વના શ્રવણ-મનન વડે થતી એકાગ્રતા કે
દેહ, મન, પાંચ ઈંદ્રિય અને કર્મોને ઈશ્વરમાં જોડવા તે.

(૩૪)અગ્નિની જેમ વત્સલમાં ૨ શક્તિ: સ્વધા તથા સ્વાહા.

સ્વધા - અગ્નિને જલતો રાખે છે.

સ્વાહા - અગ્નિમાં જે હોમાય, તેને બાળી નાંખે છે.

વત્સલની સ્વધાશક્તિ આશ્વાસન આપે છે,

જ્યારે સ્વાહાશક્તિ શાસન કરે છે.

એક ગુણ જુએ છે, બીજો દોષ જુએ છે. ગુણ બદલ
આશ્વાસન મળે છે અને દોષ બદલ શાસન થાય છે.

(૩૫) ધર્મ એટલે મુખ્ય ૮ વસ્તુ

(I) દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપી ધર્મ (II) ક્ષમાદિ ૧૦ ધર્મ (III) વસ્તુસ્વભાવ ધર્મ (IV) દાનાદિ ૪ ધર્મ (V) અહિંસા, સંયમ, તપરૂપી ૩ ધર્મ (VI) પરિણામની વિશુદ્ધિ રૂપ ધર્મ (VII) મોહ-ક્ષોભરહિત આત્મપરિણામરૂપ ધર્મ (VIII) સાનુબંધ પુષ્ટિ-શુદ્ધિરૂપ ધર્મ. પુષ્ટિ = પુણ્યોપચય, શુદ્ધિ = કર્મક્ષય.

(૩૬) સર્વોદય = સર્વ જીવોનો ઉદય જેનાથી થાય તે, ધર્મ. સર્વોદય = જીવોના સર્વોત્કૃષ્ટ ઉદય જેનાથી થાય તે, મોક્ષ. સર્વોદય કાં તો ધર્મપુરુષાર્થની સાથે સંબંધ રાખે અથવા તો તે મોક્ષપુરુષાર્થની સાથે સંબંધ રાખે છે.

ધર્મપુરુષાર્થ અને મોક્ષપુરુષાર્થથી નિરપેક્ષ એવો સર્વોદય તે ફક્ત નામમાત્રનો જ સર્વોદય કહેવાય.

(૩૭) ભવ્યધર્મનો લાભ આપનાર સર્વ જીવો કે જીવરાશિ વિદ્યમાન હોવા છતાં તેનાથી નિરપેક્ષ બનીને કેવળ સ્વને જ સ્મૃતિમાં રાખનારે શ્રી જિનેશ્વરદેવ કે તેના ધર્મને નથી ઓળખ્યા કે નથી પામ્યો, તેની નિશાની ગણાય.

(૩૮) રાગ-દ્વેષનું સેવન એ કર્તૃત્વના અભિમાનની અને સુખ-દુઃખનું વેદન એ ભોક્તૃત્વાભિમાનની નિશાની છે. કર્તાપણાનું અભિમાન છોડવાથી મુક્તિ મળે છે. કર્મફલેચ્છાનો ત્યાગ કરવાથી અનંત ફળ અને અવ્યાબાધ સુખ મળે છે.

(૩૯) પોતાની ભૂલ જોવાનો માર્ગ એ શ્રદ્ધાનો માર્ગ છે.
બીજાની ભૂલ શોધવાનો માર્ગ એ બુદ્ધિનો માર્ગ છે.
શ્રદ્ધા બીજાના ગુણ અને બુદ્ધિ બીજાના દોષ જુએ છે.
શ્રદ્ધાના નિયમ : ભૂલ બીજાની ખમી ખાવી, પોતાની નહિ
તથા ગુણ બીજાના વખાણવા પણ કદાપિ પોતાના નહિ.

(૪૦) <u>સમ્યગ્દૃષ્ટિ જીવને...</u>

સુખી ઉપર મૈત્રી હશે પણ ઈર્ષ્યા નહિ,
દુઃખી જોઈ કરૂણા હશે પણ તટસ્થતા નહિ,
ગુણી જોઈ પ્રમોદ હશે પણ દ્વેષ નહિ,
પાપીને જોઈ માધ્યસ્થ્ય હશે પણ તિરસ્કાર નહિ.

(૪૧) <u>માર્ગાનુસારિતા</u> : તીવ્ર મિથ્યાત્વમોહનો ક્ષયોપશમ તેના પ્રભાવે માષતુષાદિ મુનિઓ બારેય બહુશ્રુત તરીકે પ્રસિદ્ધ ન હતા છતાં પણ સૂક્ષ્મબુદ્ધિ અતિતીક્ષ્ણ હોવાથી ઘણું ભણનાર સ્થૂલબુદ્ધિવાળા પુરુષો ય નહિ જાણેલ તત્ત્વને જાણનાર હતા. સાંભળેલું સ્થૂલ છે, જાણેલી ઘણી સૂક્ષ્મ છે. તેના જેમ તેમનું અજ્ઞાન મિથ્યાત્વમોહજન્ય ન હતું પણ નિબિડ જ્ઞાનાવરણના ઉદયજન્ય હતું.
<u>અજ્ઞાન અને સંશયદોષ કરતાં વિપર્યયદોષ મોટો છે,</u>
<u>તે નિગોદમાં નાખતો.</u>

(૪૨) શુભૌઘસંતાન એટલે...

સંસાર ભયંકર છે. સંસારરોગનું ઔષધ ફક્ત ધર્મ જ છે.
એ શુદ્ધ ધર્મના ૪ પ્રકાર છે:
શક્તિ મુજબ દાન, અહિંસાદિ સદાચારનું પાલન,
ઇંદ્રિય-કષાયનો જય અને નમસ્કારનું સ્મરણ.
શુદ્ધ ધર્મની સંપ્રાપ્તિ ગુરુકુલવાસમાં વસવાથી થાય છે.
જેમ ચાણક્ય ઉપરની શ્રદ્ધાથી ચંદ્રગુપ્તને રાજ્ય પ્રાપ્ત થયું,
તેમ ગુરુજનો ઉપરના વિશ્વાસથી સાધક જીવને અનંત
ગુણોનો મહાન લાભ પ્રાપ્ત થાય, એ વાત નિશ્ચિત છે.

(૪૩) ખાઈએ તેટલું નહિ પણ પચે તેટલું આપણું,
તેમ જેટલું ભણ્યા તેટલું નહિ પણ
જેટલું પરિણામ પામે, તેટલું જ આપણું સમજવું.

(૪૪) નિહત શક્તિવાળા રાગાદિ મંદ છે, અનિહત હોય
તે દેખાવમાં મંદ છતાં મંદ નથી. અશાતાથી રાગ-દ્વેષની
મંદતા સન્નિપાત રોગીની સ્વસ્થતા જેવી છે. પરિણામે
સર્વથા નાશ થઈ શકે તેવા અલ્પ રાગાદિ મંદ કહેવાય.
તેને જ શુદ્ધ પરિણામ કહેવાય છે.
જેમાં રાગ-દ્વેષનો સર્વથા નાશ કરવાનાં બીજો પડ્યાં હોય,
એવો અધ્યવસાય 'શુદ્ધ' કહેવાય છે.

(૪૫) તત્ત્વલાભનાં ૮ અંગો :

અદ્વેષ (અપ્રીતિનો પરિહાર), જિજ્ઞાસા, શુશ્રૂષા, શ્રવણ, બોધ, મીમાંસા (મનન), પ્રતિપત્તિ (નિશ્ચય) તથા પ્રવૃત્તિ. ચરમાવર્તના સામર્થ્યથી પ્રકૃતિનો વ્યાવૃત્તાધિકાર સ્વભાવ અને પુરુષનો કુશલપ્રાપક સ્વભાવ પ્રગટ થાય છે.

(૪૬) 'પુણ્યતત્ત્વ' એટલે...

જે તત્ત્વ દુઃખપૂર્વક બંધાય અને સુખપૂર્વક ભોગવાય. તે ૯ પ્રકારે બંધાય અને ૪૨ પ્રકારે ભોગવાય છે.

'પાપતત્ત્વ' એટલે...

જે તત્ત્વ દુઃખપૂર્વક ભોગવાય અને સુખપૂર્વક બંધાય. આ પાપતત્ત્વ ૧૮ પ્રકારે બંધાય અને ૮૨ પ્રકારે ભોગવાય.

(૪૭) વિષયો ભલે રમણીય લાગે છે, કિન્તુ
આત્મા તો તેથી પણ અધિકાધિક રમણીય છે.
આત્માને ઓળખનારા મહાત્માઓ
ઇંદ્રિયમગ્ન ન થતાં આત્મનિમગ્ન બને છે.
ઇંદ્રિયોના ક્ષણિક એવા ઇંદ્રિયજન્ય સુખ કરતાં
આત્મસુખ અનેકાનેક ગણું અધિક છે.
જીવ વિષયોને ભોગવે છે, એ વ્યવહાર છે.
૫ વિષયો વડે જીવ ભોગવાય છે, એ નિશ્ચય છે.

(૪૮)વ્યવહારથી જોઈએ તો કર્મ સૌ જીવને બાંધે છે,
તથા નિશ્ચયથી જોઈએ તો સૌ જીવ કર્મને બાંધે છે.
કર્મ ધર્મને અનુસરે છે પણ ધર્મ કર્મને અનુસરે નહિ.
'કર્મના નિયમથી વિશ્વસંચાલન થઈ રહ્યું છે' એ વ્યવહાર.
'કર્મનો નિયમ પણ જીવના ધર્મને એટલે કે જીવના શુભ
અને અશુભ અધ્યવસાયને આધીન છે' એ નિશ્ચય.

(૪૯) વ્યવહારધર્મના મૂળમાં કૃતજ્ઞતા છે.
નિશ્ચયધર્મના મૂળમાં સ્વતંત્રતા છે.
જ્યાં કૃતજ્ઞતા છે, ત્યાં પરહિતચિંતા રહેલી છે.
જ્યાં સ્વતંત્રતા છે, ત્યાં સ્વઆત્મહિતચિંતા રહેલી છે.
વ્યવહારની પરિકર્મણા નિશ્ચયની યોગ્યતા અર્પે છે.
પરહિતચિંતાની એક વ્યુત્પત્તિ એ પણ ઘટિત છે કે:
'પરસ્માત્ મમ હિતં ભવતિ ઇતિ ચિંતનં પરહિતચિંતા।'

(૫૦)જે વ્યક્તિની સમર્પણશક્તિ મહાન, તેની સર્જનશક્તિ
પણ મહાન હોય છે. જે વ્યક્તિની સર્જનશક્તિ અલ્પ,
તેની સમર્પણશક્તિ પણ અલ્પ જ હોવાનું સમજવું.

(૫૧)ભક્તિ = સજાતીય દ્રવ્ય સાથે એકત્વનો અનુભવ.
સજાતીય દ્રવ્ય = સમગ્ર જીવરાશિ. તેની સાથે એકત્વ થાય
છે મૈત્ર્યાદિ ભાવો વડે, તેથી મૈત્ર્યાદિ ભાવોનો અભ્યાસ
તે ભક્તિનો જ અભ્યાસ છે.

તે અભ્યાસ રાગાદિ વૃત્તિઓ ટાળવા સમત્વ સિદ્ધ કરી આપે.
સમત્વભાવને આત્મામાં જ પરમાત્મસ્વરૂપનું દર્શન થાય.

(૫૨) મંગલની બે વ્યુત્પત્તિ છે:

'માં ભવાદ્ ગાલયતિ।' અને 'મંગં ધર્મં લાતિ ।'

ભવ સ્વાર્થરૂપ છે અને ધર્મ પરાર્થરૂપ છે.

જે સ્વાર્થવૃત્તિ ગાળી પરાર્થવૃત્તિ વિકસાવે, તે મંગલ છે.

(૫૩) અરિહંતની આજ્ઞા વિશ્વધર્મની છે.

સિદ્ધની આજ્ઞા સર્વ સમદર્શિત્વની છે.

આચાર્યોની સદાચાર પાલનની, ઉપાધ્યાયોની શ્રુતાધ્યયનની અને સાધુ મહાત્માઓની મોક્ષ સાધનામાં સહાય કરવાની છે. આ ૫ પ્રકારના આજ્ઞાપાલનમાં મંગલ છે, એથી વિરૂદ્ધ વર્તનમાં અમંગલ છે, પાપ, દુર્ગતિ અને ભવભ્રમણ છે. આ આજ્ઞા અનાદિસિદ્ધ છે, તેમાંથી કોઈ છટકી શકતું નથી. કાં તો આજ્ઞાનું આરાધન કરી સુખ પામો, કાં તો વિરાધન કરીને દુઃખ પામો. આ બે સિવાય ત્રીજો કોઈ માર્ગ છે જ નહિ. આજ્ઞામાં મધ્યસ્થ રહેવું તે પણ ગુનો છે.

(૫૪) સર્વ જીવો હિતચિંતાનું આલંબન પુરૂં પાડી આજ્ઞા આત્મહિતમાં નિમિત્ત બનતા હોઈ ગુણદૃષ્ટિએ જોવાલાયક છે. ગુણ કરનારાને ગુણદૃષ્ટિએ ન જોવાતાં કૃતઘ્નતાગુન્હા ઠરાય.

અન્યની ઉપકાર કરનારને પણ ઉપકારી માનતો નથી.

જ્ઞાની ઉપકાર ન કરનાર અને

અપકાર કરનારને પણ ઉપકારી તરીકે માને છે.

(૫૫) સંયમ બે પ્રકારે બતાવ્યો છે:

ઇંદ્રિય અને મનના નિરોધરૂપ સંયમ આત્મહિતકર છે.

ષટ્જીવ નિકાયના રક્ષણરૂપ સંયમ સ્વપર ઉભયને હિતકર છે.

(૫૬) એક દ્રવ્યની બીજા દ્રવ્ય ઉપર અસર થવાની યોગ્યતાના કારણે જ જીવનું ભવભ્રમણ છે. અયોગ્ય દ્રવ્યની અયોગ્ય અસર માનનારે યોગ્ય દ્રવ્યની યોગ્ય અસર માનવી જ રહી.

પરદ્રવ્યના સંબંધમાં આવવાની યોગ્યતા તે સહજમલ છે.

તે જીવનો પારિણામિક ભાવ છે.

પરદ્રવ્યના સંબંધમાંથી છૂટવાની યોગ્યતા, કે જે જીવની અંદર છે, તે તથાભવ્યત્વ ગુણ પણ પારિણામિક ભાવ છે.

(૫૭) સાધ્યપક્ષનો કદાગ્રહ કરનાર વ્યવહારનયના કારકપક્ષને પણ મિથ્યા માને છે, તેથી એકાંત નિયતિવાદી બને છે. યોગ્યતાવાદનો કદાગ્રહ કરનાર કર્મ પક્ષને મિથ્યા માને છે,

તેથી તે એકાંત સ્વભાવવાદી બને છે.

ઉપાદાન પક્ષનો કદાગ્રહ કરનાર વ્યક્તિ નિમિત્ત કારણને મિથ્યા માને છે, તેથી એકાંત અહેતુવાદી બને છે.

નિશ્ચયવાદનો કદાગ્રહી વ્યવહાર પક્ષને મિથ્યા માને છે,
તેમ તે એકાંત અકર્તૃત્વવાદી બને છે.
સ્વભાવવાદી, ઉપાદાનવાદી, અહેતુતાવાદી,
નિયતિવાદી, અદ્વૈતવાદી, અકર્તૃત્વવાદી વગેરે
એકાંત પક્ષનું સમર્થન કરી મિથ્યાવાદી બને છે.

સ્વભાવવાદનો એકાંત પક્ષ છોડવા માટે કર્મવાદ પણ માનવો જોઈએ. ઉપાદાનવાદનો એકાંત પક્ષ છોડવા માટે નિમિત્તવાદ પણ માનવો જોઈએ. નિયતિવાદનો એકાંત છોડવા કર્તૃત્વવાદ પણ માનવો જોઈએ. નિશ્ચયવાદનો એકાંત છોડવા માટે વ્યવહારવાદ પણ માનવો જોઈએ.

(૫૮) પૂર્ણનો પક્ષ (અભિલાષ) અને શબ્દનો પ્રારંભ (પ્રયત્ન)
એ બંને શુભાનુબંધના હેતુઓ છે.

(૫૯) અરિહંતને નમનારો સર્વનો બને છે, કેમકે તે જેને નમે છે, તે સર્વના છે. જેના હૃદયમાં સર્વના શુભનો ભાવ નથી, તે વ્યક્તિ નમસ્કાર માટે 'સર્વ પ્રત્યે શુભભાવવાળા' અરિહંતને જ શા માટે પસંદ કરે? અરિહંતને જ પસંદ કરે છે અને બીજાને નહિ, એથી સિદ્ધ થાય છે કે એને સર્વના શુભનો ભાવ અભિષ્ટ છે.

(૬૦) પ્રભુની આજ્ઞા તો સર્વ જીવનું હિત કરનારી છે.

એનું પાલન એક જીવ કરે તો પણ તેના વડે સર્વનું હિત થાય. પ્રભુનું એક વિશેષણ 'ત્રિભુવનાર્તિહરાય' છે. 'સકલ સત્ત્વ હિતાશયરૂપ જે ધર્મ પ્રભુએ આરાધ્યો, તે ધર્મને જાણી કોઈ આરાધે તો તે પણ ત્રણે ભુવનના જીવોની પીડાને હરનારો છે' એમ માનવું જોઈએ.

(51) કૃતજ્ઞતા ગુણ એ પ્રથમ ગુણસ્થાનકની ટોચ છે.

પરોપકાર ગુણ એ છઠ્ઠા ગુણસ્થાનકની ટોચ છે.

સમદર્શિત્વ ગુણ એ સાતમા ગુણસ્થાનકની ટોચ છે.

પરમાત્મસમદર્શિત્વ ગુણ એ
૮મા થી ૧૨મા ગુણસ્થાનકની ટોચ છે.

ભગવાનની ભક્તિ અને પરમર્ષિઓનો નમસ્કાર
એ કૃતજ્ઞતા ગુણનું ગીત છે.

(52) જે સમજીને કરે તે 'મનુષ્ય'. મનુષ્યમાં બે અંશ પ્રધાન છે: એક સમજણનો અને બીજો કર્તવ્યનો. જ્ઞાનાંશ અને કર્માંશ બંને મળીને 'માનવ' બને છે.

(53) 'શ્રદ્ધા' એટલે બાબા આપણું કાંઈ કરી શકે છે, એવો વિશ્વાસ. આવી શ્રદ્ધા હોય ત્યાં જ સાચી ભક્તિ જાગે.

(54) ભાષાજ્ઞાની ઈશ્વરને ન જાણી શકે.
ઈશ્વરને હૃદયમાં ધારણ કરનાર જ તેને જાણી શકે.

મનના ભાવોને ચિત્રમાં અંકિત કરવા જેવું જ કઠિન કામ
પંક્તિઓમાં જે યથાર્થ રૂપમાં પ્રગટ કરવા તે છે.

(૬૫) સર્વ જીવો પરાર્થપરાયણ ભલે ન બની શકે પણ તે ગુણને હૃદયમાં ધારણ તો કરી જ શકે. હૃદયમાં ધારણ કરવા એટલે અનુમોદન અને આદરના વિષય બનાવવા.

એ જ રીતે સર્વ જીવો

સ્વાર્થનો પરિત્યાગ ન કરી શકે પણ તેને હેય તો માની શકે. હેય માનવો એટલે નિંદા અને ગર્હાનો વિષય બનાવવો.

(૬૬) ગુણ - પ્રકૃતિ અપરાધ પણ સ્વભાવ ન અપરાધ. સ્વભાવમાં પણ વિશેષ સ્વભાવ વિકૃત થાય પણ
સામાન્ય સ્વભાવ સદા અવિકૃત રહે.

તેથી વિભાવના બળ કરતાં સ્વભાવનું બળ હંમેશાં અધિક જ રહેવાનું. ધર્મ એ સ્વભાવ છે, પાપ એ વિભાવ છે. સ્વભાવની સન્મુખ લઈ જનાર કોઈ પણ ક્રિયા 'ધર્મ' ગણાય છે. વિભાવ તરફ લઈ જનાર મન, વચન, કાયાની પ્રત્યેક ક્રિયા 'પાપ' યાને કે 'અધર્મ' ગણાય છે.

અધર્મનું બળ ગમે તેટલું હોય, તો પણ
ધર્મના બળ કરતાં તો તે અલ્પ જ રહેવાનું.

(૬૭) ઉત્કૃષ્ટ મૈત્ર્યાદિ અપાયાપગમાતિશય, ઉત્કૃષ્ટ

પ્રભાવમાંથી પૂજાતિશય, ઉત્કૃષ્ટ કરુણામાંથી વચનાતિશય
અને ઉત્કૃષ્ટ ઉપેક્ષા એટલે કે માધ્યસ્થ્ય ભાવમાંથી
અપાયાતિશય ઉત્પન્ન થાય છે.

પ્રભુના ૪ અતિશય ચારે ભાવનાનું પરમોત્કૃષ્ટ ફળ છે.
યોગસ્વરૂપ પરમાત્માને નમસ્કાર. તે 'યોગસ્વરૂપ' શું?
તો કે મૈત્રીભાવ, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યભાવ.
ભગવાનના ૪ સહજાતિશય, ૧૧ કર્મક્ષયજનિતાતિશય,
૧૯ દેવકૃતાતિશય, ૩૫ વાણીના અતિશય,
૮ મહાપ્રાતિહાર્યોની પૂજા ઇત્યાદિ
મૈત્ર્યાદિભાવ સ્વરૂપ યોગના જ ઉત્કૃષ્ટ ફળ છે.

(૬૮) 'ઔદાસિન્યેઽપિ સતતં ।'

આ ગાથામાં જે ઉદાસીન તે વિશ્વોપકારી - જે વૈરાગ્યવાન
તે રક્ષણકારી તરીકે ફરમાવેલ છે, તે અવશ્ય વિચારણીય છે.

(૬૯) ક્ષાંત્યાદિ ૧૦ પ્રકારનો ક્ષાયોપશમિક ધર્મ વિશ્વને
ધારણ કરવાનું સામર્થ્ય જો ધરાવે તો સિદ્ધોનો ક્ષાયિક
ધર્મ તો તે સામર્થ્ય ધરાવે જ, તેમાં આશ્ચર્ય નથી.
સિદ્ધ ભગવંતોને 'સુસ્થિત મહારાજ' શબ્દથી ઉપમિતિકાર
સંબોધે છે, તેના પાછળ આ આશય રહેલો હોવો જોઈએ.

(૭૦) જેમની મહાકરુણાના આલંબને ભવ્ય જીવો

આત્મલાભ પ્રાપ્ત કરે છે, તેમનામાં સર્વદ્ધિ, અકર્તૃત્વનો આરોપ તે અવળી મતિ છે. દેવ-ગુરુ-શાસ્ત્રવચનોના નિઃસીમ ઉપકારોમાં ઔપચારિકતાનો આરોપ તે એકાંત નિશ્ચયવાદનો કદાગ્રહ છે. તે કદાગ્રહ સ્વકર્તૃત્વાભિમાનના મિથ્યા ગર્વમાં ફસાવનારી ઔપાધિક સર્વદ્ધિ, ત્યાજ્ય છે.

(૭૧)પ્રશસ્ત રાગ યદ્યપિ પુણ્યબંધનો હેતુ છે તો પણ વિદ્યમાન આત્મગુણોમાં સ્થિર થવાનો અને નૂતનગુણને પ્રગટ કરતો ઔપાધિક પુણ્યાનુબંધી પુણ્યનો હેતુ ગણાય. શ્રી ગૌતમ સ્વામીનો પ્રભુ વીર પ્રત્યેનો પ્રશસ્ત રાગ પણ ક્ષયોપશમ રત્નત્રયીનો જ દ્યોતક હતો.

(૭૨) ત્યાગ પછી જ થાય પ્રાપ્તિ

(a) વસ્ત્રને ફાડ્યા પછી જ તે સીવી શકાતું હોય છે.
(b) ૬ ઋતુઓમાં પાનખર પછી જ વસંતઋતુ આવે છે.
(c) ઓરડામાં ભૂમિ સ્વચ્છ કર્યા પછી જ લીંપાય છે.
(d) ખેતરમાં જમીન ખેડ્યા પછી જ અનાજ વવાય છે.
(e) ભીંત સ્વચ્છ કર્યા પછી જ સુંદર ચિત્ર દોરાય છે.
(f) સમ્યક્ત્વ પામવા પહેલાં મિથ્યાત્વ તજવું પડે છે અને સાધુ થવા પહેલાં સંસાર તજવો પડે છે.

સારા ગુણો મેળવવા પ્રથમ દુર્ગુણો દૂર કરવા જરૂરી છે.

# શુદ્ધ સાધનાનું પ્રમાણ શું ?

પરહિતની વૃત્તિ - પ્રવૃત્તિમાં સ્વહિતનું સંવેદન થવું એ.
'મારા પ્રયત્ન સિવાય મને કોઈ સુખી કરી શકે નહિ'
એવા એકાંતવાદને કારણે સમગ્ર જીવરાશિની હિતચિંતા
કરનારા મહાન આત્માઓની ઘણી અવગણના થાય છે.
વળી એકાંતવાદને કારણે
'મહાન આત્માઓનું જગતમાં સાવ અસ્તિત્વ જ નથી
કે પછી અસ્તિત્વ છે તો પણ તે આત્માઓ ય
પોતા સિવાય અન્યનું કશું ય ભલું કરી શકતા નથી'
એવા મિથ્યા માન્યતાનું પણ પોષણ થાય છે.

0 ધર્મ પરિણામ પામ્યાની કસોટી બે રીતે થાય:
આંતરિક રીતે ચિત્તશુદ્ધિ અને બાહ્ય રીતે વ્યવહારશુદ્ધિ.
ચિત્તશુદ્ધિ પણ ન થાય અને વ્યવહારશુદ્ધિ પણ ન આવે
તો તે ધર્મપાલન દ્રવ્યથી છે, નામમાત્રથી છે, એમ સમજવું.
જે લીંબુ ખૂબ ન લાગે, તેને 'લીંબુ' કેમ કહેવાય?

0 ત્રસપણાની કાયસ્થિતિ સાધિક ૨૦૦૦ સાગરોપમ કાળ,
પંચેન્દ્રિયપણાની કાયસ્થિતિ સાધિક ૧૦૦૦ સાગરોપમ કાળ
અને મનુષ્યપણાની કાયસ્થિતિ ૭ - ૮ ભવ અધિક
૩ પલ્યોપમ અને ૭ ક્રોડ પૂર્વ જેટલો કાળ.

o દેવતા પાસે આવી ઉભા રહેતાં જો દેવત્વનો અનુભવ ન થાય તો એમ માનવું જોઈએ કે: 'કાં તો દેવમાં દેવત્વ નથી કે પછી દેવની પાસે ઉભા રહેનારમાં ચેતનત્વ નથી.'
સુખ વખતે એક ભ્રમ થાય છે કે 'આ સંસાર સુંદર છે.' આ ભ્રમ દૃઢ થવાથી સત્ય સ્વરૂપથી દૂર જવાય છે અને ભવની ભૂલભૂલામણીમાં અનવરત ભટકવાનું થાય છે. દુ:ખ આવે ત્યારે સંસાર જેવો છે તેવો દેખાય છે. વસ્તુ જેવી હોય તેવી દેખાય, તેનું નામ સમ્યગ્દર્શન છે.

વિશ્વનો એ નિયમ છે કે:

સમ્યગ્દર્શન મળે તો પછી બધું જ મળી રહે છે.

## લેશ્યા અને અધ્યવસાય

આત્માના સૂક્ષ્મ સ્વતંત્ર પરિણામને 'અધ્યવસાય' કહે છે. પુદ્ગલના ઉપષ્ટંભને આધારે થતાં પરિણામને 'લેશ્યા' કહે છે. લેશ્યાથી સ્થિતિબંધ થાય છે અને કષાયોથી અનુભાગબંધ પડે છે, જ્યારે યોગ વડે પ્રકૃતિ અને પ્રદેશબંધ થાય છે.

o માંડ 3 ઈંચની જીભ 5 ફૂટના માણસને ય હણી શકે છે. અવિચારી વચનો સદ્ગુણોથી ભરેલાં હૈયાને પણ ઈજા પહોંચાડે છે. નમ્રતા રાખનાર માણસ કદાપિ પાછો પડતો નથી. નમ્રતા એ હારનું ચિહ્ન નહિ પણ પ્રેમની નિશાની છે.

# આત્મા કર્મનો કર્તા - અકર્તા

શબ્દાદિ નયોની અપેક્ષાએ આત્મા
જ્ઞાનાદિભાવોનો કર્તા છે પણ રાગાદિ વિભાવોનો નહિ.
ઋજુસૂત્રનયની દૃષ્ટિએ આત્મા
રાગાદિ વિભાવોનો કર્તા છે પણ પૌદ્ગલિક કર્મોનો નહિ.
નૈગમ અને વ્યવહારનયથી આત્મા
પૌદ્ગલિક કર્મોનો કર્તા છે, કિન્તુ કેવળ સાક્ષીરૂપ નહિ.
આત્મા ભાવકર્મનો કર્તા છે.
તેનું ફળ દ્રવ્યકર્મનો બંધ છે.
ફળપર્યન્ત આત્માનો વ્યાપાર હોઈ
આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે.

બાહ્ય બધી જ સામગ્રી, કારણ-યોજના પાટીઓની પેઠે રહે છે પણ કાર્ય કરવાને માટે જરા જ ઉતાવળી થતી નહિ. કર્મનો વિપાક કાર્યના છેડા સુધી રહે છે. છેલ્લું કારણ ઉપાધિ કર્મવિપાક એ જ વિશ્વવૈચિત્ર્યનું પ્રધાન કારણ છે. પોતાના આત્માની રતિરૂપ નિર્વિકલ્પ સમાધિમાં રહેય, ત્યારે સંસારનો લય પણ સમાધિમાં જ મગ્ન થાય છે. રાગ-દ્વેષરહિત શુદ્ધ આત્મરાજ એ પિતાના સ્થાને છે અને આત્મરતિ એ માતાના સ્થાને છે.

## મહાવાક્ય અને મહાશ્રુતસ્કંધ

વેદના સારનો સાર ઉપનિષદ્ - ઓંકાર છે.

આગમ - અર્હદ્ વચનો સાર - નમસ્કાર છે.

સંબંધદર્શક વાક્યો મહાવાક્યો છે.

સ્વરૂપદર્શક વાક્યો અવાંતર વાક્યો છે.

'પરસ્પરોપગ્રહી લક્ષણમ્ ।' મહાવાક્ય છે.

ઉપદેશવાક્ય મહાવાક્ય છે.

'તત્ત્વમસિ ।' ઉપદેશ વાક્ય છે.

'ઉપયોગો લક્ષણમ્ ।' અવાન્તર વાક્ય છે.

લક્ષણ વાક્ય અવાંતર વાક્ય છે.

'પ્રજ્ઞાનં બ્રહ્મ ।' લક્ષણ વાક્ય છે.

'ભાવશત્રુ - શત્રુભાવનો નાશ કરનાર, ત્રિભુવનપૂજ્ય અને અજરામર પદ પ્રાપ્ત કરનાર અરિહંત ઇત્યાદિ છે.'

'અનંત ચતુષ્ટયના ધણી સિદ્ધ પરમાત્મા ઇત્યાદિ છે.'

વગેરે અવાંતર વાક્યો - લક્ષણ વાક્યો છે.

'નમો અરિહંતાણં ।' 'નમો સિદ્ધાણં ।'

વગેરે મહાવાક્યો, ઉપદેશવાક્યો, સંબંધદર્શક વાક્યો છે.

'તત્ ત્વમ્' દર્શાવનાર 'નમો અરિહંતાણં ।'નો જાપ તેના સમાન બનાવનાર છે, તેથી તેને મહાશ્રુતસ્કંધ કહેલ છે.

## આગમનો સાર

'આત્મા સ્વરૂપથી, તત્ત્વથી - દ્રવ્યરૂપેણ પરમાત્મા છે'
એ ઉપદેશ ચૌદ પૂર્વ અને બાર અંગનો સાર છે.
તેને નમસ્કાર, તદ્રૂપેણભવનં તે ઉપદેશનો પણ સાર છે
અને તેનો સાર નિર્વાણ છે.

શ્રુતનો સાર ચારિત્ર અને ચારિત્રનો સાર મુક્તિ છે.

'આત્મા તત્ત્વથી પરમાત્મા છે'

એકેકું ચિત્ત, એકેકું મન, શુભ લેશ્યા,
શુદ્ધ અધ્યવસાય, શુદ્ધ તીવ્ર અધ્યવસાય,
શુદ્ધ ઉપયોગ, શુભ ક્રિયા, અત્યન્ત તીવ્ર ભાવના,
પુનઃપુનઃ વિચારણા અને આચરણા એ સાધના છે.
સાધના એ જ સિદ્ધિનો હેતુ છે.

સામાઇઅમાઇઅં સુઅનાણં, જાવ બિંદુસારાઓ ।
તસ્સવિ સારો ચરણં, સારો ચરણસ્સ નિવ્વાણં ॥

અર્થ: સામાયિકથી માંડી ચૌદમાં લોકબિંદુસાર પૂર્વ સુધી
શ્રુતજ્ઞાન છે, તેનો સાર ચારિત્ર - તેનો સાર નિર્વાણ છે.
જ્ઞાનનો સાર ચારિત્ર અને ચારિત્રનો સાર નિર્વાણ.

દિક્કાલાદ્યનવચ્છિન્નાનન્તચિન્માત્રમૂર્તયે ।
સ્વાનુભૂત્યેકસારાય નમઃ શાન્તાય તેજસે ॥ (પરિશિષ્ટ-૮)

ॐ अर्हं

## મોક્ષમાં જવાનો અવ્યક્ત માર્ગ

| ગુ.સ્થા. | બિન્દુનાદ | | અર્ધમાત્રા | સેતુ |
|---|---|---|---|---|
| ૪ | બિન્દુ | ∘ - | તચ્ચિત્ત | અરિહંત |
| ૫ | અર્ધેન્દુ | ◡ - | તન્મન | સિદ્ધ |
| ૬ | નિરોધિની | ▽ - | તલ્લેશ્ય | આચાર્ય |
| ૭ | નાદ | ∘∘ - | તદધ્યવસાય | ઉપાધ્યાય |
| ૮ | નાદાન્ત | V - | તત્તીવ્રાધ્યવસાય | સાધુ |
| ૯ | શક્તિ | ∘∘ - | તદર્થોપયુક્ત | દર્શન |
| ૧૦ | વ્યાપિની | ⊻ - | તદર્પિતકરણ | જ્ઞાન |
| ૧૧ | સમના | ∘ - | તદ્ભાવનાભાવિત | ચારિત્ર |
| ૧૨ | ઉન્મના | ∘ - | अन्नत्थ कत्थइ मणं अकरेमाणे। | તપ |

તચ્ચિત્ત, તન્મન, તલ્લેશ્ય, તદધ્યવસાય, તદર્પિતકરણ, તત્તીવ્રાધ્યવસાય, તદર્થોપયુક્ત અને તદ્ભાવનાભાવિત એ ૮ વિશેષણોમાં 'તદ્' શબ્દ એક જ છે, તે સર્વનામ છે અર્થાત્ સર્વની સાથે સંબંધ કરાવે છે.

'નમો' એ મોક્ષમાં જવાનો અવ્યક્ત માર્ગ છે. અવ્યક્તમાં ચિત્ત સ્થાપવું એ અધિક ક્લેશકર છે, તેથી અરિહંતાદિ વ્યક્ત પછી તેની સાથે જોડવામાં આવે છે.

## કયા ગુણને કારણે કયો લોક મળે?

તમોગુણના કારણે - દેહ - ભૂલોક, રજોગુણના કારણે - પ્રાણ - ભુવઃલોક, સત્ત્વગુણના કારણે - મન - સ્વઃલોક, વિજ્ઞાનગુણના કારણે - જ્ઞાન, ઇચ્છા, ક્રિયા - જનલોક, સત્ગુણના કારણે તપલોક, ચિત્ગુણના કારણે મહર્લોક તથા આનંદગુણના કારણે સત્યલોક મળે છે.

## ધર્મ અને યોગ

ધર્મનું તાત્પર્ય નિષ્કામ બુદ્ધિ નહિ પણ સમાહિત બુદ્ધિને મેળવીને સમાહિત ચિત્ત દ્વારા ગુણાતીત થવા માટે છે.

યોગશાસ્ત્ર તે અનુભવનું શાસ્ત્ર છે.

પરબ્રહ્મ સાથે એક થવા માટે યોગનો ઉપયોગ છે.

સમાધિમાં તે અનુભવ મનુષ્યની બુદ્ધિને, બુદ્ધિની હદને ઓળંગી જાય છે, તેથી કંઈ માનવબુદ્ધિનો નાશ થતો નથી, કિન્તુ અપરા - નીચેની પ્રકૃતિ તેના પર અસર ન કરી શકે.

પ્રેમ નિષ્કામ અને સ્વતંત્ર છે.

અપરાપ્રકૃતિ ત્રિગુણાત્મક છે.

પરાપ્રકૃતિ સચ્ચિદાનંદમય છે.

દૃશ્ય એ કાર્ય છે, તેથી પરતંત્ર છે.

તે માત્ર કાર્યરૂપે સત્ય છે.

ॐ

## વિજ્ઞાન - સચ્ચિદાનંદનું જ્ઞાન

દરેક મનુષ્ય પ્રભુનો સર્વાત્મભાવ અને સર્વાતીતભાવ
પોતાના સ્વભાવ પ્રમાણે પોતાનો કરી શકે,
તેટલો સ્વતંત્ર હોવો જોઈએ.
જેને પ્રભુ પ્રિય બને છે, તે પ્રભુને પ્રિય બને છે.
જ્ઞાનમાં સર્વાતીત, કર્મમાં પ્રભુઈચ્છાને શરણ અને ભક્તિમાં
સર્વ રૂપ ઉપર પરમ પ્રેમ, એ વિકસનના સાધન છે.
એ સાધનને સાધતાં સાધતાં
પુરુષ પુરુષોત્તમ સ્વરૂપને પામી શકે છે.
સ્વરૂપાસ્તિત્વથી એકત્વનો વિચાર સર્વાતીત પદ આપે છે.
સાદૃશ્યાસ્તિત્વ વડે એકત્વનો વિચાર સર્વાત્મભાવને
વિકસાવે છે. નિશ્ચય વડે એકત્વના વિચારપૂર્વક
ઉપચારથી યથોચિત કર્મ એ શરણાગતિનું સ્વરૂપ છે.
'ભૂઃ, ભુવઃ, સ્વઃ, મહઃ, જનઃ, તપઃ, સત્યં'
એ ૭ લોકનું અનુક્રમે શરીર, પ્રાણ, મન, વિજ્ઞાન,
આનંદ, ચિત્ત, સત્ - એ ઉત્ક્રાંતિની ૭ ભૂમિકાઓ છે.

○

Any rich man can feed the body,
but only those who know
can feed the soul.

○ તરુવર સરવર સંતજન, ચોથા વરસત મેહ,

પરમારથને કારણે, ચારે ધરતાં દેહ.

દેહ ધારણ કરવા માટે જરૂરી એવા જળ, ફળ, ધાન્ય,
કપાસ અને કાષ્ઠ આદિને આપવા માટે જ જાણે વૃક્ષ,
સરોવર અને મેઘ પોતાનો દેહ ધારણ કરી રહ્યા ન હોય
તેવી કલ્પના કરીને ચોથા સંતજનને પણ ગણાવે છે,
કેમકે દ્રવ્યપ્રાણનું ધારણ કરવાની સામગ્રી હોય અને
ભાવપ્રાણ માટે સામગ્રી ન હોય,
તો પણ જીવન ધારણ કરવું અશક્ય બને.

સંતજન સર્વનું ભલું ચાહનારા હોવાથી
જીવોને ભાવપ્રાણ ધારણ કરવાનું બળ મળે છે, કેમકે
સંતજનોની ભાવના વડે જ જીવને આત્મકલ્યાણ અને
પરમાર્થના માર્ગે આગળ વધવાની પ્રેરણા મળે છે.

विषयस्य समापत्तिरुत्पत्तिर्भाव संज्ञितः ।
आत्मनस्तु समापत्तिर्भावोद्रव्यस्य तात्त्विकः ॥

સદૃષ્ટિ: વિષયની સાથે એકતા માત્ર વિચારમાં છે, જ્યારે
આત્માની સાથે એકતા તાત્ત્વિક છે.
એક વસ્તુનો વિચાર છે, બીજો વસ્તુનો પર્યાય છે.
આત્માની સાથે એકતાનું ભાન તાત્ત્વિક છે.

વિષયોની સાથે એકતાનું ભાન ક્ષણિક અને અતાત્ત્વિક છે.
મનુષ્યનો વિચાર વસ્તુને બદલી શકતો નથી. આત્મા એ
વસ્તુ છે અને તે સિવાય બીજું બધું અવસ્તુ છે.

અવસ્તુનું અસ્તિત્વ વિચારમાત્રમાં છે, જ્યારે
વસ્તુનું અસ્તિત્વ કાયમ છે.

કાયમ રહેનારી અને ઉપયોગમાં આવનારી વસ્તુ માત્ર
આત્મા છે. તે સિવાયની વસ્તુ માત્ર વિચારમાં આવે છે.

એ વિચારની શક્તિ કાંઈ જ નથી.

શક્તિ વસ્તુમાં છે અને વસ્તુ તો આત્મા પોતે છે.

o

Allness of God and nothingness of all
other than God or Soul.

Only Soul has power.

Non-Soul is powerless.

If you or I show forth any qualities
that the world considers desirable, let
us at least give credit to God for
being the source, foundation or reality
of whatever those qualities may be.

-Joel Goldsmith

## Our Purpose

Our purpose in being on this path is the expansion of consciousness to the point where we recognize God as our individual consciousness and therefore good flows out from that divine source in infinite measure.

We are on the spiritual path for but one purpose: to die daily to our human sense of life that was and to be reborn to the life which is God: to die daily to the limited finite sense of ourselves that we have always entertained and be reborn of the Spirit to realize Spirit as our true identity and then watch and see how it unfolds.

o Let people realize that you know more than what you say.

## ધર્મમંગળ

ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે. સર્વ કાર્યોની સિદ્ધિ ધર્મથી થાય છે. ધર્મની સ્તુતિ-પ્રશંસા શ્રી તીર્થંકરો-ગણધરો પણ કરે છે. ઉપદેશમાં ધર્મને લોકમાં ઉત્તમ અને શરણભૂત કહે છે, કેમકે ધર્મનો મહિમા તેમણે સાક્ષાત્ જોયો-અનુભવ્યો છે. આ મહિમાનો તેમણે સ્વયં સ્વીકાર કર્યો છે અને અન્ય સર્વને તેનો સ્વીકાર કરાવવા સતત પ્રયત્નશીલ રહે છે. ધર્મ અચિન્ત્ય શક્તિસંપન્ન છે અને તે પોતાનું કાર્ય પ્રતિ-સમય અટક્યા વગર કર્યે જાય છે, પરંતુ જ્યાં સુધી તેના માહાત્મ્યનો શ્રદ્ધાયુક્ત સ્વીકાર કરવામાં ન આવે, ત્યાં સુધી તેનો પૂરતો લાભ ઉઠાવી શકાતો નથી. ધર્મ વિકલ્પની વસ્તુ અને તેનો પ્રભાવ મનઃકલ્પિત છે. ધર્મનો પ્રભાવ તાત્ત્વિક છે, કિન્તુ તે તાત્ત્વિક પ્રભાવને અનુભવવા માટે તેના સ્વીકારની અતિ આવશ્યકતા છે. એ સ્વીકાર જિનવચનથી, પોતાની બુદ્ધિથી, ઊહાપોહ અને સ્વસંવેદનથી પણ થઈ શકે છે.

ગમે તે પ્રકારે પણ ધર્મના પ્રભાવનો સ્વીકાર શ્રદ્ધાપૂર્વક થાય તો તુરંત જ જીવનું કલ્યાણ થાય છે. એ ધર્મ બે પ્રકારનો છે: એક શ્રુતરૂપ અને બીજો ચારિત્રરૂપ.

શ્રુતરૂપ ધર્મ વસ્તુસ્વભાવને બતાવે છે. ચારિત્રરૂપ ધર્મ
વસ્તુસ્વભાવના જ્ઞાન મુજબ આચરણ કરવાનું કહે છે.
એ આચરણ જ મોક્ષને આપનારૂં કારણ છે.

જ્ઞાનરૂપ ધર્મ વસ્તુના સ્વભાવને બતાવે છે.
ચારિત્રરૂપ ધર્મ એ સ્વભાવ મુજબ આચરણ કરાવી
તેના ફળનો જીવને ભોક્તા બનાવે છે.

વસ્તુના સ્વભાવરૂપ ધર્મ ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યાત્મક છે.
વસ્તુમાત્ર પ્રતિસમય ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યાત્મક યુક્ત છે.
પૂર્વપર્યાયનો વ્યય, ઉત્તરપર્યાયનો ઉત્પાદ અને
વસ્તુરૂપે કાયમ ટકવાપણું - એ વસ્તુનો ધર્મ છે.
'જેમ જડમાં, તેમ ચેતનમાં પણ તે ધર્મ
પ્રતિસમય પોતાનું કાર્ય કરી રહેલ છે.'

આવું જ્ઞાન થવું, તેનો શ્રદ્ધામાં સ્વીકાર થવો અને એ
સ્વીકાર મુજબ આચરણમાં ઉતરવું એ મુક્તિપ્રદાયક છે.
એથી વિપરીત જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ ભવપ્રદાયક છે.

જડનો ધર્મ જડસ્વરૂપ છે, ચેતનનો ધર્મ ચેતનસ્વરૂપ છે.
સુખ અને દુઃખ, પુણ્ય અને પાપ, બંધ અને મોક્ષ
જડને નહિ પણ ચેતનને છે.
જડમાં માત્ર પારિણામિક અને ઔદયિકભાવ છે.

ચેતનમાં પારિણામિક અને ઔદયિક ઉપરાંત ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક ભાવો પણ રહેલાં છે, કેમકે જીવને કર્મની સાથે સંબંધમાં આવવાની યોગ્યતા છે અને કર્મપુદ્ગલમાં પણ જીવની સાથે સંબંધમાં આવવાની યોગ્યતા છે. પરસ્પર બંને યોગ્યતાના કારણે જીવમાં ઔદયિક ઉપરાંત ક્ષાયિકાદિ ભાવો ઉત્પન્ન થાય છે. ઔદયિક ભાવોમાંથી છૂટી ક્ષાયોપશમિક ભાવ અને ક્ષાયિક ભાવમાં જીવની ગતિ કરાવનાર વસ્તુસ્વભાવ રૂપ ધર્મનું ભાન, ધર્મનું શ્રદ્ધાન અને એ ભાન તથા શ્રદ્ધાન મુજબ આચરણ છે. જીવ જ્યારે પ્રતિક્ષણ ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યાત્મક પોતાનું સ્વરૂપ જાણી એ તથા સ્વીકારે છે, ત્યારે તેનું આચરણ સ્વભાવોન્મુખ થાય છે અને એ આચરણ તેને મોક્ષદાયક બને છે.

વસ્તુના બે ધર્મો - ઉત્પાદ અને વ્યય
અનુક્રમે રાગ અને દ્વેષના ઉત્પાદક છે.
ધ્રૌવ્યધર્મ રાગ અને દ્વેષમાં મધ્યસ્થ પરિણામ પ્રકટાવે છે,
પરંતુ જો એકલો ધ્રૌવ્યધર્મ જ માનવામાં આવે અને
ઉત્પાદધર્મ તથા વ્યયધર્મનો અંગીકાર કરવામાં ન આવે,
તો ધ્રૌવ્યધર્મ મોહોત્પાદક બને છે.

ધ્રૌવ્યધર્મથી થતા મોહ અને મૂર્છાને નિવારવાનું સામર્થ્ય ઉત્પાદ - વ્યયધર્મોમાં છે અને ઉત્પાદ - વ્યયધર્મો વડે થતા રાગ-દ્વેષના ભાવોને નિવારવાનું સામર્થ્ય ધ્રૌવ્યધર્મમાં છે.

એ રીતે રાગ-દ્વેષ અને મોહ,

જે ચિત્તના સંસારકારક પરિણામો છે, તે ત્રણેનું નિવારણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત વસ્તુસ્વભાવના ચિન્તનમાં છે. રાગ-દ્વેષ, રતિ - અરતિ, હર્ષ - શોક આદિ દ્વંદ્વોના ઉત્પાદક ઉત્પાદ - વ્યય ધર્મો છે, તેમાં ધ્રૌવ્યધર્મનું ભાન ભળવાથી દ્વંદ્વોમાં માધ્યસ્થ્ય પેદા થાય છે અને એકલા ધ્રૌવ્ય ધર્મના સ્વીકારથી થતો મોહ અને મૂર્છાને નિવારવાનું સામર્થ્ય ઉત્પાદ - વ્યય ધર્મના ચિન્તનમાં રહેલું છે. ઔદાસિન્ય ભાવનો જનક ત્રિધર્મયુક્ત વસ્તુસ્વભાવ છે, તેથી જ ધર્મનું અંતિમ લક્ષણ 'વત્થુ સહાવો ધમ્મો ।' એ રીતે કરેલું છે. વસ્તુનો સ્વભાવ એ જ ધર્મ છે.

ધર્મ એ વસ્તુસ્વભાવથી ભિન્ન નથી અને
વસ્તુસ્વભાવ એ ધર્મથી ભિન્ન નથી.
ધર્મને નવો ઉત્પન્ન કરાતો નથી,
તે તો અનાદિસિદ્ધ - સહજ સ્વભાવરૂપ છે.

તેના અભાન - અશ્રદ્ધાનથી જ જીવ સ્વપર બધો ભાર લઈને ભય, શોક, ચિંતા, ઉદ્વેગાદિ દ્વંદ્વોને આધીન થાય છે.

V.V. Imp. રાગ-દ્વેષ અને મોહથી મુક્ત થવાનો ઉપાય
વસ્તુસ્વભાવરૂપ ધર્મના સ્વીકારમાં રહેલો છે.
એ સ્વીકાર કરવાથી જીવને કરવાનું કાંઈ રહેતું નથી.
માત્ર જાણવાનું, સ્વીકારવાનું અને જાણી તથા સ્વીકાર
કરીને તે જ્ઞાન અને શ્રદ્ધામાં સ્થિર રહેવાનું છે.
એ સ્થિરતા એજ ચારિત્ર છે.
વસ્તુના ધર્મના જ્ઞાન અને સ્વીકારથી
તે સ્થિરતા આપોઆપ ઉત્પન્ન થાય છે.
જેટલા અંશે સ્થિરતા ઉત્પન્ન થાય, તેટલા અંશે ધર્મ છે.
જેટલા અંશે અસ્થિરતા રહે, તેટલા અંશે અધર્મ છે.
અધર્મને ટાળવાનું અને ધર્મને પાળવાનું સાધન
વસ્તુસ્વભાવના જ્ઞાન અને શ્રદ્ધાનમાં રહેલું છે.

અહિંસા - સત્ય - અસ્તેય - બ્રહ્મચર્ય - અપરિગ્રહના
અપાલનથી શેનો શેનો નાશ થાય ?

હિંસાથી ધર્મ અને તનનો નાશ થાય છે.
જૂઠથી મોક્ષ અને વચનનો નાશ થાય છે.
ચોરીથી અર્થ અને ધનનો નાશ થાય છે.
અબ્રહ્મથી કામ અને ઇંદ્રિયોનો નાશ થાય છે.
પરિગ્રહથી ચારે પુરુષાર્થો અને મનનો નાશ થાય છે.

અહિંસા - સત્ય - અસ્તેય - બ્રહ્મચર્ય - અપરિગ્રહના
અપાલનથી કયા કયા રોગો થાય?

હિંસા એ શરીરના રોગોનું કારણ, જૂઠ એ વચનના રોગોનું કારણ, ચોરી એ ધનના રોગોનું કારણ, અબ્રહ્મ એ ૫ ઇંદ્રિયોના રોગોનું તથા પરિગ્રહ મનના રોગોનું કારણ છે.

અહિંસા - સત્ય - અસ્તેય - બ્રહ્મચર્ય - અપરિગ્રહના
અપાલનથી શેનો નાશ થાય?

હિંસાથી ધર્મપુરુષાર્થનો નાશ, જૂઠથી મોક્ષપુરુષાર્થનો નાશ, ચોરીથી અર્થપુરુષાર્થનો નાશ, અબ્રહ્મથી કામપુરુષાર્થનો નાશ તથા પરિગ્રહથી સર્વ પુરુષાર્થનો નાશ થાય છે.

અહિંસા - સત્ય - અસ્તેય - બ્રહ્મચર્ય - અપરિગ્રહના
પાલનથી શેની શેની રક્ષા થાય?

અહિંસાથી ધર્મ અને શરીરની રક્ષા, સત્યથી મોક્ષ અને વાણીની રક્ષા, અચૌર્યથી અર્થ અને ધનની રક્ષા, બ્રહ્મચર્યથી કામ અને ઇંદ્રિયોની રક્ષા તથા
અપરિગ્રહથી મન અને સર્વસ્વની રક્ષા થાય છે.

તન, મન, ધન, વચન તથા
ધર્મ - અર્થ - કામ અને મોક્ષપુરુષાર્થનું
સાધન અહિંસાદિ યમોથી થાય છે.

o સંત તુલસીદાસ કહે છે : 'સુકૃતરૂપી નરહાદિ શું મારા પાપરૂપી પહાડ કાપી શકશે ? હું તો માત્ર પ્રભુના અનુગ્રહ ઉપર જ આધાર રાખું છું.' મોક્ષમાર્ગમાં કૃપા મુખ્ય છે. એમાં પોતાનું બળ કે પોતાની સાધના કામ આવતી નથી.

જે કોઈ સાધન થઈ આવે, ત્યાં પણ
પ્રભુની કૃપાને જ જોતાં શીખવું જોઈએ.

o ખલિલ જિબ્રાન કહે છે : માનવતાનું ન્યાયમંદિર તો માનવના નિઃશબ્દ હૃદયમાં છે, વાચાળ મનમાં કદી નહિ.

o

## Seeds are seeds

men do not attract that which they want but that which they are. Every soul is destined for perfection because God is God of love, whose love is everywhere and whose patience with us will never be exhausted. Similarity of substance, sameness of purpose and relatadeness of all these three are essentials of acquiring, complete religious life in action.

Failure is the school of success.
Clean your heart with forgiveness and
adorn your soul with love.
Be hard with yourself & soft with others.
Forgive all,
but don't forgive yourself.
Never take an important decision
without putting the matter
before God in prayer.
O Lord, make me good and
make everybody else better than me.
You cannot please everybody
but please God first and
you will please the rest of men.
Don't speak ill of others, but don't
worry if people speak ill of you.
Forgive and forget.
A life still more honest than before, will
be the best answer to such critics.

## આગમ અને તીર્થંકર ભગવંત

જેણે શાસ્ત્રને આગમ કર્યું, મુખ્ય કર્યું,
તેણે વીતરાગ ભગવંત આગમ કર્યા.
શાસ્ત્રના ઉપયોગે તેના કર્તા સાંભરે જ.
સર્વ ગુણસહિત કેવળજ્ઞાન જેનું મૂળ કારણ છે,
એવું વીતરાગનું વચન તે શાસ્ત્ર છે.

તીર્થંકર પ્રણીત આગમ હૃદયમાં રહે, ત્યારે પરમાર્થથી તીર્થંકર ભગવંત પણ હૃદયમાં રહે છે, કારણ કે તે તેના સ્વતંત્ર પ્રણેતા હોઈ સર્વ અર્થની અવશ્ય સિદ્ધિ થાય છે.

कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ।
स बुद्धिमान् मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत् ॥

:અર્થ:

જે નિષ્કામ કર્મોમાં અકર્મ અને અજ્ઞાનપૂર્વક
અકર્મોમાં કર્મને જુએ છે, તે મનુષ્યોમાં
બુદ્ધિમાન, યોગી અને સર્વ કર્મનો કર્તા છે.

નિશ્ચયનયથી સર્વ સાધન આત્માની તત્પરતાએ થાય, તો જ તે ધર્મ સત્ય છે, અહીં કહેવું છે અન્યથા નિરંજન જ્ઞાનને ધર્મ, તત્ત્વાર્થથી ઘટતાં નહીં અને કૃતને એકાંતે અકૃતત્વ બુદ્ધિ તો મિથ્યાત્વ વાસનાથી વિલસિત જ છે.

## બાહ્ય - અભ્યંતર તપ ભેદ

કર્મને તપાવનાર હોવાને લીધે તપ તે જ્ઞાન જ છે, તેથી અંતરંગ તપ જ ઇષ્ટ છે. અનશનાદિ બાહ્યતપ અંતરંગ તપને વધારનાર હોય તો જ ઇષ્ટ છે. પ્રાયશ્ચિત્ત આદિ ભેદવાળા જ્ઞાન વિશેષરૂપ અંતરંગ તપને પુષ્ટ કરનાર હોવાથી બાહ્યતપ પણ તપ ગણાય છે. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન તથા કાયોત્સર્ગ એ ૬ અંતરંગ તપ છે, કેમકે તેમાં જ્ઞાન વિશેષ ઉપકારી છે.

પ્રાયશ્ચિત્ત તપમાં પાપવિપાકની કટુતાનું જ્ઞાન છે.

વિનય તપમાં ગુણવિશેષની હિતકરતાનું જ્ઞાન છે.

વૈયાવચ્ચ તપમાં પાત્રવિશેષની ઉપકારકતાનું જ્ઞાન છે.

સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ તો સાક્ષાત્ જ્ઞાન સ્વરૂપ છે. સ્વાધ્યાય વડે શાસ્ત્રજ્ઞાન, ધ્યાન વડે આત્મજ્ઞાન અને કાયોત્સર્ગ વડે આત્માનુભૂતિ થાય છે.

## ૩ પ્રકારના વાદ

શુષ્કવાદ = કંઠ - તાલુનો શોષમાત્ર.

વિવાદ = જ્યાં પરવાર્તાદિ કાર્યની હાનિ થાય છે તે.

ધર્મવાદ = તત્ત્વજ્ઞાનનો અર્થી પૂછે અને તત્ત્વજ્ઞ કહે.

અન્યના સિદ્ધાંતમાં રહેલું વચન
વિષયના પરિશોધનથી પ્રમાણ છે.

तत्राऽपि न च द्वेषः कार्यः विषयस्तु यत्नतो मृग्यः ।
तस्यापि न सद्वचनं सर्वं यत् प्रवचनादन्यत् ॥
- षोडशक - १६ - १३ (પરિશિષ્ટ-૯)

'વિશેષિત' એટલે વિષય પરિશોધિત નહીં યોજિત. સ્વસિદ્ધાન્તનું વચન પણ અનુયોગે કરી વિશેષિત ન હોય તો તે અપ્રમાણભૂત છે અને વિષય પરિશોધિત નહીં વિશેષિત અન્યનું વચન પણ પ્રમાણભૂત મનાય છે.

० आर्ता देवान्नमस्यन्ति तपः कुर्वन्ति रोगिणः ।
निर्धना विनयं यान्ति वृद्धानारी पतिव्रता ॥

સૂક્તિ: લોક દુઃખ વખતે દેવને સૌ નમે છે, કિન્તુ સુખ વખતે નમે તેની જ બલિહારી છે.

એ જ રીતે રોગી તપ કરે, નિર્ધન વિનય કરે અને વૃદ્ધ સ્ત્રી પતિવ્રતા બને, તેમાં નવાઈ નથી પણ નિરોગી તપ કરે, ધનવાન વિનય કરે અને યૌવનમાં પતિવ્રતાપણું ધારણ કરે, તે વખાણવા યોગ્ય છે.

*Nothing is done by us only,
but everything has happened
according to the will or
plan of God for the good of all.*

o આપણું વિદ્વાનોનું સત્ય સાપેક્ષ છે.
નિરપેક્ષ સત્ય અથવા તો કેવળ સત્ય
આપણી એટલે કે માનવની બુદ્ધિની બહારની વસ્તુ છે.

o ભોગ, કુલ, વિત્ત, મૌન, બલ, રૂપ, શાસ્ત્ર, ગુણ,
કાયા અને સર્વ વસ્તુ ભયથી યુક્ત છે.

ભોગે રોગ ભયં કુલે ચ્યુતિભયં વિત્તેનૃપાલાદ્ભયં,
માને દૈન્યભયં બલે રિપુભયં રૂપે જરાયા ભયમ્ ।
શાસ્ત્રે વાદભયં ગુણે ખલભયં કાયે કૃતાન્તાદ્ભયમ્,
સર્વં વસ્તુ ભયાન્વિતં ભુવિ નૃણાં વૈરાગ્ય મેવાઽભયં ॥૧॥

(પરિશિષ્ટ-૧૦)

o ભોગમાં ભય છે, દ્વેષ છે, ખેદ છે.
યોગમાં અભય છે, અદ્વેષ છે, અખેદ છે.
પરભાવરમણતા તે ભય, દ્વેષ અને ખેદની દ્યોતક છે.
સ્વભાવરમણતા અભય, અદ્વેષ અને અખેદની દ્યોતક છે.

o

Latin word Re + legere = Religion
Re + legere = rebinding together,
anew of human hearts by a fresh faith.
Experience comes through pleasure,
but wisdom comes through much pain.

વાસલપુર, જેઠ વદી ૨, સં. ૨૦૨૨

'યોગશાસ્ત્ર' પ્રકાશ-૪માં શ્લોક છે કે:

अबन्धूनामसौ बन्धुरसखीनामसौ सखा ।
अनाथानामसौ नाथः धर्मो विश्वैकवत्सलः ॥

અર્થ: આખા ય વિશ્વ ઉપર વાત્સલ્ય રાખનાર ધર્મ જ ભાઈ વગરનાઓનો ભાઈ, મિત્ર વગરનાઓનો મિત્ર અને અનાથોનો નાથ છે. - કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્ર સૂરીશ્વરજી

## સર્વજીવમૈત્રીનું માહાત્મ્ય

સર્વ તીર્થંકર ભગવંતો કે શ્રી જિનેશ્વર ભગવંતોને દરેક જીવ પ્રત્યે સરખો જ વાત્સલ્ય ભાવ હોય છે, પછી તે જીવ શ્રી જિનેશ્વર ભગવંત પ્રત્યે શત્રુભાવવાળો હોય, મિત્રભાવવાળો હોય યા ઉપેક્ષાભાવવાળો હોય. જિનસ્વરૂપ આપણા આત્માએ પણ દરેક જીવને પોતાના હૃદયમાં સરખું જ સ્થાન આપવું જોઈએ, પછી ભલે તે જીવના હૃદયમાં આપણું સ્થાન હોય કે ન ય હોય. બીજાઓએ પોતાના હૃદયમાં આપણને સ્થાન આપવું જ જોઈએ, એવો આગ્રહ ન રાખતાં બધાને આપણા હૃદયમાં સરખું સ્થાન આપવું જોઈએ, એવો આગ્રહ રાખવો જરૂરી છે.

દરેક જીવને હૃદયમાં પરમાત્મા રૂપે વસાવવા,

એ જ વાત્સલ્યનો વાસ્તવિક અર્થ છે.

દરેક જીવ તત્વથી પરમાત્મસ્વરૂપ છે,

પછી ભલે તે જીવ સ્વરૂપથી અજ્ઞાત હોય.

અજ્ઞાત હોવા માત્રથી સ્વરૂપ મટી જતું નથી કે મલિન પણ થઈ જતું નથી, કેમકે દ્રવ્યાર્થિકનયથી તે નિત્ય છે, શુદ્ધ છે, બુદ્ધ છે, મુક્ત છે, અખંડ છે અને ધ્રુવ છે.

દુનિયાને શત્રુ કે મિત્ર બનાવવા તે પોતાના હાથની વાત છે.

મિત્રસ્યમા ચક્ષુષા સર્વાણિ ભૂતાનિ સમીક્ષન્તામ્ ।

મિત્રસ્યાહં ચક્ષુષા સર્વાણિ ભૂતાનિ સમીક્ષે ॥ શ્રુતિઃ

સર્વ પ્રાણીઓ મને મિત્રની દૃષ્ટિથી જુએ એવી જો મારી ઇચ્છા હોય તો હું ય સર્વ પ્રાણીઓને મિત્રની દૃષ્ટિથી જોઉં.

નિવૃત્તિ, મુક્તિ, શાંતિ

'મુક્તિ' એટલે મૃત્યુનું મૃત્યુ પણ જીવનનું મરણ નહિ.

મુક્તિની શાંત ભૂમિકા ઉપર અખંડ સત્કર્મ ચાલે છે.

નિવૃત્તિ, મુક્તિ કે શાંતિ સમાર્થક છે.

જીવનનો, સત્કર્મનો કે ઇચ્છાશક્તિ (વીર્યગુણ)નો

આત્યંતિક નાશ એવું શાંતિનું

શૂન્યાત્મક સ્વરૂપ નહિ પણ અનંતાત્મક સ્વરૂપ છે.

આકાશને શૂન્યની સંજ્ઞા છે છતાં તે અનંત છે.

તે પ્રયત્ન શાંતિને નિવૃત્તિનું નામ મળે, તો પણ
એ નિવૃત્તિમાં અનંત પ્રવૃત્તિની પ્રેરણા છે,
તેથી તેમાં અક્રિયશૂન્યતા નહિ પણ
કૃતકૃત્યતાનો અનુભવ થાય છે.
શાંતિ, અદિતિ વગેરે સર્વ ગુણાતીત છે.

<u>ૐકાર અને શાંતિ</u>

કામ, ક્રોધ અને લોભાતીત શાંતિ એ જ આત્માનું શુદ્ધ સ્વરૂપ છે. ૐકાર એ ઉપાસનાનો ઉપાસ્ય દેવતા છે એટલે ૐકાર અને શાંતિ શબ્દ પર્યાયવાચી છે.

અ - અગ્નિ = વાક્ - સ્ત્રીલિંગ
ઉ - વાયુ = મન - નપુંસકલિંગ
મ - ઈંદ્ર = પ્રાણ - પુલિંગ

ત્રણે માત્રાની પેલે પારની અર્ધી માત્રાને મેળવ્યા સિવાય
સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત ન થાય.

3 માત્રા વડે ૐકારનું વિશ્વરૂપ દર્શન થાય છે.
ઇંદ્રિયો પ્રત્યક્ષપ્રમાણ છે, મન અનુમાનપ્રમાણ છે
તથા ૐકાર એ શબ્દપ્રમાણ છે.

ૐકાર કોઈનો વિનાશ કરતો નથી, તેથી કોઈથી વિનાશ પામતો નથી, અને એવું વર્ણન 'અક્ષર' શબ્દનું છે.

'મારી લઈ' એ કર્તરિ ષષ્ઠી છે.
'મારી પાસે લઈ' એ સ્વામિત્વ છે,
તેથી મારે લઈ કર્મત્વ સહન કરવું પડે છે.
નિર્લેપ થવાનું સાધન બધાને નિર્લેપ કરવા તે છે.
મહાન આત્મા જ નૈષ્ઠિક શાંતિ મેળવી શકે છે.
મિત્રસ્ય મા ચક્ષુષા સર્વાણિ ભૂતાનિ સમીક્ષે ।
અર્થાત્: સર્વભૂતો તરફ હું મિત્રદૃષ્ટિથી જોઉં છું
એ કર્તવ્યની જવાબદારીવાળી પ્રાર્થના છે.
o આત્મા મારતો નથી 'નાઽયં હંતિ;'
તેથી આત્મા મરાતો નથી 'ન હન્યતે'।
અહીં ૐ ૐમહત્ત્વ છે.
દયા - હન્તિ = જુલમ કરનાર = ક્રોધ.
દાન - હન્યતે = જુલમને વશ થનાર = લોભ.
દમ - ઘાતયતિ = જુલમ કરાવનાર = કામ.
अ = ઇંદ્રિયદમનનો ઉનાળો કામને કરમાવશે.
उ = દયાવૃત્તિનો શિયાળો ક્રોધને ઠુંઠવશે.
म = દાનબુદ્ધિનું ચોમાસું લોભને ધોશે.
નિષ્કામ (ન ઘાતયતિ), નિષ્ક્રોધ કે નિર્વૈર (ન હન્તિ) તથા
નિર્લોભ (ન હન્યતે) સ્વરૂપ પ્રગટ થશે.

## અર્હમાત્મા અને મહસ્

અર્હમાત્માને 'મહસ્' પણ કહે છે.

તે જ ૐકારની સર્વપૂરક, સર્વસાક્ષિણ્ય, સર્વસંવાદી, સર્વાન્તર્યામી અર્હમાત્મા છે.

ભૂમિ length, અંતરિક્ષ Breadth, દ્યુલોક Width. આ ત્રણેનો સંબંધ કરી વિશ્વને અખંડ કે સંલગ્ન સ્વરૂપ દેનાર fourth Dimension એવું પરિમાણ વૈજ્ઞાનિકો માને છે, તેમ મહસ્ યાને અર્હમાત્મા આ તુરીયનાં જ 3 પરિમાણો ભૂઃ ભુવઃ સ્વઃ મહસ્ પરિમાણનાં જ અંગો છે. મહસ્તત્ત્વને લીધે જ સર્વ પરિમાણોને મહત્ત્વ મળ્યું છે.

## અદ્વૈતાત્મક શાંતિ

ભૂઃ = તમોગુણ | ભુવઃ = રજોગુણ

સ્વઃ = સત્ત્વગુણ | મહસ્ = નિસ્ત્રૈગુણ્ય

'त्रिकर्मकृत् तरति जन्ममृत्यू ।'

દમ-દાન-દયાત્મક ત્રિવિધ કર્મ કરનારો જન્મ-મૃત્યુને તરી જાય છે. શાંતિ પ્રાપ્ત કર્યા પછી કે શાંતિ પ્રાપ્ત કરવા માટે કર્મ અવશ્ય જોઈએ, તેથી કર્મશૂન્ય શાંતિની કલ્પના ઋષિમુનિઓ પણ કદી ય કરી શકતા નથી.

વદતો વ્યાઘાત = Contradiction in terms.

'શાંતિને પાપકર્મનો ભય લાગે છે'
એમ કહેવા કરતાં એમ કહેવું યથાર્થ છે કે:
'પાપકર્મને શાંતિનો ભય લાગે છે.'
દુરાગ્રહબુદ્ધિ દૂર ગયા વિના આત્મપ્રાપ્તિની આશા વ્યર્થ છે.
સત્યમેવ જયતિનાઽનૃતમ્ ।
રાજસ, તામસ કર્મ કરીને આત્મામાં રહેવું શક્ય નથી.
ચોરી નિર્લોભ હોતી નથી, ખૂન નિર્વૈર હોતું નથી અને
કોઈપણ સમયે વ્યભિચાર નિષ્કામ હોઈ શકતો નથી.

<u>વૃત્તિ અને પ્રવૃત્તિ વચ્ચે ભેદ</u>

નિર્વૈર ક્રોધ હોઈ શકે છે, નિર્માન માન હોઈ શકે છે,
નિર્લોભ લોભ હોઈ શકે છે, નિર્માય માયા હોઈ શકે છે
પણ નિર્મોહ મૂર્છા કદાપિ હોઈ શકતી નથી તથા
નિઃસત્ત્વ કદાપિ સત્ત્વ હોઈ શકતું નથી.
અસત્કર્મ નિર્દોષ ન હોય પણ
અસત્વૃત્તિ જરૂર નિર્દોષ હોઈ શકે.
કર્મ એ વર્તનરૂપ છે.
વૃત્તિ તે વર્તન નથી પણ વર્તનની પૂર્વભૂમિકા છે.
વૃત્તિ એ કેવળ માનસિક હોય છે, જ્યારે
વર્તન એ કાયિક, વાચિક અને માનસિક ત્રિવિધરૂપે છે.

વૃત્તિશૂન્ય વર્તન અને વર્તનશૂન્ય વૃત્તિ
એ બેમાં પ્રધાન આત્મા છે, જાણું નહિ, એટલો તફાવત છે.
અહીં વિશેષ એટલો છે કે મનોભાવ નિશ્ચિત હોઈ શકે છે,
વાચિક કે કાયિકમાં પરિણામ પામે પછી તે કૃત્રિમ ન રહી શકે.
હિંસા, ચોરી આદિ વર્તન અકૃત્રિમ છે.
ક્રોધ, માનાદિ ભાવો કૃત્રિમ પણ થઈ શકે છે.

## સત્કર્મની વ્યાખ્યા

સત્કર્મમાં નિષ્કામપૂર્વકતા અને ઈશ્વરાર્પણતા હોય છે.
કર્તૃત્વાહંકાર ઈશ્વરાર્પણ બુદ્ધિ બાદ છે અને
કર્મફલાશંસા નિષ્કામ બુદ્ધિ બાદ છે.
આશંસાપૂર્વક અને અહંકારબુદ્ધિ થયેલા કર્મ
રાજસ અથવા તામસભાવયુક્ત હોવાથી સત્કર્મ જ નહિ.
સત્કર્મ સત્ત્વગુણથી ભરપૂર હોય છે.
સત્ત્વગુણ પણ શુદ્ધ અને મિશ્ર - બે પ્રકારનો હોય છે.
શુદ્ધ સત્ત્વમાં રાજસ-તામસભાવનો અંશ પણ નહિ.
મિશ્ર સત્ત્વ સહજ નિર્બળતાના કારણે દોષથી લિપ્ત છે.
તે દોષની શુદ્ધિ નિરહંકાર અને નિષ્કામભાવથી થઈ શકે છે.
ઈશ્વરાર્પણ બુદ્ધિ જો નિષ્કામ કર્મથી સહચરિત હોય,
તો ત્યારે તે કર્મ શુદ્ધ બને છે.

## ચક્ષુ, મન, જ્ઞાન, વિજ્ઞાનનો ક્રમ

ચક્ષુને મનમાં, મનને જ્ઞાનમાં, જ્ઞાનને મહત્માં અને મહત્ને શાંતમાં લીન કરે, એ ક્રમ છે.

ચક્ષુઆદિ બધી ઇંદ્રિયો તેના અધિષ્ઠાન એવા સાધકના મનમાં લીન કરવાનો અભ્યાસ એ યોગનો પાયો છે. મનને જ્ઞાનમાં, જ્ઞાનને બ્રહ્મમાં તથા બ્રહ્મને પરબ્રહ્મમાં લીન કરવાથી મુક્તિ, નિવૃત્તિ યા શાંતિ પ્રાપ્ત કરી શકાય.

પરબ્રહ્મ એ ચૈતન્ય મહાસામાન્યરૂપ છે, બ્રહ્મ એ સાદૃશ્યાસ્તિત્વની એકતારૂપ છે અને જ્ઞાન એ સ્વરૂપાસ્તિત્વની એકતારૂપ છે.

સ્વરૂપાસ્તિત્વના અસ્તિત્વનું જ્ઞાન મેળવવા માટે મન ઉપર પ્રભુત્વ પ્રાપ્ત થવું જોઇએ અને મન ઉપર પ્રભુત્વ મેળવવા ઇંદ્રિયો ઉપર સંયમ પ્રાપ્ત કરવો જોઇએ.

ઇંદ્રિયોના બે પ્રકાર છે: જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો. જ્ઞાનેન્દ્રિયોનો સંયમ કરવા કર્મેન્દ્રિયોનો સંયમ જરૂરી છે. કર્મેન્દ્રિયો સ્થૂલશરીરના અન્નમય કોષમાં છે, જ્ઞાનેન્દ્રિયો સૂક્ષ્મશરીરના પ્રાણમય કોષમાં છે. તે બન્નેને જીતવાથી કારણશરીરમાં રહેલ મનોમય કોષ, વિજ્ઞાનમય કોષ તથા આનંદમય કોષની ક્રમબદ્ધ પ્રાપ્તિ થઇ શકે છે.

મુક્તિનું તાત્પર્ય છે: પોતાપણું મટી જવું.

'મુક્તિ' એટલે અહંકારશૂન્ય થઈ પોતાને ભૂલી જવું,
બિન્દુનું સિંધુમાં વિલીન થવું તથા નદીનું સમુદ્રમાં ભળવું.
જ્યાં સુધી આનંદ ભોગવવાની ઇચ્છા છે,
વળી મુક્તિને આનંદસ્વરૂપ માને છે,
ત્યાં સુધી આપણી વાસના અને અહંકાર મર્યા નથી.

નિજપણા દિશા તરફ જુઓ...

જડ સૃષ્ટિ અપાર, અનંત, અસીમ છે, પરન્તુ ચેતનની સામે વિશાળ દુનિયા અગ્નિની સામે લાકડાના ઢગ સમાન છે.

એમ વિચારવું તે અહંકાર છે કે...

'હું દુનિયાને જેવી શકલ આપું તેવી તે બનશે. સમસ્ત દુનિયા મારા હુકમથી ચાલે છે. હિમાલય મારી જ આજ્ઞાથી ઉત્તર તરફ છે અને હું ઇચ્છું તો તેને દક્ષિણ તરફ પણ ફેંકી શકું છું. હું જો હિમાલયની ઉત્તર તરફ જાઉં તો તે દક્ષિણમાં ફેંકાઈ જશે. તે દક્ષિણમાં ન જાય તેવી તેની તાકાત નથી. તે મોટો પણ જડ છે. હું નાનો પણ ચેતન છું. તે કપાસના મોટા ઢગલા સમાન - હું અગ્નિની ચિનગારી સમાન છું. હું તેને ખાક કરી દઉં તે મને ખાક ન કરી શકે એ રીતે હું ઇચ્છું તો દુનિયાને મિત્ર યા શત્રુ બનાવી શકું છું. તે મારા જ હાથની વાત છે!

'न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।' અર્થાત્:
આ સંસારે જ્ઞાન સમ અન્ય પવિત્ર બીજું કાંઈ નથી.

यावान् वा अयमाकाशः तावान् एषोऽन्तर्हृदयआकाशः ।

અર્થાત્: જેટલું આ બહારનું આકાશ છે,
તેટલું આ અંદરનું હૃદયાકાશ છે.

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च । અર્થાત્: જીવો
પ્રત્યે દ્વેષ વગરનો જીવ મૈત્રી તથા કરુણાવાળો હોય છે.

જેને અધિક ઉપર દ્વેષ નહિ પણ પ્રમોદ આવે,
સમાન ઉપર ઈર્ષા નહિ પણ મૈત્રી આવે,
હીન ઉપર ઘૃણા નહિ પણ કરુણા આવે, તે ભક્ત છે.

જ્ઞાનના ૨ પ્રકાર

'વિશ્વ શાંતિમય છે' એવું સિદ્ધોને અનુભવજ્ઞાન છે
અને 'સર્વત્ર શાંતિ પ્રસરો'
એવું સાધકોનું ભાવનાત્મકજ્ઞાન હોય છે.

पांडित्यं निर्विद्य बाल्येन तिष्ठासेत् ।

પાંડિત્યની પાછળ ન પડતાં બાળકની જેમ વૃત્તિ કેળવવી,
બાળવૃત્તિથી રહેવું. ઋષિ-મુનિઓનું આ કથન છે.

'य एवं वेद ब्रह्माऽस्मि इति स इदं सर्वं भवति ।'
જેને 'હું બ્રહ્મ છું' એવું જ્ઞાન થાય, તે તે સ્વરૂપ બને.

બ્રહ્મભાવથી સર્વત્ર દર્શન થાય છે.
અવિરોધ વૃત્તિ અને ૐકારોપાસના એકાર્થક જ છે.
Nonresistence = Peace.
શાંતિ એ બ્રહ્મનો પર્યાય છે.
અવિરોધવૃત્તિ અનાસક્તિની પણ સૂચક છે.
'ૐ ખં બ્રહ્મ ।' 'ૐ કં ખં બ્રહ્મ ।' 'ૐ કં ખં ફટ્ ।'
ૐકાર એ વાઙ્મય બ્રહ્મ છે, તેથી કં ખં ગં ઘં - એ
સર્વ બ્રહ્મ થઈ શકે. ક તથા ખ શબ્દમાત્રના વ્યંજન
ઔપચારિક વર્ણમાળાના પ્રતિનિધિ તરીકે ઓળખાય છે.
'ખં બ્રહ્મ'થી આકાશમાં બ્રહ્મભાવના કરાય છે.
'નૈનં છિંદન્તિ શસ્ત્રાણિ ।' વર્ણન આકાશને ય લાગુ પડે.

આકાશ અને બ્રહ્મનું સામ્ય

આકાશ અને બ્રહ્મમાં અનેક ગુણ સમાન છે, તેમાં પણ
આકાશની અવિરોધ વૃત્તિ અને શાંતિ એ મુખ્ય છે.

અન્ન, પાણી અથવા હવા વિના
કેટલાક મહિના, દિવસ કે કલાક બહાર ચાલી શકે, કિન્તુ
આકાશ વિના તો જીવને એક કલાક પણ ન ચાલી શકે.

આકાશની બ્રહ્મની સાથે આ જ સામ્યતા છે.
'જ્યાં જ્યાં જાઉં, ત્યાં તું મારે સંગાથ'.

આકાશનો નીલ વર્ણ અવિરોધ વૃત્તિનો સૂચક છે.
વ્યાપક સત્તા છતાં અવિરોધ વૃત્તિને લીધે
આકાશ - વજનનો ભાર સુદ્ધાં થતો નથી.
'कं सुखं' 'खं आकाशं' 'शं सुखम्'
શાંતિ, સુખ અને આકાશ - એકાર્થક શબ્દો.
શાંતિજન્ય આનંદ આકાશ જેટલો વિશાળ આનંદ છે.
આત્મા - બ્રહ્મ એ આધાર છે, શાંતિ એ સ્વરૂપ છે.
આનંદ એ ૐકારોપાસનાનું ફળ છે.
આનંદ અને શાંતિ એકમેકના પર્યાય છે.
જ્યાં શાંતિ, ત્યાં તુષ્ટિ - પુષ્ટિ હોય જ છે.
<u>જિજ્ઞાસુ માટે</u>: પહેલાં સિદ્ધાંતજ્ઞાન, પછી ધ્યાન અને કર્મ.
તે પહેલાં જ્ઞાન મેળવશે, પછી ધ્યાન અને પછી કર્મ કરશે.
<u>આર્ત માટે</u> : પહેલાં ધ્યાન, પછી સિદ્ધાંત અને કર્મ.
તે પહેલાં ધ્યાન કરશે, પછી જ્ઞાન અને પછી કર્મ કરશે.
<u>અર્થાર્થી માટે</u>: પહેલાં કર્મ, પછી સિદ્ધાંત અને ધ્યાન.
તે પહેલાં કર્મ કરશે, પછી જ્ઞાન અને પછી ધ્યાન કરશે.
પરિપ્રશ્ન = તર્ક યા જ્ઞાન, પ્રણિપાત = ભક્તિયુક્ત ધ્યાન,
સેવા = શારીરિક કર્મ.
Head, heart & hands = જ્ઞાન-ભક્તિ-કર્મ.

## જઘન્ય - ઉત્કૃષ્ટ આંતરા તથા સંખ્યા

જઘન્ય આંતર એક સમયનું તથા ઉત્કૃષ્ટ આંતર:
(૧) સમ્યક્ત્વનું ૭ દિવસ (૨) દેશવિરતિનું ૧૨ દિવસ
(3) સર્વવિરતિનું ૧૫ દિવસ (૪) મોક્ષ પ્રાપ્તિનું છ મહિના.

સમ્યક્ત્વ અને દેશવિરતિધરની સંખ્યા
સદાકાળ અસંખ્ય જ હોય છે.

(૧) સર્વ કાળે સર્વવિરતિધરની સંખ્યા = ૨૦ અબજ હોય.
(૨) સર્વ કાળે કેવળજ્ઞાનીની સંખ્યા = ૦૨ ક્રોડ હોય.
(3) સર્વ કાળે તીર્થંકરોની સંખ્યા = ૨૦ તીર્થંકરો હોય.
(૧) ઉત્કૃષ્ટ કાળે સર્વવિરતિધરની સંખ્યા = ૯૦ અબજ હોય.
(૨) ઉત્કૃષ્ટ કાળે કેવળજ્ઞાનીની સંખ્યા = ૦૯ ક્રોડ હોય.
(3) ઉત્કૃષ્ટ કાળે તીર્થંકર દેવોની સંખ્યા ૧૭૦ તીર્થંકરો હોય.

## ધર્મ મહાસત્તાનો પ્રભાવ

અનંત આત્માઓ
ધર્મના પ્રભાવે આજ સુધી મુક્ત થયા છે અને અન્ય
અનંત આત્માઓને
થોડા જ કાળમાં મુક્ત બનાવશે, તે પ્રભાવ ધર્મનો છે.
સમકીતથી પડેલા જે જીવો ચોથે અનંતે છે,
એ બધા અર્ધપુદ્ગલ પરાવર્તમાં અવશ્ય મોક્ષ જવાના.

## કર્મ - ભક્તિ - ધ્યાનયોગ

(૧) શ્રોતવ્ય = કર્મયોગ, મંતવ્ય = જ્ઞાનયોગ,
નિદિધ્યાસિતવ્ય = ધ્યાનયોગ.

(૨) આત્માને = કર્મયોગ, આત્મા વડે = જ્ઞાનયોગ
આત્મામાં = ધ્યાનયોગ.

(3) કર્મયોગ : જ્ઞાનમૂલક અને ભક્તિપ્રધાન હોય છે.

(૪) જ્ઞાનયોગ : ભક્તિપ્રધાન અને કર્મપ્રેરક હોય છે.

(૫) ભક્તિયોગ : કર્મપ્રેરક અને જ્ઞાનમૂલક હોય છે.

(૬) સૂર્યકિરણમાં: પ્રકાશ, ઉષ્ણતા અને ગતિ હોય છે, તેમ સાંખ્યયોગનો પ્રકાશ, ધ્યાનયોગની ઉષ્ણતા તથા કર્મયોગની ગતિ ઉલ્લેખનીય હોય છે.

ધ્યાનયોગની નૌકા, કર્મયોગના હલેસાં તથા સાંખ્યયોગનું સુકાન પ્રશંસનીય સાધનો ગણાયા છે.
ઈશકૃપારૂપી અનુકૂળ પવન એ સાધનામાં છે.
એ જ તત્ત્વ કે ભક્તિ છે.

ત્રણે યોગનું વ્યવસ્થિતપણું એ જ સેતુ છે.
સાધનામાં એ વિશિષ્ટ છે, ત્રિમાત્રા એ તેનું વિશેષણ છે.
આર્ત જન માટે ધ્યાનયોગ, જિજ્ઞાસુ માટે જ્ઞાનયોગ
અને અર્થાર્થી માટે કર્મયોગ બતાવ્યા છે.

ઈશ્વર = પ્રકૃતિ, કૃપા = પ્રકૃતિની પ્રાપ્તિ,

અધ્યાત્મ = પ્રકૃતિ તરફ વળવું.

અધ્યાત્મ તે 3 માત્રાના બંધનમાંથી થયેલ છે,

તેથી 3 માત્રાનું પણ તેટલું જ મહત્ત્વ છે.

સવારની પહેલા પહોરનાં દિવ્યતેજ સંબંધી...

- ઉષઃકાળ = ઉત્
- સૂર્યોદય = ઉત્તર
- મધ્યાહ્ન = ઉત્તમ
- ઉદય = ઉદ્ + અય

ધર્મનું લક્ષણ - ચિત્તપ્રસન્નતા

બીજાનો દોષ કાઢવો તે શેતાનીયત, દુઃખને રોવું તે હૈવાનીયત,

સ્વકર્મનો દોષ જોવો તે ઈન્સાનીયત તથા

આત્માના સ્વભાવનો ગુણ જોવો તે દિવ્યતા છે.

અહિંસા એ ધર્મ અને કરુણારૂપ છે. સંયમ અને તપ એ માધ્યસ્થરૂપ છે તથા ચૈત્યવંદનાદિ પ્રમોદરૂપ છે.

ચંદેસુ નિમ્મલયરા = ચંદ્રપ્રભ સ્વામી.

આઇચ્ચેસુ અહિયં પયાસયરા = પદ્મપ્રભ સ્વામી.

તીર્થંકર ભગવાન ચંદ્ર કરતા વધારે નિર્મળ છે અને સૂર્ય કરતા અધિક પ્રકાશ કરનારા છે.

પુષ્ટિ તથા શુદ્ધિવાળું ચિત્ત તે ધર્મ છે. ધર્મ એ કાર્ય છે,

જે ચિત્તમાં ક્રિયાના અધિકારિત્વરૂપે ઉત્પન્ન થાય છે. ધર્મરૂપી કાર્ય પ્રત્યે ચિત્ત તે અધિકારિત્વાત્મક કારણ છે. ચિત્તની પુષ્ટિ અને શુદ્ધિ આગમોક્ત ક્રિયાથી થાય છે. પ્રણિધાનાદિ આશયપંચકનું સંવેદન-અનુભવ તે ભાવ છે. તે ભાવ વિના ચૈત્યવંદનાદિ દ્રવ્યક્રિયારૂપ તુચ્છ ફળ આપનારી છે. પ્રણિધાન આદિ આશયો ક્રિયાને સાનુબંધ શુદ્ધિ-પુષ્ટિવાળી બનાવે છે. પુષ્ટિ પુણ્યોપચયરૂપ છે અને ક્રિયાની શુદ્ધિ કર્મક્ષયજનિત નિર્મળતારૂપ છે.

માધ્યસ્થતા = અરક્તાદ્વિષ્ટતા, અપક્ષપાતિતા.

સાચી માધ્યસ્થ્ય પરિણતિ નિશ્ચયથી સર્વ જીવોને આત્મતુલ્ય માનવામાં તથા વ્યવહારથી જીવો જેવા છે તેવા (ન હીન, ન અધિક) માનવામાં રહેલી છે.

જીવોમાં જેમ માધ્યસ્થ્ય હોવું જરૂરી છે,
તેમ નયોમાં માધ્યસ્થ્ય હોવું જોઈએ.

નિશ્ચયનય જેમ તુલ્યતાને અને શુદ્ધતાને જુએ છે, તેમ વ્યવહારનય ભિન્નતા અને અશુદ્ધતાને જુએ છે. વ્યવહારનય કૃતજ્ઞતાદિ ગુણો અને મૈત્ર્યાદિભાવોને- નિશ્ચયનય દ્રવ્યોની સ્વતંત્રતા, તુલ્યતા, અખંડતા તથા નિત્યતા આદિને બતાવીને નિર્ભયતા, નિશ્ચિંતતા અને

નિઃસ્પૃહતા આદિ સર્વ આત્મગુણોને પુષ્ટ બનાવે છે.

નિશ્ચયનયનો વિષય મુખ્યત્વે
દ્રવ્યને અને જાતિને તથા સમષ્ટિને સ્પર્શે છે.
વ્યવહારનયનો વિષય પર્યાય, ગુણ, વ્યક્તિને સ્પર્શે છે.
વ્યક્તિ એક સત્ય છે, તેમ જાતિ પણ સત્ય છે.
દ્રવ્યની સત્યતા એટલે જ પર્યાયની સત્યતા છે.
વ્યષ્ટિની એમ જ સમષ્ટિ પણ એક હકીકત છે.
માધ્યસ્થ્ય પરિણતિવાળા સર્વને સમાન દૃષ્ટિથી જુએ છે.

## ત્રિદોષશમન

વિષયવૃત્તિ કફદોષને વિસ્તારે છે.
કષાયવૃત્તિ પિત્તદોષને વધારે છે
આગ્રહવૃત્તિ વાતદોષને વધારે છે.

વિષય વિરક્તિ, કષાય નિવૃત્તિ અને નિરાગ્રહ વૃત્તિ એ અનુક્રમે ત્રણે દોષો: કફ - પિત્ત - વાતદોષને શમાવે છે. જ્યારે પણ કફદોષની વૃદ્ધિ જણાય ત્યારે ૫ વિષયોનું સેવન પ્રમાણાધિક થયું છે તેવું અનુમાન કરવું જોઈએ. પિત્તપ્રકોપ થાય ત્યારે માનવું કે ક્રોધ, માન, માયા તથા લોભરૂપી કષાયનું સેવન અધિક થયેલું હોવું જોઈએ. વાતદોષના પ્રકોપ વખતે દુરાગ્રહ, દુરભિનિવેશ, પૂર્વાગ્રહ

ગ્રહીલતા, અન્ય વ્યુદ્ગ્રાહિતતા વગેરે
બુદ્ધિના દોષોનું સેવન થવાનું ટાળવું જોઈએ.
બુદ્ધિના દોષોને પ્રજ્ઞાપરાધ પણ કહી શકાય.
અતિયોગ, હીનયોગ કે વિપરીતયોગનું મૂળ પ્રજ્ઞાપરાધ છે.
તેથી પ્રજ્ઞાપરાધનું નિવારણ કરવાર્થે પ્રથમ પ્રયાસ કરવો,
પછી વિષય-કષાયની અધિકતાદિ રોગોનું નિરસન કરવું.
આમ કરવાથી ત્રિદોષ શમે છે અને ત્રિગુણ વધે છે.
રાગ, દ્વેષ, મોહ એ ત્રિદોષ છે.
જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ત્રિગુણ છે.

## નમ્રતા અને સૌમ્યતા

નમ્ર જીવો જ સલામતીપૂર્વક ઉંચાઈ ઉપર ચઢી શકે છે.
એકલા હાથે કશી કાર્યસિદ્ધિ પ્રાપ્ત કરી શકાતી નથી.
સહાય અને શુભેચ્છા વિના પ્રગતિ થઈ શકતી નથી.
આ કાર્ય શત્રુઓ દ્વારા નહિ, મિત્રો દ્વારા જ થઈ શકે.
'નમવું' એ મિત્રો મેળવવા માટેનું ચુંબકીય રસાયણ છે.
નમવા માંડીએ એટલે મિત્રો મળવા જ માંડે. એ મિત્રો
શુભેચ્છા લઈને આવે. એની પ્રતિક્રિયા વિશ્વમૈત્રીમાં
આવે. વિશ્વકલ્યાણની ભાવના જ્યારે યથાર્થ બને,
ત્યારે નિજકલ્યાણ તો મંદિર ઉપરના શિખરની જેમ
આપોઆપ જ પ્રસ્થાપિત થાય.

કરુણાનું સામ્રાજ્ય = Kingdom of kindness.
It is only the humble that can climb safely to the heights of kindness.

સાપેક્ષ - Relative, નિરપેક્ષ - Absolute,
રંધ્ર - Concentration.

## બ્રહ્મચર્ય

બ્રહ્મચર્ય = પરબ્રહ્મ-પરમેશ્વરનો સાક્ષાત્કાર કરાવનારું વ્રત.
નમ્રતાપૂર્વક રાત-દહાડો જો કોઈ એક જ વાત સુણે,
તો બ્રહ્મચર્ય સહજ બની જાય છે.
નમ્રતામાં એક મોટી શક્તિ છે,
તેનાથી બ્રહ્મનિષ્ઠા પેદા થાય તો પૂર્ણ બ્રહ્મચર્ય ગણાય.
૫ ઇંદ્રિયોનો ઉચિત ઉપયોગ તે ભાવાત્મક બ્રહ્મચર્ય છે.
વિચારપૂર્વક ઉદ્દેશ્ય સહિત જે શ્રમ થાય, તે તપ છે.
તે વિના જે સહન કરવું, તે તપ નહિ પણ તનતાપ છે.
બ્રહ્મચર્યથી બુદ્ધિની પ્રભા આધ્યાત્મિક તેજસ્વી થાય છે.
પ્રતિભા એ જ્યોતિ અને બ્રહ્મચર્ય એ એનું તેલ છે.
જે લોકો પ્રતિમા-નિર્માણ કરે, તેમનામાં સ્થૂલ નિર્માણ
જેવું કે સંતાન નિર્માણની ઇચ્છા ઘટી જાય છે.
સીતા રામ = માયા મહેશ્વર, રાધા કૃષ્ણ-પાર્વતી પરમેશ્વર.

પરમેશ્વર એ કોઈ શારીરિક વસ્તુ નહિ પણ માનસિક છે.

જો શરીર એ પાર્વતી છે,

તો મન એ પરમેશ્વર છે.

પતિવ્રતા, પતિના વ્રત અને સત્કર્મમાં જે સાથ આપે તે.

જે ઘરની સ્ત્રીઓ ભગવાનનું સ્મરણ કરે છે,

સત્યનું પાલન કરે છે, પ્રેમબદ્ધ રહે છે,

તે ઘરમાં સત્પુરુષો પેદા થાય છે.

'આત્મસંયમ' એટલે પોતાના ઉપર કાબુ મૂકે તે.

મનુષ્યને માટે બ્રહ્મચર્ય એ દીવેલ છે અને

પ્રયત્નની પ્રભા તથા બુદ્ધિમત્તા એ એનો પ્રકાશ છે.

બ્રહ્મચર્યરૂપી દીવેલ કે તેલ જો

સતત સિંચાતું રહે તો બુદ્ધિમત્તા તેજસ્વી થાય છે,

અન્યથા બુદ્ધિ કમજોર થાય છે.

વીર્ય સર્જનાત્મક શક્તિ છે,

એના કૃત્રિમ ઉપયોગથી સંતાનવૃદ્ધિની સાથે

બુદ્ધિની વૃદ્ધિ પણ અટકી જશે.

દેશના લોકોની પ્રભા કમજોર થતાં

ક્રમશઃ દેશ પણ સાથે - સાથે તેજોહીન જ થશે,

એ સ્વયંસિદ્ધ હકીકત છે.

ॐ अर्हं

## 'ત્રિલક્ષ' એટલે...

એક લક્ષ કર્મજાળે આત્મા ઉપર,
બીજું લક્ષ હિંસાદિ પરિણામરૂપ નામસ્મરણમય અને
ત્રીજું લક્ષ કર્મમુક્ત અરિહંત અને સિદ્ધપદ ઉપર.
હિંસાદિરૂપ ચિત્તમાંથી ખેદ, વિષાદ, ઉદ્વેગ આદિ ભાવથી
ચિત્તપ્રસન્નતા દ્વારા મંગલમય બને છે. મંગલાન્વિત
જીવ રાગ અને દ્વેષનો નાશ કરીને નિર્ભય બને છે.

## કૃતજ્ઞતા અને ઉદારતા

નમો = કૃતજ્ઞતાનું પ્રતિક, અરિહંતાણં = ઉદારતાનું પ્રતિક.
'નમો'નું સ્મરણ પરના ગુણ ઉપકારનો સ્વીકાર કરે છે.
'અરિહંત'નું સ્મરણ પરને ગુણ કરવાની વૃત્તિ પેદા કરે છે.
સ્વાર્થવૃત્તિને ટાળવા તથા ક્ષુદ્રતાને વિકસાવવાને માટે
કૃતજ્ઞતા, ઉદારતા અને પરોપકાર ગુણને વિકસાવવા.
નવકારના પ્રથમ પદના જાપથી તે ધ્યેય સિદ્ધ થાય છે.

## અધ્યાત્મ વિચાર એટલે...

'આપણે દેહથી અલગ છીએ, અવિનાશી - આત્મસ્વરૂપ
છીએ, આપણા અંદર પરમાત્મા બિરાજી રહેલ છે, બધા જ
જીવ આપણું પોતાનું જ સ્વરૂપ છે.' આ વિચાર કરવામાં
સૌ મનુષ્યોએ પ્રવીણ અને નિપુણ બનવું જ જોઈએ.

પુસ્તકીયું જ્ઞાન તેટલું ઉપયોગી નથી, જેટલો મૂળ વિચાર.
મૂળ વિચાર વિકસાવવા પુસ્તકનું જ્ઞાન ઘણું સહાયક છે.
મૂળ વિચાર હાથ આવ્યા પછી જ
બાકી બધી વસ્તુઓ ઉપયોગી નિવડે છે.
સંસ્કૃતિની રક્ષા સાથે સાથે
પ્રકૃતિ ઉપર ઉઠવાનું કાર્ય અતિ અગત્યનું છે.
ધર્મભાવના અને આત્મભાવથી જ તે કાર્ય સરળ બનશે.

## બ્રહ્મવિદ્યા

આજે બ્રહ્મવિદ્યાની અત્યંત આવશ્યકતા છે.
જો ઝંખના હશે તો ઇચ્છામાત્રથી પણ તેની પ્રાપ્તિ થશે.
બ્રહ્મવિદ્યા વિના ચિત્તશુદ્ધિ કે દેહશુદ્ધિ થતી નથી.
જ્યારે જ્ઞાન વધે અને ચારિત્ર ખીલે,
ત્યારે જ કુંડલિની દશા ઉન્નત થાય છે.
ધર્મના સારરૂપ અહિંસા, સત્ય વગેરેનો ટકાવ બ્રહ્મવિદ્યા છે.
બ્રહ્મવિદ્યા સુધી પહોંચ્યા વિના
વિચારની ઉપરની ચોટી ટકી શકવાની નથી.
વિચારોની એટલી કિંમત નથી,
જેટલી એ વિચારોને અનુરૂપ જીવનની છે.
બહુ થોડા જ મહાપુરુષના વિચાર-વર્તન સમાન હોય છે.

વિચારને અખંડ પ્રવાહમાં વહેતો રાખનાર વર્તન છે
અને
તે બંનેનો આધાર બ્રહ્મવિદ્યા અથવા તો આત્મજ્ઞાન છે.

<u>ભક્તિ એટલે...</u>

શક્તિ કરતાં પણ ભક્તિ શ્રેષ્ઠ છે,
કેમકે શક્તિનો પ્રવાહ વહેતો રાખનાર ભક્તિ છે.

Bhakti = To be one with the ideal, identification and complete absorption in the source and substance.

<u>પ્રધાનં સર્વ ધર્માણાં... કેમ?</u>

સર્વ કલ્યાણના કારણભૂત અને સર્વ મંગળોમાં મુખ્ય મંગળભૂત પરમાત્માનું મહાશાસન હોવાથી તે સર્વ ધર્મોમાં પ્રધાન, શ્રેષ્ઠ, સર્વોત્તમ છે. મંગળમયતા, કલ્યાણકારકતા, પ્રધાનરૂપતા - એ 3 વિશેષિતાઓથી વિશિષ્ટ જૈનશાસન છે.

<u>સાચી ભક્તિ - બહુ મોટો ટાર્ગેટ</u>

ચિત્તને દેહ અને સમાજથી અળગું કરીને
ચિત્તનું ચૈતન્ય બનાવવું, તે જ ખરી ભક્તિ છે.
પૂર્ણ ચૈતન્યમાં ગયા પછી કર્મયોગ ઓછો થતો નથી પણ વધુ બળવાન બને છે. ક્રિયાપરક વીર્યવત્તારૂપ।

'રોગ એક પ્રકારે તપ છે - મૃત્યુ એ પરમ તપ - ત્યાગ છે.'
એ ભાવનાથી રોગ અને મૃત્યુ પાપક્ષયના હેતુ બને છે.
તપસ્વી પુરુષોને જેમ તપનું કષ્ટ શક્તિપ્રદ નહિ પણ
શક્તિનાશક અને આનંદપ્રદ બને છે, તેમ રોગોમાં તપની
ભાવના કરવાવાળા રોગીને ય પોતાની ભાવનાના પ્રભાવે
રોગ શક્તિપ્રદ ન થતાં દુઃખપ્રદ નહિ, આનંદપ્રદ બને છે,
ઉપરાંત અશાંતિને બદલે તે શાંતિ આપનાર થાય છે.

એવી ભાવના સાક્ષાત્ મુક્તિપ્રદ બને છે કે:

'મૃત્યુ એ પરમ તપ છે.'

આ ભાવના ભાવનારને મૃત્યુનો ભય કે શોક રહેતો નથી.

## આત્મસાક્ષાત્કાર

આત્મસાક્ષાત્કાર માટે દયાધર્મની જરૂર એટલા માટે છે કે
તે વડે બધાના શરીરમાં રહેલા આત્માની સેવા થાય છે.
'પ્રાણીમાત્રને દુઃખ ન થાય અને સર્વને સુખ મળે'
એવી ભાવના આત્મસાક્ષાત્કારને સુલભ બનાવે છે.
'સર્વમાં આત્મા છે' એ ભાનપૂર્વક સંપર્કમાં આવનાર
પ્રાણીમાત્રની સેવા કરનાર આત્મસાક્ષાત્કારને પામી શકે છે.
બ્રહ્મનિષ્ઠ = જેને આત્માનો સાક્ષાત્કાર થયો હોય છે.
પુસ્તક-ગ્રન્થ અધ્યયનાદિ ચિત્તશુદ્ધિ માટે આવશ્યક છે.

આત્મજ્ઞાન પુસ્તકથી કે આખ્યાન-વ્યાખ્યાન સાંભળવાથી નથી;
કિન્તુ આત્મજ્ઞાની બ્રહ્મનિષ્ઠ ગુરુજનના સંસર્ગથી થાય છે.

જ્યાં સંત ન મળે ત્યાં સુધી

પ્રભુનામનો જપ, સદાચારનું પાલન, ઇંદ્રિયનિગ્રહ અને વિવેક-વિચારાદિનું સેવન કરતાં રહેવું જોઇએ. આત્મા એક અખંડ, વ્યાપક અને નિરાકાર તત્ત્વ છે. સગુણ-સાકાર પરમાત્માની શ્રદ્ધા ઉપાસનાર્થે ચિત્તશુદ્ધિ આવશ્યક છે. ચિત્તશુદ્ધિ આત્મજ્ઞાનમાં સહાયક બને છે.

નિષ્કામ ભક્તિથી ચિત્ત નિર્મળ થાય છે.

<u>કામના એકમાત્ર આત્મજ્ઞાનની,</u>

<u>આત્મતત્ત્વના સાક્ષાત્કારની હોવી જોઇએ.</u>

આત્મા એક જ છે અને

એની સત્તાથી જ શરીર અનેક પ્રકારનાં કાર્યો કરે છે.

## <u>એકતાની પ્રતીતિ</u>

આત્માની એકતા ક્ષેત્ર અને કાળ ઉભય પ્રકારે સિદ્ધ થાય છે. ક્ષેત્રથી ભિન્ન દેહોમાં એક જ આત્માની પ્રતીતિ થાય છે અને કાળથી ભિન્ન ભિન્ન અવસ્થાઓમાં એક જ આત્મતત્ત્વ રહેલું છે, એવી પ્રતીતિ દૃઢ થાય છે. એ પ્રતીતિ દૃઢ થવા માટે ચિત્તશુદ્ધિ પ્રથમ શરત છે.

જેમ સ્વચ્છ વસ્ત્ર ઉપર રંગ ચઢી શકે, મલિન વસ્ત્ર પર નહિ, તેમ આત્મજ્ઞાનરંગ શુદ્ધ ચિત્તમાં જ સ્થિર થાય.

જગતમાં ચોખ્ખી વસ્તુ એક જ છે અને તેને જ આત્મા, પરમાત્મા, ઈશ્વર નામથી સંબોધાય છે. શરીરની બધી ક્રિયાઓ આત્માના આભાસથી જ થાય છે. મનુષ્યને કસોટી પર કસવા માટે જગતમાં અનેક પ્રલોભનો રહેલાં છે, તે બધાં તેના સત્ત્વની જ કસોટી કરે છે. એ બધાને દૂર કરી જો પોતાના ધ્યેય ઉપર મક્કમ રહે, તો મનુષ્યને તુરત પરમપદની પ્રાપ્તિ થઈ શકે છે.

## મનોનિગ્રહ

'રોગ તે તપ છે, મૃત્યુ એ પરમતપ છે અને પ્રલોભનો એ પવિત્રતાને ચકાસાવવા કસોટીસ્વરૂપ છે' આવી ભાવના કરવાથી મનુષ્ય મનોનિગ્રહી બની શકે. નદી જેમ મર્યાદામાં રહીને વહે છે, તો કોઈને પણ પીડા કર્યા વિના અને સર્વને પણ સુખ આપીને પોતાના પતિ સાગરને મળી શકે છે, તેમ મનુષ્યનું મન પણ ધર્મની મર્યાદામાં રહીને જીવન વહન કરે તો સંસર્ગમાં આવનાર સર્વને સુખ આપીને - કોઈને પણ દુઃખનું નિમિત્ત ન બનીને મુક્તિરૂપી પરમાનંદના મહાસાગરને મળી શકે છે.

જેમ વૃક્ષ અને નદીનું મૂળ અદૃશ્ય હોય છે, તેમ
ધર્મનું અને મોક્ષનું મૂળ એવું મન પણ અદૃશ્ય હોય છે.

મનની પ્રધાનતા છે:
મન, ચિન્તન, ભાવના અને સ્વાધ્યાયાદિમાં.

ઉઠવું, બેસવું, જવું, આવવું, બોલવું,
ચાલવું, ખાવું, પીવું, દેખવું, સાંભળવું વગેરે ક્રિયાઓમાં
પાંચે ઇંદ્રિયોની સહાયતાની મુખ્યતા છે.

મનને યથેચ્છ વિચરવા દેવું અને ઇંદ્રિયો ઉપર કાબુ પણ રહેવો, એ બન્ને સાથે હોવા અશક્ય છે. સૌ ઉપદ્રવોનું મૂળ મન છે. વૃક્ષની ડાળી-પાંખડી તોડવાથી વૃક્ષ નષ્ટ થતું નથી પણ તે તરફ ધ્યાન ન આપતાં, તેના મૂળને નષ્ટ કરવાથી વૃક્ષ સ્વયમેવ નષ્ટ થઈ જાય છે. રાજા વશમાં આવ્યા પછી સેના આપોઆપ વશ થઈ જાય છે, તેને માટે સ્વતંત્ર પ્રયત્નની આવશ્યકતા નથી. મનુષ્યના મનમાં બે પ્રકારની શક્તિઓ છે: એક ઉન્નતિના શિખર પર લઈ જાય-બીજી અવનતિની ખીણમાં નાંખી દે.

પારો કાચો હોય તો જીવન નષ્ટ કરે છે, કિન્તુ
શુદ્ધ પદ્ધતિએ તે જ પારો રસાયણ બને છે.

ઘોડો અસવારના કાબુમાં હોય તો ઇષ્ટસ્થાને પહોંચાડે છે,

ઘોડાના કાબુમાં જો અસવાર રહે તો ખાડામાં પટકાય છે.
બેલગામ-નિરંકુશ મન ઉંટની જેમ જ્યાંને જ્યાં ત્યાં
ભટકાવ્યા મારે છે અને દુર્ગતિના ગર્તામાં ફેંકી દે છે.
મનને અંકુશમાં લેવા પ્રારંભથી જ પ્રયત્ન જારી રાખવો.
પ્રયત્નથી જે મન સ્થિર બની શકે, તે પ્રમાદથી શત્રુ બને.
વિદ્યુતગતિથી પણ અધિક શીઘ્રગતિવાળા મનને અંકુશમાં
લાવવા સૌથી અધિક બળવાન પ્રયત્નની આવશ્યકતા છે.

એ પ્રયત્ન તે યોગાદુક્ત છે.

ભયંકર જંગલી પશુઓને વશ કરવા માટે જેટલા પ્રયત્નની
આવશ્યકતા છે, તેથી પણ અધિક સ્વચ્છંદાચારી મનને
વશ કરવા માટે છે. વિષયોના ચિન્તનથી પહેલાં તેને
વિરત કરવું જોઈએ અને શુભ ચિંતનમાં લગાડવું જોઈએ.
તત્ત્વવિચારરૂપી દઢ સાથે બાંધી બુદ્ધિના અંકુશ દ્વારા
આપણા મનને વશ કરવું જોઈએ. બુદ્ધિ વડે વિષયોની
અસારતાનો પાઠ તેને રોજ શીખવવો જોઈએ.

અભ્યાસ દ્વારા મન વશ થાય છે અને
વૈરાગ્ય દ્વારા તે શાંત, સ્વચ્છ અને નિર્મળ થાય છે.
અભ્યાસ દીર્ઘકાળ સુધી તથા આદરપૂર્વક થવો જોઈએ.
લાંબા ગાળે તથા પ્રબળ પરિશ્રમ પછી જ મન વશ થાય.

મનની ચંચળતા અભ્યાસથી જીતાય છે અને
મનની મલિનતા વૈરાગ્યથી જાય છે.

ત્યાગ ઇંદ્રિયો ઉપર થાય, વૈરાગ્ય મન ઉપર થાય છે.
મન, બુદ્ધિ, હૃદય, મગજ અને તે ઉપર રહેતી આત્મશક્તિ
એ સર્વ મનુષ્યની બહુમૂલ્ય મૂડી ગણાય છે.

પાત્રનું ગંગાજળ અને ગંગાનું ગંગાજળ બે એક જ છે.
અગ્નિમાંથી નીકળેલા ચિનગારી પણ અગ્નિસ્વરૂપ જ છે.
જીવ નાનું પાત્ર છે, માટે તેની શક્તિ મર્યાદિત દેખાય છે
પણ તેનામાં રહેલી ચેતના તો ઈશ્વરસ્વરૂપ જ છે,
ઈશ્વરની જ ચિનગારી છે. તેના પરના આવરણોને દૂર કરી
તેને સબળ બનાવી શકાય છે. મનઃસંયમથી તે કાર્ય
સુલભ બનવાથી ઇચ્છાશક્તિ દૃઢ બને, જે સંકલ્પની
જનેતા છે અને દૃઢ સંકલ્પ જ ઉદ્ધારનો મૂળમંત્ર છે.
મન ઇંદ્રિયોને સહાય ન કરે તો ઇંદ્રિયો કાંઈ ન કરી શકે.

जितं जगत् केन, मनो हि येन ।

'લિખના પઢના ચાતુરી, તીનોં બાત સહેલ...
કામ દહન, મન વશ કરન, ગગન ચઢન મુશ્કેલ!

મન અશક્યને શક્ય - અસંભવને ય સંભવ બનાવી શકે.
મન વડે ઇચ્છાનુસાર ભવભ્રમણ પણ કરી શકાય અને

મન વડે જ પરમ શાશ્વત સુખ પણ મેળવી શકાય છે.

જે જોઈએ તે મન વડે મેળવી શકાય છે.

મન કદી થાકતું-વૃદ્ધ થતું નહિ, કાર્ય વિના રહી શકતું નહિ.

મન જેવો આજ્ઞાકારી મિત્ર કે નોકર અન્ય કોઈ નહિ.

મન મંકોડા જેવું છે યા બાળક જેવું છે,

તેને જો કામ નહિ કરવાનું કહેશો, તે પહેલું કરશે.

મનને વિરતિ કાર્યમાં સતત જોડાયેલું જ રાખવું જોઈએ.

મન બળાત્કારથી કાબુમાં આવતું નથી પણ

સમજાવવાથી તે અવશ્ય સમજે છે.

મન વાયુની સમાન ચંચળ છે.

મનુષ્ય ધર્મધ્યાનમાં બેસે, ત્યારે ય બહારના વિષયોમાં મન ભટક્યા કરે છે. હાથમાં માળા, જીભ પર મંત્ર અને મન બહાર, તેથી ધ્યાનથી પણ જોઈએ તેટલો લાભ થઈ શકતો નથી. જો કાર્યમાં મન લાગે નહિ, તો કાર્ય કદી પણ ઠીક થઈ શકતું નથી. હાડમાંસના લોચા સમાન દેહને પ્રભુની સામે રાખી મનને યથેચ્છ ભ્રમણ કરવા દેવાથી કાર્યસિદ્ધિ થતી નથી. દરેક પશુને જેમ બળાત્કાર યા જુલમથી વશ કરી શકાતું નથી પણ પ્રેમ-વિશ્વાસથી વશ કરી શકાય છે, એવી જ સ્થિતિ આપણા મનની છે.

સંસારની અસારતા જાણવાને લીધે મોક્ષસુખનું પ્રલોભન
આપીને મનને વશ કરી શકાય છે પણ કષ્ટ દઈને નહિ.
બળાત્ કરીને નહિ પણ તેની મહત્તા સમજાવીને,
સારાસાર વિવેકમાં જોડીને, શુભવિચારો - ભાવનાઓમાં
પરોવી રાખીને મનને પોતાનું ગુલામ બનાવી શકાય છે.
એ કામ ૪ - ૬ દિવસનું કે વર્ષ - બે વર્ષનું નથી.
એ માટે તો સતત પ્રયત્ન આવશ્યક છે.
વ્યવહાર અને પરમાર્થ એ બે ઘોડા ઉપર સાથે
સવારી કરવાની ઇચ્છાથી મન વશ થતું નથી.
પરમાર્થમાં નિષ્ઠા કેળવીને વ્યવહારને આનુષંગિક માની
મન - ઇંદ્રિયોને વિષયોથી છોડાવી સ્નેહપૂર્વક પ્રભુના
ધ્યાનમાં લગાવવાનો પ્રયત્ન ચાલુ રાખવામાં આવે તો
મન નિશ્ચલ બનીને સ્થિર થતું જાય છે,
તેથી મનને જીતવાના જે ઉપાયરૂપે
સાધકે અભ્યાસ અને વૈરાગ્યમાં લાગી રહેવું જોઈએ.

## ધર્મ અને વિજ્ઞાન

ધર્મને અંતરતત્ત્વના ઉર્ધ્વીકરણ અને વિશ્વમાં સંવાદિતા
પેદા કરે એવા આચાર સંગાથે સંબંધ છે, જ્યારે
વિજ્ઞાનને વસ્તુતત્ત્વના સમ્યક્ નિરૂપણ સાથે સંબંધ છે.

'આત્મતત્ત્વનું ઉર્ધ્વીકરણ અને આચારશુદ્ધિ સનાતન વિચાર છે અને વૈજ્ઞાનિક વિચાર નવાં નવાં સંશોધન ઉપર આધારિત હોઈને સદાને માટે પરિવર્તનશીલ છે.' એ મુજબ ધર્મ અને વિજ્ઞાન વચ્ચે રહેલા ભેદરેખાને બરાબર સમજવી એ જ સત્યનિષ્ઠ અને ધર્મનિષ્ઠ માનવ માટે સાચો અને સહીસલામત માર્ગ ગણાય છે. આજના સમયે આ વિવેક અને વિભાગ આવશ્યક છે. ધર્મવિહીન વિજ્ઞાન એ એક પ્રકારનું અજ્ઞાન જ છે.

શરીર ઉપર આત્માનો, ઇંદ્રિયો ઉપર મનનો અને અસત્ય ઉપર સત્યનો વિજય ધર્મ દ્વારા જ થાય છે.

માટે જ કહ્યું છે : આચારઃ પ્રથમો ધર્મઃ ।
ધર્મેણ હન્યતે વ્યાધિર્ધર્મેણ હન્યતે ગ્રહઃ ।
ધર્મેણ હન્યતે શત્રુર્યતો ધર્મસ્તતો જયઃ ॥૧॥

વળી ધર્મ એવ હતો હન્તિ ધર્મો રક્ષતિ રક્ષિતઃ । (પરિશિષ્ટ-૧૧)
ધર્મના કારણે જ મનુષ્ય પશુ મટીને માનવ બને છે. મનુષ્ય પણ એક પશુ જ છે. જે વિચારશીલ છે, કર્તવ્ય-અકર્તવ્ય, ઉચિતાનુચિતતા બોધયુક્ત છે, તે માનવ છે.

એ બોધશક્તિનું નામ જ 'ધર્મ' છે.

ધર્મ જ માનવના નિર્માણ અને સમાજનો આધાર છે.

માનવના ચારિત્રનું નિર્માણ કરવા માટે વિજ્ઞાન અને
ટેક્નોલોજીથી અધિક ધર્મ અને દર્શનની આવશ્યકતા છે.

ધારણાદ્ધર્મ ઇત્યાહુઃ ધર્મો ધારયતિ પ્રજાઃ ।
યત્સ્યાદ્ધારણસંયુક્તં સ ધર્મ ઇતિ નિશ્ચયઃ ॥

(પરિશિષ્ટ-૧૨)

## સ્વનું અધ્યયન = સ્વાધ્યાય

સ્વનું અધ્યયન થયા પછી જ શાસ્ત્રનું અધ્યયન કરવું.
સ્વને જાણ્યા વિના કરેલું શાસ્ત્રાધ્યયન
અહંકાર અને માનની તૃષ્ણાને વધારનારું થાય છે.
ચિંતનથી તેનો અનુભવ થાય, જે નિત્ય નિરંતરપ્રાપ્ત છે.
જે પ્રાપ્ત નથી - સ્વથી ભિન્ન છે, તે ચિંતનમાત્રથી નથી
મળતું, તેના સંયોગ માટે કર્મ કરવાની જરૂર પડે છે.
સ્વની અનુભૂતિ માટે કર્મ નહિ પણ ચિંતન આવશ્યક છે.
સ્વના સાક્ષાત્કારના ઉપક્રમને 'સ્વાધ્યાય' કહેવાય છે.
પરનું અધ્યયન શ્રમનો હેતુ છે, જ્યારે
સ્વનું અધ્યયન વિશ્રાંતિ આપે છે.
સ્વનું નિરંતર સ્ફુરણ એક ચિન્મય જ્યોતિ રૂપે થાય છે,
તેમાં જે કાંઈ પર કે ભિન્ન છે, તે પ્રકાશિત થઈ રહ્યું છે.
પ્રકાશમાં પરને જોવું તે દૃશ્યને જોવું છે અને

સ્વયંસ્ફુરિત - સંગરહિત હું જે જોવું તે સ્વને જોવું છે.
સ્વમાં તે પરમાત્મનો બોધ થાય છે, જેમાં
અહંરૂપી ચૈતન્યજ્યોતિ સ્ફુરિત થઈ રહી છે.
અધ્યાત્મવિદ્યાની શબ્દાવલિમાં તથા ધર્મશાસ્ત્રોમાં
'સ્વ' એ મુખ્ય શબ્દ છે.
જીવનને ધર્મમય બનાવવા સ્વાધ્યાય પરમ સહાયક છે.

## સાધનની સામગ્રી

પ્રત્યેક પરિસ્થિતિને સાધનની સામગ્રી સમજવી જોઈએ. ક્રિયાની અપેક્ષાએ ભાવનું મહત્ત્વ અધિક છે. દેહની દુર્બળતા અને કષ્ટાનુભવ ક્ષમતા જ માનવને તપ અને તિતિક્ષાનું સાધન બને છે, જેમાં આપણી આ સંપૂર્ણ સૃષ્ટિને પરિવર્તિત કરી દેવાનું સહજ મહાસામર્થ્ય છે. કરવા યોગ્ય સૌ કાર્યને સાધન સમજીને કર્તવ્યરૂપે કરવું. કોઈપણ કાર્યને નાનું કે તુચ્છ ન સમજવું જોઈએ. શરીર અને અન્ય વસ્તુઓ સેવામાં વાપરી ઉઋણ થવા અને મન પ્રભુનું ચિંતન કરી તેમાં તન્મય થવા મળ્યું છે. બંનેનો યથાયોગ્ય ઉપયોગ કરી કૃતકૃત્ય થઈ જવું જોઈએ. કર્તવ્ય કર્મ કર્યા વિના ક્રિયાશક્તિનો વેગ શાંત થતો નથી તથા કર્મ કરવાની આસક્તિનો પણ નાશ થતો નથી.

તે આસક્તિથી મુક્ત થવા માટે પણ
સૌ કર્તવ્યકર્મનું ભાવપૂર્વક પાલન કરવું જરૂરી છે.
નિષ્કામપણે કરેલી સેવા વિશ્વવ્યાપી જનોને સેવાભાવને
વિકસાવે છે, તેથી 'સેવક' કહેવડાવવાની લાલસાનો પણ
સર્વથા ત્યાગ કરીને માત્ર ને માત્ર આસક્તિમુક્ત થવાની
જ એક ભાવના રહેવી જોઈએ. પરિસ્થિતિમાં પરિવર્તન
આવે એની અપેક્ષાએ પરિસ્થિતિનો સદુપયોગ કરવાની
ભાવના વધારે મહત્ત્વની છે. સર્વને હિતકારી ભાવના
ભાવવાથી પ્રત્યેક પરિસ્થિતિનો સદુપયોગ થઈ શકે છે.
બુદ્ધિને વિવાદમાં જોડવાને બદલે સત્યની ખોજમાં લગાવવી.
મનને વ્યર્થ ચિંતનને બદલે સાર્થક ચિન્તનમાં લગાવવું.

'તિતિક્ષા દુઃખસમ્મર્ષઃ।'

જીવનની આવશ્યકતારૂપ બને, તે જ સાચું જીવન.

કર્તવ્યકર્મ તે જ છે કે જે કોઈને
અહિત ન કરે, સર્વને હિત કરે અને આવશ્યક હોય.

ખરાબ કાર્યને કરવું અને સારા કામને ન કરવું,
એ બંને વસ્તુ જુદી છે.

વર્તમાનમાં જે પરિસ્થિતિ પ્રાપ્ત છે,
તેને જ સાવધાનીપૂર્વક સાધવી જોઈએ.

અપ્રાપ્ત પરિસ્થિતિની કામના ન હોવી જોઈએ.
ક્રિયામાં ભેદ હોય તો પણ ભાવમાં ભેદ ન હોવો જોઈએ.
દરેક કાર્યમાં લક્ષ્ય એક પ્રભુપ્રેમનું જ રહેવું જોઈએ.
નિષ્કામ સેવા વડે જ સ્વાર્થભાવનો અંત લાવી શકાય.
જેની સેવા કરાય, તેના હિત પર જ દૃષ્ટિ રાખવી જોઈએ,
તો જ કાર્યમાં નિષ્કામતા જળવાય છે.
પરિસ્થિતિનું પરિવર્તન સ્વાધીન નથી, પરન્તુ
પ્રાપ્ત પરિસ્થિતિનો સદુપયોગ સ્વાધીન છે.
જે કર્મ કરવાનું સામર્થ્ય કે સામગ્રી ન હોય, તે
સહજ કર્મ નથી, તેથી તે કદાપિ કર્તવ્યરૂપ બનતું નથી.
વ્યર્થ ચેષ્ટાના ત્યાગથી જિતેન્દ્રિયતા સહજ બને છે.
પ્રત્યેક મત કે સંપ્રદાયની ઉત્પત્તિ કોઈ સામાજિક ભૂલને
મિટાવવા અને વ્યક્તિનું કલ્યાણ કરવા માટે હોય છે,
તેની મમતા જ મનુષ્યોને પાગલ બનાવે છે.
એ આવશ્યક છે કે:
એકતાને સુરક્ષિત રાખવા માટે પોતાના સંપ્રદાય આદિનું
અનુસરણ અને બીજાના સંપ્રદાયાદિ ઉપર આદર કરવો.
ક્રિયાશક્તિનો ઉપયોગ સેવામાં તથા ચિન્તનશક્તિનો
ઉપયોગ ભગવાનનું ચિન્તન કરવામાં કરવો જોઈએ.

## મનુષ્ય ૩ વસ્તુ કરવામાં સર્વદા, સ્વતંત્ર છે:
## ચિંતન, વિશ્વાસ અને પ્રેમ કરવામાં.

મનની ઇચ્છા પૂર્ણ કરવામાં સ્વાધીનતા નથી, પણ તેનો ત્યાગ કરવામાં તો સાધક સર્વદા, સ્વાધીન છે. ગુણોનું અભિમાન સર્વ દોષોની ભૂમિ છે. પોતાના દુઃખનું કારણ બીજાને ન માનવાથી જીવનમાંથી ક્રૂરભાવ અને વેરભાવ ચાલ્યો જાય છે અને તેથી નિર્ભયતા, સમતા, મુદિતા આદિ દિવ્યગુણોની પ્રાપ્તિ - અભિવ્યક્તિ થાય છે. આચાર - વિચાર ઉભયથી સંપન્ન હોય, તે જ મનુષ્ય છે.

## ૩ મોટા દોષ

શરીરમાં આળસ, મનમાં રાગ-દ્વેષ અને બુદ્ધિમાં અવિવેક. સ્વના દોષોનો નાશ કરવા માટે ન્યાયનો અમલ કરવો, બીજાને સાથે લઈ ચાલવા પ્રેમનો અમલ કરવો જોઈએ.

સૂત્રઃ સુખમાં સેવા અને દુઃખમાં ત્યાગ તથા
સુખમાં ઔદાર્ય અને દુઃખમાં વૈરાગ્ય -
એ પ્રત્યેક પરિસ્થિતિમાં સાચા સાધનરૂપ બને છે.

°

*A pessimist is one who makes difficulties of his opportunities. An optimist is one who makes opportunities of his difficulties.*

## બધાં સાધનાઓ - સર્વશાસ્ત્રો શેમાં સમાય?

પ્રભુભક્તિ, પ્રભુમયતા, પ્રભુઉપાસના,
પ્રભુ ઉપર સમર્પણભાવની નિષ્ઠા તથા પરમ પ્રીતિમાં
બધાં જ સાધનાઓ અને સર્વશાસ્ત્રો સમાઈ જાય છે.
પ્રભુમાં મન તન્મય થઈ ન શકે તેનો ખટકો જોઈએ
અને 'આપણી નિષ્ઠા એ જ છે' એનો નિર્ણય જોઈએ.

એ નિશ્ચિત હકીકત છે અને
એ સત્ય જ સદા સફળ અને ઉપયોગી બનવાનો છે કે:
તરવા માટે પ્રભુકૃપા અથવા ગુરુકૃપા જ કામ લાગશે છે,
સફળતાનું માપ બાહ્યપ્રાપ્તિ નહિ પણ પ્રભુની નિકટતા છે.
બાહ્ય સાધનો તો મોડી વા વહેલા જવાના છે,
સાથે રહેશે પ્રભુ સાથેનો તથા અન્ય પ્રશસ્ત સંબંધો.
તીર્થોમાં પ્રભુની છાયા એ મોટો લાભ છે.

o આનંદઘનજીના પદ આદિ ઉપર
વિવેચન લખવાનું કામ અતિ દુર્ઘટ છે.
દેવચંદ્રજીનાં સ્તવનો પણ એ દૃષ્ટિએ
જીવનમાં ઘણું માર્ગદર્શક અને પ્રેરણાદાયક છે.

o

*Be still, be quiet, be patient, be receptive.*
*The battle is not yours.*

## મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય

અનાદિકાળથી આ ૪ ભાવનાઓ જીવ સાથે જોડાયેલી છે.
ધર્મ પામ્યા પૂર્વે તે વિપરીત-અસ્થાન પ્રયુક્ત હોય છે.
ધર્મ પામ્યા પછી તે સમ્યક્-સ્વસ્થાન પ્રયુક્ત હોય છે.

ધર્મ પામ્યા પહેલાં

કેવળ પોતાના જ સુખની ચિંતા,
કેવળ પોતાના ગુણોનો જ પ્રમોદ,
કેવળ પોતાના દુઃખો પ્રત્યે જ કરુણા અને
કેવળ પોતાના પાપો પ્રત્યે જ ઉપેક્ષા હોય છે, કિન્તુ

ધર્મ પામ્યા પછી

સર્વના સુખની હિતની ચિંતા,
સર્વ ગુણી જીવોના ગુણોનો પ્રમોદ,
સર્વ દુઃખી જીવોનાં દુઃખોની કરુણા અને
સર્વ પાપાત્માઓના પાપની ઉપેક્ષા હોય છે.

વળી પૂર્વ અવસ્થામાં બાળકો તેના પ્રત્યે મૈત્રી ધારણા કરે, પોતાના ગુણોને જોઈને આનંદ પામે દુઃખો પ્રત્યે કરુણા ધારણા કરે તથા પોતાનાં પાપાચરણ પ્રત્યે સહજ માધ્યસ્થભાવ રાખે એવા ભાવના હોય છે.
ધર્મ પામ્યા પછી તે બાળકો પ્રત્યે મૈત્રી, પ્રમોદ, કરુણા

અને માધ્યસ્થભાવને ધારણ કરે છે કે જે પૂર્વે જોઈતો.
પ્રથમને આર્ત-રૌદ્રધ્યાન ઉત્પાદક છે, જ્યારે
બીજાને ધર્મ-શુક્લધ્યાન કહેવાય છે.

## પ્રથમ મૈત્રીભાવના

ક્ષય રોગોને જેમ વસંતમાલતી, સુવર્ણ, લોહ, અભ્રક વગેરે રસાયણો પુષ્ટિ આપે છે, તેમ આ ૪ ભાવનાઓ આર્ત-રૌદ્રાદિ અશુભધ્યાનોથી થતા આંતરિક ક્ષયનો નાશ કરી ધર્મધ્યાનરૂપી રસાયણ વડે આત્મદેહને પુષ્ટ કરે છે. ત્રુટિત થયેલ ધર્મધ્યાનની ધારાને ૪ ભાવનાઓ જોડે છે. અપ્રાપ્ત અનુકૂળતાના સંયોગનું, પ્રાપ્ત અનુકૂળતાના અવિયોગનું, અપ્રાપ્ત પ્રતિકૂળતાના અસંયોગનું અને પ્રાપ્ત પ્રતિકૂળતાના વિયોગનું ચિન્તન તે આર્તધ્યાન છે. તે જ્યારે ઉગ્ર કે રૌદ્ર બની હિંસા, અસત્ય, ચોરી વગેરેની પરંપરામાં પરિણમે, ત્યારે તે જ રૌદ્રધ્યાન કહેવાય છે. ધર્મસંબંધી, જીવાદિ તત્ત્વો - કર્મસ્વરૂપ - પંચાસ્તિકાયમય લોકસ્વરૂપની વિચારણા તે ધર્મધ્યાન કહેવાય છે. અને ધર્મધ્યાનની પરાકાષ્ઠા પછી થતાં આત્માનુભવને પરમ એવું ચતુર્થ શુક્લધ્યાન કહેવાય છે.

જૈન પ્રવચન અહિંસા તથા ક્ષમામય હોવાથી મૈત્રીમય છે.

જિનપ્રવચન અનેકાંતમય હોવાથી
તેમાં સર્વ નયોને સમાન સ્થાન છે.
સર્વનય સાપેક્ષતા એ પણ ધર્મનો જ એક પ્રકાર છે.

## દ્વિતીય પ્રમોદભાવના

ધર્મમાર્ગમાં સૌથી પ્રબળ વિઘ્ન પ્રમાદ છે.
પ્રમોદભાવનાથી પ્રમાદદોષ ટળી જાય છે.
જ્યાં સુધી ધર્મ કરવામાં પ્રમાદ આવે છે,
ત્યાં સુધી તેને નિવારવા પ્રમોદભાવના આવશ્યક છે.
તેવી શ્રદ્ધા દૃઢ રહેવી જોઈએ કે:
સાધનામાં અનેક વિઘ્નો હોવાના હોય તો પણ
જ્યાં સુધી પ્રમોદભાવના વિદ્યમાન હશે, ત્યાં સુધી
વિઘ્નો ટળ્યા સિવાય રહેવાના નહિ અને
લબ્ધિની સાધના નિર્વિઘ્ન થયા સિવાય રહેવાની નહિ.
લબ્ધિની સાધનાને નિર્વિઘ્ન બનાવવા માટે
પ્રત્યેક પ્રસંગો અને વ્યક્તિમાં પ્રમોદભાવનાનો વિષય
'ગુણાધિકતા' છે, તેને શોધી કાઢવી જોઈએ.
ગુણદૃષ્ટિથી ગુણી આત્માઓના આશીર્વાદ મળે અને
આ લોકમાં લોકપ્રિય પણ બનાય છે.
દોષદૃષ્ટિ એ વિષ છે, તે ભવોભવ મારે છે, જ્યારે

ગુરુદૃષ્ટિ એ અમૃત છે, જે અજર - અમર બનાવે છે.

નમસ્કાર મહામંત્રનું ધ્યાન એ
પ્રમોદભાવનાની ઉપાસનાનું સર્વશ્રેષ્ઠ સાધન છે.

'ચૌદ પૂર્વનો સાર નમસ્કાર છે' અર્થાત
'ચૌદ પૂર્વનો સાર પ્રમોદભાવના છે.'

'નવકાર સર્વ શાસ્ત્રોમાં અનુસ્યૂત છે' અર્થાત
'પ્રમોદભાવના સર્વ શાસ્ત્રોમાં અનુસ્યૂત છે.'

'નમો એ મોક્ષનું બીજ છે.' અર્થાત
'પ્રમોદભાવના એ મોક્ષનું બીજ છે.'

નમસ્કારમંત્રની જેમ પ્રમોદભાવના પણ
સર્વ પાપપ્રણાશક અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે.

ગ્રન્થના પ્રારંભમાં ગ્રન્થકારો જે ઇષ્ટદેવતા નમસ્કારરૂપ
ભાવમંગલ કરે છે, એનો અર્થ એ છે કે
કોઈપણ મંગલકાર્યનો પ્રારંભ પ્રમોદભાવનાથી જ થાય છે.
સર્વ અનુષ્ઠાનોનો પ્રારંભ 'ઇચ્છામિ ખમાસમણો' સૂત્રથી
થાય છે, તે પ્રમોદભાવના જ પ્રદર્શિત કરતો હોય છે.
કાયોત્સર્ગમાં પણ પંચ પરમેષ્ઠિ અને જિનેશ્વરોનું જે
ધ્યાન હોય છે, તે પ્રમોદભાવનાનો જ વિષય હોય છે.
પ્રત્યેક ધર્મક્રિયાના આરંભથી તે અંત સુધી

ક્રિયાકારકનું ચિત્ત તે ક્રિયાને બનાવનાર
શ્રી જિનેશ્વરદેવના ધ્યાનથી અલંકૃત હોય છે,
તેથી તે ભાવક્રિયા, અમૃતક્રિયા બને છે.
આ ધ્યાન પ્રમોદભાવનારૂપ હોવાથી ક્રિયાને
અમૃતમય બનાવનાર પણ પ્રમોદભાવના જ છે.
ક્રિયાની પૂર્ણાહૂતિ બાદ પણ થયેલ સુકૃતની અનુમોદના
જે ચાલુ હોય છે, તે પ્રમોદભાવનાનો વિષય હોવાથી
તે ક્રિયાનું ફળ પણ ઉત્તરોત્તર વધતું જ જાય છે.
ગચ્છકુળવાસના સેવનમાં જે કૃતજ્ઞતા, વિનય, વૈયાવચ્ચ
આદિ ગુણોનું પાલન થાય છે, તે પ્રગટ કે પ્રચ્છન્નપણે
પ્રમોદભાવનાની જ પુષ્ટિ કરે છે.
જગતમાં જે પણ કોઈ સત્કાર્યો થાય છે,
તેની પાછળ પણ બળ પ્રેરનાર પ્રમોદભાવના જ હોય છે.
જિનમંદિરાદિ ધર્મસ્થાનો પણ મુખ્યત્વે
પ્રમોદભાવનાના પાયા ઉપર જ ઊભા થયેલા હોય છે.
પ્રમોદભાવનાની પરાકાષ્ઠા શ્રી તીર્થંકર નામકર્મની પરમ
પ્રકૃષ્ટ પુણ્યપ્રકૃતિનું ઉપાર્જન કરાવે છે, કેમકે તે પુણ્ય
પ્રકૃતિનું ઉપાર્જન કરનારા પુણ્યાત્માઓ પૂર્વના તીર્થંકરો
ઉપર ઉત્કૃષ્ટ પ્રમોદભાવને ધારણ કરનારા હોય છે,

તેથી તે મહાત્માઓ અખિલ જગતમાં પ્રમોદનો ઉત્કૃષ્ટ વિષય બને છે. શુભ આલંબનોના આદરથી વિઘ્નો નાશ થાય છે અને તે ધ્યાનાદિ આરોહણથી ભ્રંશને અટકાવે છે.

## તૃતીય કરુણાભાવના

'દુઃખીનાં દુઃખ દૂર થાઓ, બાળજીવોનું દુઃખ તે મારું જ દુઃખ છે' ઇત્યાદિ કરુણાની ભાવના કે અનુકંપા છે. અનુકંપામાં 'અનુ' એટલે બાળજીવોનું દુઃખ જોયા પછી, 'કંપ' એટલે હૃદયમાં થતી તે દૂર કરવાની લાગણી.

દુઃખિતને જોઈ સત્પુરુષોના હૃદયમાં એક પ્રકારનો કંપ ઉત્પન્ન થાય છે અને બાળજીવોનાં દુઃખ દૂર કરવાની તેમને જે તાલાવેલી જાગતી હોય, તે તેમની અનુકંપા છે. બાળજીવોને દુઃખ ન થાય તેમ વર્તન કરવું, તે દયા છે. દીનજુગુપ્સા કે દુઃખી જીવોનો અતિરસ્કાર તે અઘૃણ છે. દીન જીવોને સુખ આપવાની તત્પરતા તે દીનાનુગ્રહ છે.

કરુણા, અનુકંપા, દયા, અઘૃણ, દીનાનુગ્રહ-
એ સર્વ શબ્દો એકાર્થક છે.

માર્ગાનુસારી કે ધર્માભિમુખ જીવમાં ય કરુણા ઉગે છે.
લૌકિક - લોકોત્તર, સ્વવિષયક - પરવિષયક તથા વ્યાવહારિક - નૈશ્ચયિક આદિ કરુણાના અનેક પ્રકાર છે.

## લૌકિક કરુણાના બે ભેદ

(૧) મોહજન્ય કરુણા = રોગાનાપથ્યદાન

(૨) દુઃખિત દુઃખદર્શનજન્ય = ભૂખ્યાને અન્નાદિ આપવા તે.

## લોકોત્તર કરુણા એટલે...

દુઃખનું મૂળ એવા પાપનો નાશ કરવાનાં સાધનો, જેવા કે ધર્મદેશના, તીર્થપ્રવર્તન આદિ પુરાં પાડવાં તે.

## લોકોત્તર કરુણાના બે ભેદ

(૧) સંવેગજન્ય - ૪-૫-૬ ગુણઠાણે

(૨) સ્વભાવજન્ય - અપ્રમત્તાદિ ગુણઠાણે.

## સ્વવિષયક તથા પરવિષયક કરુણા

સ્વસંબંધી દુઃખનાશ કરવાના ધાર્મિક ઉપાયોની વિચારણા અને તેમાં પ્રવૃત્તિ તે સ્વવિષયક કરુણા કહેવાય છે.

બાળજીવોનાં દ્રવ્યદુઃખ તથા ભાવદુઃખ દૂર કરવાના સમ્યક્ ઉપાયોનું સેવન તે પરવિષયક કરુણા કહેવાય છે.

## નૈશ્ચયિક તથા વ્યાવહારિક કરુણા

શુભાત્માધ્યવસાયરૂપ કરુણા તે નૈશ્ચયિક કરુણા છે. અન્નદાનાદિને વિષે પ્રવૃત્તિ તે વ્યાવહારિક કરુણા છે. આ બંને પ્રકારની કરુણા પરસ્પરપૂરક હોય છે, જેમાં ક્યારેક અધ્યવસાયો પહેલાં ઉત્પન્ન થાય અને પછી

પ્રવૃત્તિ થાય, જ્યારે ક્યારેક અન્નદાનાદિની પ્રવૃત્તિ પ્રથમ થાય અને પછી શુભ અધ્યવસાયો જાગે અથવા વધે છે. વળી શુભ પ્રવૃત્તિ કે શુભ અધ્યવસાયો ન હોય તો લાવે નહીં, હોય તો વધારે છે. અશુભ અધ્યવસાયો આવેલા હોય તો દૂર કરે છે, ન આવેલા હોય તો અટકાવે છે.

દ્વેષરૂપ લાગણી સરલ...

'મને કદી પણ દુઃખ ન આવો.'

દ્વેષરૂપ લાગણીનો વિષય સ્વયં દુઃખ છે.

દુઃખ પ્રત્યેનો દ્વેષ પ્રતિકૂળ સંયોગો નહીં પણ દ્વેષ કરાવે છે.
દુઃખ દૂર કરવા સૌ રાત-દિન પ્રયત્ન કરે છે પણ દુઃખ ઉપર રહેલ દ્વેષ દૂર કરવાનો પ્રયત્ન કોઈ વિરલ જ કરે છે.
કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલ વર્તમાન દુઃખને દૂર કરવું,
એ જીવના હાથની વાત નથી, પરંતુ
તેની ઉપરનો દ્વેષ દૂર કરવાની વાત જીવના હાથમાં છે.
એક જગ્યાએ તે પરતંત્ર છે, બીજી જગ્યાએ તે સ્વતંત્ર છે.
દુઃખ ઉપરનો દ્વેષ દૂર થતાં જ દુઃખ એ તત્ત્વતઃ દુઃખ રહેતું નથી કે ચિત્તને સંક્લેશ કે પીડા કરનાર થતું નથી.

દુઃખ ઉપરના દ્વેષને દૂર કરવાનો
સરલતમ ઉપાય કરુણાભાવના જ છે.

## કરુણાભાવના એટલે...

બીજાઓનું દુઃખ દૂર કરવાની મનની વૃત્તિ.
પોતાનાં દુઃખ ઉપર દ્વેષ છે, તેનું સ્થાન જ્યારે
બીજાઓનાં દુઃખ લે, ત્યારે પોતાનું દુઃખ ભૂલાઈ જાય છે.
પોતાનું સઘળું ય દુઃખ ભૂલી જવામાં જ
સાધનામાત્રનું રહસ્ય છુપાયેલું છે.
વ્યક્તિગત દુઃખ પ્રત્યેના દ્વેષનું સ્થાન સર્વ દુઃખી જીવોનું
દુઃખ બનાવવું એ જ કરુણાભાવનાનું સાચું રહસ્ય છે.
'મારા દુઃખો નાશ પામો' એવી વૃત્તિના સ્થાને
'સર્વનાં દુઃખો નાશ પામો' એવી ભાવના જ્યારે પ્રબળ બને,
ત્યારે અન્યને અપકાર કરવાની
મલિન ચિત્તવૃત્તિ પણ આપોઆપ ચાલી જાય છે.

## દર્પ એટલે શું? દર્પ કઈ રીતે છૂટે?

'દુઃખીની અપેક્ષાએ પોતે સુખી છે' એમ જાણવાથી
પોતાના રૂપ-બલ-ધન-બુદ્ધિ-કુલ-જાતિ
વગેરેનો જે મદ થાય છે, તેને 'દર્પ' કહેવાય છે.
તે દુઃખી પ્રત્યે એક પ્રકારનો તિરસ્કાર પેદા કરે છે.
'આત્મદૃષ્ટિએ બધા જીવો તુલ્ય છે' એમ જાણીને દુઃખી
પ્રત્યે જ્યારે કરુણાભાવનાને સ્થિર કરવામાં આવે છે,

ત્યારે પોતાનો દર્પ કે અહંકાર ચાલ્યો જાય છે અને બીજા પ્રત્યેનો તિરસ્કાર પણ દૂર થઈ જાય છે.

## સ્થાનવિશેષનું મહત્વ

પ્રત્યેક વસ્તુનું બળ સ્થાનવિશેષને પામીને જ હિતકર કે હાનિકર બને. સ્થાનભેદે તેની તે જ વસ્તુ હાનિકર મટી હિતકર બને કે હિતકર મટી હાનિકર થાય છે. આપણને ખબર છે કે વિષયોનો પ્રેમ હાનિકર છે, પરન્તુ તે જ પ્રેમ પંચ પરમેષ્ઠિઓ પ્રત્યે જોડવામાં આવે તો પારાવાર લાભ કરે છે. વળી આપણને ખબર જ છે કે વિષયો પ્રત્યે વિરક્તિ લાભદાયક છે, પરન્તુ તે જ વિરક્તિ ધર્મ તરફ આવે ત્યારે દુઃખનું મૂળ બની જાય છે.

## હવે દ્વેષ માટે જોઈએ તો...

પોતાના જ અને વર્તમાનકાલીન જ દુઃખવિષયક દ્વેષ સંક્લેશજનક બને, પરન્તુ તે જ દ્વેષ જો સર્વ દુઃખી પ્રાણીઓના દુઃખવિષયક બને કે પોતાના જ સર્વકાલીન દુઃખવિષયક બને તો સર્વ સંક્લેશની હાનિ થાય છે. જ્યારે વર્તમાનકાલીન અને કેવળ સ્વવિષયક સંકુચિત વૃત્તિ ત્રિકાળ અને સર્વ સત્ત્વવિષયક વિશાળ બને છે, ત્યારે સંક્લેશનો નાશ થઈને નિર્મળતા પ્રાપ્ત થાય છે.

અરિહંત જ નહિ કિન્તુ તે વિશ્વનું સર્વોત્તમ પદ એવું
તીર્થંકર નામકર્મ અને તેનો ભોગવટો અપાવે છે તથા
સર્વ જીવોનાં દુઃખોનું નિર્મૂલન કરનાર
મોક્ષમાર્ગ અને ધર્મતીર્થનું પ્રવર્તન કરાવનાર થાય છે.
સર્વ સત્ક્રિયાઓ, સર્વ ધર્મ અનુષ્ઠાનો, સર્વ આગમ
વાક્યો આદિ પાછળ સ્વપર વિષયક કરુણા રહેલી છે.

પોતે જે અનુષ્ઠાનની સાધના કરે છે,
તે જેમને - જેમને પ્રાપ્ત થયું નથી,
તેમના પ્રત્યે સાધકને જો કરુણાભાવના ન હોય, તો
તે અનુષ્ઠાનમાં કદી પણ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી, કેમકે
તેને પોતાના અનુષ્ઠાનમાં વાસ્તવિક પ્રણિધાન થયું નથી,
તેની તાત્ત્વિક મહત્તા કે દુર્લભતા સમજાઈ નથી

અથવા

તે અનુષ્ઠાનની પાછળ રહેલો કોઈ દુષ્ટાશય,
પરાપકર્ષ - સ્વોત્કર્ષાદિ મલિનાશય હજુ ટળ્યો નથી
અથવા સાધકમાં હજુ શુભાશય પ્રગટ્યો નથી.
કરુણાભાવનાથી સ્વોત્કર્ષ-પરાપકર્ષાદિ દુષ્ટ ચિત્તવૃત્તિઓનો
વિલય થઈ જાય છે અને શુદ્ધ પ્રણિધાનના પ્રભાવે
સાધકના ધર્માનુષ્ઠાનની સિદ્ધિ નિર્વિઘ્ન બને છે.

હીનગુણી પ્રત્યે તિરસ્કાર અને દુઃખીના દુઃખ પ્રત્યે ઉપેક્ષા એ જીવના આચારમાં વર્તમાનકાળને સૂચવે છે.
જે ગુણીઓને તિરસ્કારે, તે પોતે જ તિરસ્કારને પામે છે.
જે દુઃખીઓની ઉપેક્ષા કરે છે,
તેને દુઃખ વખતે ગુણીઓની સહાય મળતી નથી.

## કરુણાભાવના શા માટે કર્તવ્યરૂપ?

કરુણાભાવનાના અભ્યાસથી તિરસ્કાર અને ઉપેક્ષારૂપ
અશુભ ચિત્તવૃત્તિઓનો વિલય થાય છે, તેથી
તે કરુણાભાવનાને કેળવવી એ પરમ કર્તવ્ય બને છે.
હિતોપદેશનું દાન એ સર્વશ્રેષ્ઠ કરુણા છે.
જિનપ્રવચન હિતોપદેશરૂપ છે, માટે કરુણામય છે.
જિનેશ્વરો પુષ્કરાવર્ત મેઘના સ્થાને છે.
તે મેઘમાંથી હિતોપદેશરૂપ પ્રચંડ જળની વૃષ્ટિ થાય છે.
તે વર્ષા વડે ભવ્ય જીવો પરમ શાંતિને પામે છે.
જીવોની સેવા એ તીર્થંકરોની સેવા છે અને
જીવોની ઉપેક્ષા એ તીર્થંકરોની જ ઉપેક્ષા છે.
તે પણ કરુણાના માહાત્મ્યને જ કહે છે.
દાન, શીલ, તપ અને ભાવરૂપ ૪ પ્રકારનો ધર્મ
ચતુર્વિધ સંઘમાં કરુણાનું જ માહાત્મ્ય સૂચવે છે.

દાન વડે સ્વપરોપકાર થાય છે,
શીલ અને તપ વડે સ્વ-પર દુઃખનું નિવારણ થાય છે.
ગૃહિધર્મ અને યતિધર્મ વડે પણ અહિંસાનું પાલન થતું
હોવાથી આ કરુણાભાવનાનું પ્રાધાન્ય સમજાય છે.
કરુણામય જિનપ્રવચનનાં રહસ્યો
હૃદયમાં કરુણાભાવના પ્રગટાવીને જ સમજાય છે.
હીનગુણ આત્માઓ પ્રત્યેની કરુણા
અધિક ગુણવાળા આત્માઓની સાથે મિલાપ કરાવે છે,
તેમની કરુણાના પાત્ર બનાવે છે અને
અધિક નવા ગુણોને પણ વિકસાવે છે.

ચતુર્થ માધ્યસ્થ્યભાવના

રાગ અને દ્વેષની વચ્ચે રહે તે મધ્યસ્થ.
કોઈપણ પ્રસંગમાં રાગ કે દ્વેષ ન થાય,
તે માટે પુનઃ પુનઃ ચિન્તન તે માધ્યસ્થ્યભાવના છે.
જ્યાં મૈત્રી, મુદિતા અને કરુણાભાવનાનો ઉપયોગ ન
થઈ શકે, ત્યાં આ ભાવનાનો ઉપયોગ કરવાનો છે.
પ્રથમ માધ્યસ્થ્ય પાપી પ્રત્યે છે.
પ્રયત્ન કર્યા છતાં તે પાપથી ન અટકે, ત્યારે મધ્યસ્થ
રહેવું પણ ચિત્તને ક્રોધાદિ કષાયથી કલુષિત થવા ન દેવું.

આ જાતિની મધ્યસ્થતા રાખવાથી પાપી
પાપમાં આગળ વધતાં અટકી જાય છે અને
ભવિષ્યમાં તેને સુધારવાની તક કાયમ રહે છે.
તિરસ્કારાદિથી તો તે દ્વેષને ઘનરૂપ કરનારો બની જાય,
અને તેથી તો વૈરની પરંપરા જ વધતી જાય.
માધ્યસ્થ્યથી તેનો આપણા પ્રત્યે સદ્ભાવ ટકી રહેવાથી
ભવિષ્યમાં તેને સુધારવાની તક આપણા હાથમાં રહે છે.
અપથ્યસેવનના રોગની જેમ અહિતસેવનને પણ
જો કોઈ કાળે અહિત કરતાં નિવારી ન શકાય,
તો મધ્યસ્થપણું ટકાવી રાખવું તે ઉભયના હિતમાં છે.
માધ્યસ્થ્યથી અમર્ષ-વૈરની ઇચ્છારૂપ ચિત્તમલ ટળે છે.
વૈરાગ્ય એ વૈષયિક સુખ પર એક પ્રકારે અરુચિ-દ્વેષ છે.
આ દ્વેષ પ્રશસ્ત હોવાથી પુણ્યાનુબંધી પુણ્યનો હેતુ છે,
પરિણામે તે સાંસારિક સુખ ઉપર
રાગ-દ્વેષરહિતપણું કે માધ્યસ્થ્ય પેદા કરે છે.
સુખ ઉપર દ્વેષની જેમ દુઃખ ઉપર રાગ પણ
પ્રશસ્ત મનોભાવ હોવાથી
પુણ્યાનુબંધી પુણ્યનો હેતુ બની
પરિણામે માધ્યસ્થ્ય કે રાગ-દ્વેષરાહિત્ય ઉત્પન્ન કરે છે.

# પ્રશસ્ત રાગ - દ્વેષનું કારણ શું?

દુઃખ ઉપરનો રાગ...

દુઃખની કર્મનિર્જરામાં ઉપકારકતાદિના વિચારથી જાગે.

સુખ ઉપરનો દ્વેષ...

સુખની દુઃખાનુષંગિતા કર્મબંધનતાદિના વિચારથી થાય.

## સુખવિષયક માધ્યસ્થ્યમાં દૃષ્ટાંતો

તીર્થંકર ભગવંતોના ચરમભવો, અનુત્તર વિમાનના દેવો, ધન્ના - શાલિભદ્ર, પૃથ્વીચંદ્ર - ગુણસાગર વગેરેના છે. પુણ્યાનુબંધી પુણ્યનો ઉપભોગ કરનાર આ મહાપુરુષો સુખનો ઉપભોગ ઇચ્છારહિતપણે તથા કેવળ પુણ્યકર્મના ઉદયે જ કરતાં હતા.

## દુઃખવિષયક માધ્યસ્થ્યમાં દૃષ્ટાંતો

ભગવાન મહાવીર, ગજસુકુમાલ, ખંધક મુનિ તથા ખંધક મુનિના શિષ્યો વગેરેના દૃષ્ટાંતો આવે છે.

યોગની છ દૃષ્ટિઓમાંથી પસાર થયા પછી જ સુખવિષયક માધ્યસ્થ્ય આવે છે.

ગુણવિષયક માધ્યસ્થ્ય લબ્ધિધર મુનિઓને હોય છે. તેઓ એમ વિચારે છે કે ક્ષયોપશમભાવ તો આત્માની અશુદ્ધિ છે, તેમાં આનંદ માનવાનો હોય જ કઈ રીતે?

લબ્ધિ તથા સિદ્ધિઓ ક્ષયોપશમના ઘરની હોય છે.

મોક્ષવિષયક માધ્યસ્થ્ય

અપ્રમત્તાદિ ઉપરના ગુણસ્થાનકોએ પ્રગટે છે,

જેને 'અસંગાનુષ્ઠાન' પણ કહે છે.

તે સમયે સાધકનો આત્મા

સહજાનંદરૂપ અમૃતના મહાસાગરમાં નિમગ્ન બને છે.

સર્વવિષયક માધ્યસ્થ્ય કેવલી ભગવંતોને હોય છે તથા

કેવલી ભગવંતોએ બતાવેલા તત્ત્વોનું અનેકાન્ત દૃષ્ટિએ

ચિંતન કરનાર મહાપુરુષોને તો તે સ્વયમેવ પ્રગટે છે.

આ માધ્યસ્થ્યને ધારણ કરનારા મહામુનિઓને

સર્વ વિચારો અને વચનો પ્રત્યે માધ્યસ્થ્ય હોય છે.

તેમનો મનઃપરિણામ સર્વ નયાવગાહિ હોય છે.

તે વિના વસ્તુતત્ત્વનો યથાર્થ નિર્ણય સંભવતો નથી.

ઉત્સર્ગ - અપવાદ, નિશ્ચય - વ્યવહાર, જ્ઞાન - ક્રિયા,

વિધિ - નિષેધ આદિ સર્વ બાજુઓને સાપેક્ષપણે તથા

આગમિક પદાર્થોને આગમથી અને

યુક્તિગમ્ય પદાર્થોને યુક્તિથી ગ્રહણ કરે છે.

પરાર્ધમાં શત સંખ્યાની જેમ અન્ય દર્શનના સર્વ પદાર્થોનો

તેઓ સ્વદર્શનમાં સમવતાર કરી શકે છે.

અનેકાંતના ચિન્તનરૂપ અનેકાન્ત ભાવનાથી
પ્રત્યેક વિચાર સર્વજ્ઞ પવિત્ર થઈને રહે છે.

જ્યા નયને જ્યા બાજુને આગળ કરવાથી સ્વપરનું હિત છે,
તેનો વિચાર કરીને જ તે નયને આગળ કરવામાં આવે છે.

માધ્યસ્થ્યના કલ્પવૃક્ષ જિનેશ્વરદેવના વચનો
સાગર કરતાં ય ગંભીર - ચંદ્રમા કરતાં ય સૌમ્ય હોય છે.
તેઓને કેવળ સત્યનો જ આગ્રહ હોવાથી સ્વદર્શન
પ્રત્યે રાગ અને પરદર્શન પ્રત્યે દ્વેષ હોતો નથી.
આ જિનપ્રવચન એ માધ્યસ્થ્યરસથી છલોછલ ભરેલું છે,
કેમકે તેના પ્રરૂપક પરમ મધ્યસ્થ આ જિનેશ્વરદેવ છે.

નયોનો વિચાર જેમ માધ્યસ્થ્ય લાવે છે, તેમ
કર્મપ્રકૃતિનો વિચાર પણ મધ્યસ્થપણાને ઉત્પન્ન કરે છે.
કર્મવિપાક ચિન્તનથી જીવ મધ્યસ્થ બનતો હોવાથી તેને
અનુષ્ઠાનના ભેદો પ્રત્યે પણ મધ્યસ્થભાવ જાગે છે.

સર્વ અનુષ્ઠાનો કર્મક્ષયને ઉદ્દેશીને અથવા
પ્રભુ આજ્ઞાપાલનના હેતુએ કરવામાં આવે છે.
કર્મક્ષયના ઉદ્દેશથી થતું અનુષ્ઠાન આ સિદ્ધ ભગવંતોને
તથા આજ્ઞાપાલન નિમિત્તે કરાયેલું અનુષ્ઠાન
અરિહંત ભગવંતોને અર્પિત થાય છે.

અન્ય સર્વ દર્શનકારો પણ
નિષ્કામભાવને જ 'ઈશ્વરાર્પણ બુદ્ધિ' કહે છે.

પ્રત્યેક અનુષ્ઠાન વખતે નિષ્કામભાવવાળા ચિત્તરત્નમાં
તીર્થંકર ભગવંતોનું અધિષ્ઠાન તથા સ્મરણાદિ થાય છે,
તેથી તેને સર્વત્ર માધ્યસ્થ્યભાવની સિદ્ધિ થાય છે.

શ્રી જિનપ્રવચનમાં રહેલ જીવાદિ ૯ તત્ત્વો,
અનિત્યત્વાદિ ૧૨ ભાવનાઓ, સર્વ પ્રકારે યમ-નિયમો,
સર્વ શાસ્ત્રો અને સત્ક્રિયાઓ વગેરેનું મુખ્ય લક્ષ્ય
જીવને મધ્યસ્થ એટલે કે રાગ-દ્વેષરહિત બનાવવાનું છે.
વીતરાગ ભગવંતની મુદ્રા પણ માધ્યસ્થ્યભાવની દ્યોતક છે.

જેના ઉત્સંગમાં રમા અને હૃદયમાં રાગ નહિ,
હાથમાં શસ્ત્ર અને હૃદયમાં દ્વેષ નહિ,
ફક્ત એ બિંબ જ માધ્યસ્થ્યભાવના સહિતનું છે.

નવકારમંત્ર પણ માધ્યસ્થ્યમય છે, કેમકે
તેમાં પૂજ્ય એવા પંચ પરમેષ્ઠિઓનું સ્મરણ છે.
માધ્યસ્થ્યભાવ વિના પૂજ્યતા આવતી નથી.
આ રીતે નવકારનો સાર માધ્યસ્થ્યભાવના જ હોવાથી
તે પરંપરાએ ચૌદ પૂર્વનો પણ સાર બને છે.
અહિંસા, સત્ય, ક્ષમાદિ ધર્મો માધ્યસ્થ્યના જ પ્રકારો છે.

હિંસામાં સ્વાર્થ અને વૈર હોય છે.
સ્વાર્થ એ રાગ છે અને વૈર એ દ્વેષ છે.
અહિંસામાં તે બંને નથી.
રાગ કે દ્વેષ હોય તો જ અસત્ય બોલાય છે.
સત્ય વચન બોલતે તે બંનેનો અભાવ છે.
માધ્યસ્થ વિના કોઈ જીવન સંભવતું જ નથી.
જ્યાં જ્યાં માધ્યસ્થ્યનો ભંગ થાય છે,
ત્યાં ત્યાં ક્લેશ, લડ, રોગ, શોક ઉભા થાય જ છે.
શક્તિ કરતાં અધિક આહાર લેવાથી રોગ થાય છે.
અધિક બોલવાથી પણ વૈર - વિરોધ ઉભા થાય છે.
આ જગતમાં જે કાંઈ પણ દુ:ખો છે,
તે સર્વ માધ્યસ્થ્યને ન જાળવવાનું જ પરિણામ છે.
તેથી જ કહ્યું છે કે: કમ ખાઓ - ગમ ખાઓ.
એમ કરવાથી શરીર અને મન બંનેના કષ્ટથી બચાય છે.
જિનપ્રવચન એ માધ્યસ્થ્યમય હોવાથી તેનાં રહસ્યો
કે ગુપ્ત અર્થો માધ્યસ્થ આગળ જ પ્રગટ થાય છે.
મધ્યસ્થ = મધ્ય = કેન્દ્ર, માધ્યસ્થ = કેન્દ્રમાં રહેનાર.
બધી પ્રવૃત્તિઓનું કેન્દ્ર આત્મા છે, પ્રવૃત્તિઓ તે ચક્ર છે.
પ્રત્યેક ચક્ર - cirleને કેન્દ્ર - centre હોય જ છે.

રાત્રિ-દિવસ થતી મન-વચન-કાયાની બધી પ્રવૃત્તિઓનું
પણ કેન્દ્ર એક જ છે અને તે આત્મા છે.
આત્મા તરફ લક્ષ કેન્દ્રિત કરીને જે કાંઈ પ્રવૃત્તિ થાય,
તે બધી મધ્યસ્થ પ્રવૃત્તિઓ જ કહેવાય.
જે બધા પક્ષોનું સાંભળે છતાં કોઈમાં ખેંચાય નહિ,
તે મહાન મધ્યસ્થ પ્રકૃતિનો મહાન કહેવાય.
તેવા માનવનું ખેંચાણ માત્ર સત્ય તરફ જ હોય છે.
અહીં સત્ય એક આત્મા છે, કેમકે તે જ એક કાયમ
રહેનારો છે અને તે જ ચિદ્ઘન અને આનંદઘન છે,
તેથી જ્ઞાનજ્યોતિ અને આનંદનો બધો જ પ્રકાશ
તેમાંથી અને તેના આધારે જ આવે છે.
આપણા દરેક દ્વારા થતી પ્રવૃત્તિઓમાં
Source કે Substance તરીકે આત્મા છે,
એનું કદી પણ વિસ્મરણ ન થવા દેવું.
તે કેન્દ્રસ્થ કે મધ્યસ્થ છે. તેને ન્યાયાધીશની ઉપમા છે
અથવા અનેક સંતાનના પિતા એક જ હોય,
તેના જેવા લક્ષવાળો તે મધ્યસ્થ ગણાય છે.
આ જગતમાં પ્રવર્તી રહેલ
ગુણમાત્રની ઉત્પત્તિ માધ્યસ્થ્યલક્ષમાંથી છે.

अर्हं

અધમમાત્ર પ્રત્યેનું માધ્યસ્થ્ય = મૌન.

ગુણીમાત્ર પ્રત્યેનું માધ્યસ્થ્ય = પ્રમોદ.

દુઃખીમાત્ર પ્રત્યેનું માધ્યસ્થ્ય = કરુણા.

પાપીમાત્ર પ્રત્યેનું માધ્યસ્થ્ય = ઉપેક્ષા.

સુખ-દુઃખ પ્રત્યેનું માધ્યસ્થ્ય = વૈરાગ્ય.

વિશ્વ-વૈચિત્ર્ય પ્રત્યે માધ્યસ્થ્ય = વિવેક.

માધ્યસ્થ્યમાત્ર વિવેકબુદ્ધિજન્ય છે.

વિવેકબુદ્ધિ, ન્યાયબુદ્ધિ, શુદ્ધબુદ્ધિ, નિષ્પક્ષબુદ્ધિ, મધ્યસ્થ બુદ્ધિ વગેરે એક જ અર્થને કહેનારા ભિન્ન શબ્દો છે.

ન્યાયબુદ્ધિ એ સત્યનો પક્ષપાત છે.

અહિંસાદિ વ્રતો, ક્ષમાદિ ધર્મો,
દાન, દેવપૂજનાદિ શુભ પ્રવૃત્તિઓ ન્યાયબુદ્ધિનું ફળ છે.

સર્વ પ્રકારનાં શુભ અનુષ્ઠાનો અને સર્વ સુભાષિતો ન્યાયબુદ્ધિ તથા મધ્યસ્થવૃત્તિવાળા અને આત્મસ્થિત મહાપુરુષોના હૃદયમાંથી નીકળેલા અલૌકિક ઉદ્ગાર છે.

સામાયિક ધર્મ એ પણ પરમ મધ્યસ્થ એવા
૨૪ તીર્થંકરો - શ્રી જિનેશ્વર ભગવંતોનો
સાધકોને સર્વકાલીન ઉપયોગી એવો ઉપદેશ છે,
તેમ મધ્યસ્થભાવનો દ્યોતક છે.

## એક સરસ ઉખાણું

જે ખવડાવે છતી પણ ખાય નહિ, જે નવડાવે છતી પણ ન્હાય નહિ, જે સુવડાવે છતી પણ સુવે નહિ, જે પહેરાવે છતી પણ પહેરે નહિ, જે ફરેવડાવ્યા વિણ સાથેને સાથે રહે,

એવો ધણી કોણ? ઉત્તર: ધરણીધર.

## શાંતિરૂપી નવનીત

ૐકારમાં અકાર વડે હું પૃથ્વી જેવડો દેહ,

ઉકાર વડે હું અંતરિક્ષ જેટલો ઉંડો નથી,

મકાર વડે હું સ્વર્ગ જેવડો ઉંચો છું.

3 માત્રા વડે હું ત્રિભુવનવ્યાપી વિશ્વરૂપ છું અને

અર્ધમાત્રા વડે હું ત્રણે લોકની પેલીપારનો,

ત્રણે લોકને ઇચ્છા મુજબ આકાર આપનારો વિશ્વકર્મા છું,

તેથી વક્તાનો મનમાં લય કરીને, નિષ્ક્રિય જ્ઞાન બેસાડ્યા બાદ, પ્રાણ જ્ઞાન વડે વિશ્વસંગ્રહ-લોક કલ્યાણનું મંથન કર્યા વિના શાંતિરૂપી નવનીતનું દર્શન થાય નહિ.

0 અંતરિક્ષ વિષેના વિજ્ઞાનના જ્ઞાન મુજબ

સૂરજ આપણી પૃથ્વીથી ૯ કરોડ 30 લાખ માઈલ દૂર છે

નથી

તે પછીનો ગ્રહ એટલે કે તારો 3 લાખ ગણો દૂર છે.

ૐર્હં

## 'પ્રાતિભ જ્ઞાન' એટલે શું?

'પ્રાતિભ' એટલે પ્રતિભામાંથી પ્રગટેલું.
'પ્રતિભા' એટલે સાચું પ્રકાશવું.
'તત્ર સ્થિતૌ યત્નોઽભ્યાસઃ ।'

એક સાધક જ્યારે વિવિધ સાધનાઓ કરીને પોતાનાં બાહ્ય અને આંતરકરણોને આરીસા સમ નિર્મળ-સ્વચ્છ આદર્શ બનાવે છે, ત્યારે તે પ્રતિભાવાન બને છે. જે જ્ઞાન ઈશ્વરનો પ્રકાશ ઝીલીને એક અન્ય બળતું બિંબ પોતાની આસપાસ ફેંકે છે, તે 'પ્રાતિભ જ્ઞાન' છે.

મનન = મનથી વિચારવું.

નિદિધ્યાસન = ધ્યાન ધરીને અંતરમાં ઉતારવું.
અભ્યાસ = ચિત્તને વૃત્તિરહિત સ્વરૂપમાં સ્થિર કરવું.
અભ્યાસને દીર્ઘકાળ - નિરંતર - સત્કારથી, તપ, બ્રહ્મચર્ય, વિદ્યા અને શ્રદ્ધાયુક્ત કર્મ દ્વારા દૃઢ કરવાનો હોય છે.
ૐ = પરમાર્થ કે ઈશ્વરાર્પણ બુદ્ધિથી થતું કર્મ તે.
તત્ = પરાર્થ કે નિષ્કામભાવપૂર્વક થતું સત્કર્મ તે.
સત્ = સ્વાર્થ વિના નીતિ-વિવેકયુક્ત સત્કર્મ તે.
છંદ = ઢંકાયેલા શબ્દો, સૂત્ર = માત્ર સૂચન, સંક્ષિપ્ત ભાષા.
મંત્ર = મનન સિવાય ન સમજાય તેવા શબ્દો.

## વાઙ્મયી મૂર્તિ

વાણી તો અર્થનો માત્ર ઈશારો જ કરે છે.
જે અર્થને માત્ર સૂચવે કે ધ્વનિત કરે, તે વાણી શ્રેષ્ઠ.
તે શ્રેષ્ઠ વાણીને જ કાવ્યમય ભાષા પણ કહેવાય છે.
કાવ્યમાં તે કાવ્ય, ધ્વનિકાવ્ય જ સર્વશ્રેષ્ઠ છે.
અનુભૂતિની ભૂમિકા વાણી વડે અવર્ણનીય હોય છે.
ૐકાર એક ગૂઢ સંજ્ઞા છે.
ૐકાર તો પરબ્રહ્મની જ એક વાઙ્મયી મૂર્તિ છે.
'વાઙ્મયી' એટલે વાણીમાં કંડારાયેલા.

### સર્વનું કર્તવ્ય શું?

વાઙ્મયી મૂર્તિની ઉપાસના કરવી અને
એમાં રહેલો સર્વ રહસ્યમય સંદેશો સમજી લેવો,
તે સર્વ સાધકોનું પરમ કર્તવ્ય છે.
ૐકારમાં અ + ઉ + મ મળીને 'ઉમા' શબ્દ થાય છે.
ઉમા = બ્રહ્મવિદ્યા. ઉમા શબ્દ ૐકારનું સૂચન કરે છે.
ૐકાર એ બ્રહ્મવિદ્યાના મંદિરનું ગર્ભગૃહ છે.
ૐકારને 'પ્રણવ' પણ કહે છે. પ્રણવ એટલે પ્રકૃષ્ટ સ્તુતિ.
બ્રહ્મવિદ્યાના બે અંગ છે:
અંતરસ્થ ચિન્તન અને બહારસ્થ જપ.

પરાવિદ્યા - અપરાવિદ્યામાં કોણ ચડે?

પરાવિદ્યા = ચડિયાતી વિદ્યા, અપરાવિદ્યા = ઉતરતી વિદ્યા.

પરાવિદ્યા = અક્ષરબ્રહ્મને પમાડનાર વિદ્યા.

અપરાવિદ્યા = ૪ વેદ અને વ્યાકરણાદિ ૬ વેદાંગ.

અક્ષરબ્રહ્મ = ૐકાર.

અક્ષર = અવિનાશી પરબ્રહ્મ, તેનું પ્રતીક = ૐકાર.

ॐ मित्येकाक्षरं ब्रह्म, न ह्रस्वंनापि च दीर्घं च।

ૐ એકાક્ષરને જે ન જાણે તે

વેદ - વેદાંગ અને તર્ક - ન્યાયને જાણતો હોય, તો પણ

અનક્ષરનિરક્ષર છે અથવા અક્ષર એવા બ્રહ્મનો શત્રુ છે.

છંદસ્ = છુપાઈ જવાનું ગુપ્તસ્થાન.

ૐકારના શરણે ગયેલ અમર અને અભયપણને પામે છે.

વિશ્વાસ અને ઉદારતા

વિશ્વાસ એ ઉદારતાનો પર્યાયવાચી છે.

અવિશ્વાસ = સંતપુરુષોના વચનોનો સ્વીકાર ન કરવો તે.

અનુદારતા = કૃપણતા, ચિત્તવૃત્તિની સંકુચિતતા, અસંભાવિતા.

સત્પુરુષોના વચનોનો સત્કાર

સાધક સેવા જો નમ્રવૃત્તિપૂર્વક થાય, તો જ

તેમાં રહેલા સર્વ રહસ્ય તથા અર્થો પ્રગટ થાય છે.

## ૐકારનું રાસાયણિક સમીકરણ

ૐકાર = સકલ વેદોનો સાર, સર્વ શાસ્ત્રોની મૂર્તિ.

ૐકાર = રસશેખર સોમરસ. સોમ = સઉમા.

ઋક્ = ગમન, પ્રકાશ, 'ઋ, ગચ્છતિ।'

યજુર્ = નિષ્કામ કર્મ, યજ।

સામ = સમતા, 'સર્વેણ સમં તેન સામ।'

ભૂતમાત્રમાં સમાનતા જોવી તે ભક્તિનું સ્વરૂપ છે.

ગમનમાંથી કર્મ, કર્મમાંથી ભક્તિ અને ભક્તિમાંથી ૐકાર.

તેથી ૐકાર એ સામવેદનો નિષ્કર્ષ - રસ છે.

ચૂનો સફેદ + હળદર પીળી - રાસાયણિક સમીકરણ = લાલ.

૨ + ૪ = ૬ એ ગણિતનું સમીકરણ છે.

સામ્ય ચિહ્ન = આત્યંતિક સામ્ય બતાવે છે,

તેવું સામ્ય રાસાયણિક સમીકરણમાં નથી.

ૐકારની ૩ માત્રાઓ ઉપર અડધી માત્રા છે,

તે વધારે પવિત્રતાવાળી છે, તેથી તેના ઉપર

ત્રણેય માત્રાઓની કશી જ માત્રા - શક્તિ ચાલતી નથી.

પૂર્વ પક્ષમાં ૩ માત્રાઓ અને ઉત્તર પક્ષમાં સાડા ત્રણ

માત્રાઓનું જે સમીકરણ ૐકારમાં છે, તે ગણિતના

સમીકરણ જેવું નહિ પણ રાસાયણિક સમીકરણ જેવું છે.

પ્રણવની 3 માત્રા = 3 અવસ્થા

(૧) અ = જાગૃતાવસ્થા = વ્યવહારુ ભૂમિકા, પૃથ્વી.
આ અવસ્થા શાસનસૂચક છે.
અ = વાક્, મન, પવન સહિત સર્વ ઇંદ્રિયો જાગ્રત.

(૨) ઉ = સ્વપ્નાવસ્થા = સ્વપ્નમાં ચિંતન, અંતરિક્ષ.
આ અવસ્થા નિષ્કામકર્મ સૂચક છે.
ઉ = મન, પ્રાણ સહિત, સ્વપ્ન.

(3) મ = નિદ્રાવસ્થા = દિવ્ય આનંદ, સ્વર્ગ.
આ અવસ્થા અદ્વૈત - સમત્વ સૂચક છે.
મ = પ્રાણ, નિદ્રા.
ૐ = આત્મા.

3 માત્રા = 3 લોક ભૂઃ, ભુવઃ અને સ્વઃનો અનુભવ.
ઉપરના આ અર્થોની કલ્પના કાલ્પનિક નથી પણ
તેની પાછળ ધ્યાન, દીર્ઘ ચિન્તન,
સતત પરિશ્રમ અને કૃતિનું ઋષિસામર્થ્ય રહેલું છે.

જૈન આગમ એ 3 પ્રકારના સ્વરૂપમાં આપણને આગમના પદાર્થનું જે ભાન થાય છે, તેની પાછળ બધા ભગવંતોએ કરાવેલા અર્થનું પીઠબળ છે, તેમ તપશ્ચર્યા, બ્રહ્મચર્ય અને શ્રદ્ધા વડે પ્રાપ્ત થયેલા અર્થો આધારભૂત છે.

| ૐકાર | મુદ્રા | લોક | અવસ્થાઓ |
| --- | --- | --- | --- |
| (૧) અ = વાણી | પૃથ્વી | જાગ્રત |  |
| (૨) ઉ = મન | અંતરિક્ષ | સ્વપ્ન |  |
| (3) મ = પ્રાણ | સ્વર્ગ | નિદ્રા |  |

## આત્મા, દેહ અને સાક્ષી

ૐ = આત્મા, દેહ, સર્વ સાક્ષી (તુરીય).

3 માત્રાનો અર્થ જો પૃથ્વી, અંતરિક્ષ, સ્વર્ગ કરીએ તો
ૐકાર = ત્રણેનો સરવાળો 'ત્રણે ય લોક' થાય પણ
'ત્રણે ય લોક જેમાંથી નિષ્પન્ન થયા તે દેહ'
એવો અર્થ કેવી રીતે થાય?
જગત એટલે જગદીશ એવો થઈ શકે નહિ.

3 માત્રાનો અર્થ જો જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ કરીએ તો
તે ત્રણેના સરવાળામાંથી
સર્વ સાક્ષી એવી તુરીયાવસ્થા કેવી રીતે નીકળે?

3 માત્રાની વાણી, મન અને પ્રાણ એવા ચિંતન કરવાને
પછી તેના સરવાળામાંથી 'આત્મા' એવો અર્થ કેમ નીકળે?
3 માત્રાઓ વર્ણમાળાના 3 વર્ણરૂપ નહિ પણ ધ્યાનની
માનસિક ક્રિયા કરીને તેમાં પૃથ્વી, વહ્નિ વગેરેની સ્મૃતિ
કરાવેલી છે. 3 માત્રાઓના કેવળ 3 ભાવનાઓ છે.

તેનો સ્વરૂપાર્થ ૐકારમાં નહિ પણ ૩ માત્રાઓનો
સરવાળો કરી પછી તેની ભાવના કે ધ્યાન કરવાનું છે.
જેમકે બીજગણિતમાં $x$નો વર્ગ અને $y$નો વર્ગ કરી
તેનો સરવાળો કરવો નહિ, $x$ અને $y$નો સરવાળો કરી
પછી તેનો વર્ગ કરવો એ બેમાં ફરક છે. એનો અર્થ કે
$x^2 + y^2$ અને $x + y^2$ એ બન્ને પદ એક નહિ.
પહેલાં પદમાં ૨૫ + ૨૫ = ૫૦ થાય.
બીજા પદમાં ૫ + ૫ = ૧૦ x ૧૦ = ૧૦૦ થાય.
ૐ = અ + ઉ + મ્ એટલે ૩ માત્રાનો સ્વરૂપાર્થ
તે જ ૐ નહિ પણ એ સરવાળા ઉપરાંત
ૐની અડધી માત્રા વધે છે, તેથી ચિંતન વધે છે.
વૈજ્ઞાનિકોનું એવું મંતવ્ય નિશ્ચિત છે કે:
રસાયણશાસ્ત્ર, પદાર્થ વિજ્ઞાન, ગણિત, જ્યોતિષ, ન્યાય,
વ્યાકરણાદિ શાસ્ત્રોથી મળતું વિશ્વના પદાર્થોનું જ્ઞાન,
તેનો સરવાળો એ વિશ્વજ્ઞાન કરાવનાર થશે.
પદાર્થોના જ્ઞાનનો સરવાળો અને પદાર્થોના સરવાળાનું જ્ઞાન,
એ બેની વચ્ચે મોટી ખાઈ છે.
નાભિથી શિખા પર્યંત અવયવોના જ્ઞાનનો સ્વરૂપાર્થ તે
અવયવનું જ્ઞાન નહિ પણ અવયવી એથી અધિક છે.

## <u>વ્યષ્ટિ અને સમષ્ટિ</u>

વ્યષ્ટિના સ્વરવાળા કરતાં સમષ્ટિમાં અડધી માત્રા વધે છે,
જ્ઞાન, કર્મ, ભક્તિ - ૩ના યોગથી અડધી માત્રા વધે છે.
તે જ્ઞાન + જગદીશનું સમીકરણ કરે છે.
આ અડધી માત્રામાં બાકી ત્રણેય માત્રાથી વધુ ક્ષમતા છે.
૩ માત્રાથી વિશ્વ ગ્રહણ થઈ જાય છે અને
અડધી માત્રાથી તે વિશ્વનું બધું ગ્રહણ થઈ જાય છે.
અર્ધમાત્રાને 'તુરીય' પણ કહે છે.
આ અડધી માત્રાને નીચેના શબ્દોથી સંબોધી છે:
અવિરોધ વૃત્તિ, અદ્વૈતભાવ, મધ્યસ્થ દૃષ્ટિ, અભેદભાવાદિ.
ૐ એ અનુસ્વારદર્શક અવ્યય તથા ટંકારસૂચક અક્ષર છે.
સર્વ સહિષ્ણુતાની નજરથી ન છૂટે તેવી - અવ્યય સત્તા છે.

### <u>એક અદ્ભુત વાણી કઈ?</u>

સર્વસહિષ્ણુ, વિશ્વસંવાદી, દેવી સરસ્વતીની ૐકારનાદિની
તથા ૐકારના મંજુલ બોલ બોલનારી
આ અદ્ભુત વાણીનું નામ <u>શાંતિ</u> છે.
તેથી અંત્યે તેનું ૩ વાર સ્મરણ કરવું જોઈએ.
શાંતિ, સમતા, અવિરોધ વૃત્તિ, અદ્વૈત, અભેદ એકાર્થક છે.
અદ્વૈત તત્ત્વ ઉપર અવિચલ દૃષ્ટિ રાખીને અવિરોધાત્મ

શાંતવૃત્તિને કદાપિ જરાપણ ચળવા ન જ દેવા અને
આત્મતત્ત્વના સ્વરૂપમાર્ગે જ બ્રહ્મની ઉપાસના કરવી
એવું સર્વ શાસ્ત્રોનું પરિપૂર્ણ અને છેલ્લું અનુશાસન છે.

## ૐકાર અને ઉદ્ગીથ

'ॐ मित्येतत् अनुसाक्षरम् ।'
'सर्वं खल्विदं ब्रह्म, तज्जलान्, इति शान्त उपासीत ।'
સર્વ કાંઈ 'તજ્જલાન્' હોવાથી બ્રહ્મરૂપ છે,
એટલે શાંત થઈને ઉપાસના કરવી.
તજ્જ = તેમાંથી જન્મેલ, તલ્લ = તેમાં જ લીન થનાર,
તદન = તેની શક્તિ વડે હલનચલન કરનાર.
'તજ્જલાનમ્'ને બદલે 'તજ્જલાન્' થયું.
સકલ જગત બ્રહ્મમાંથી ઉત્પન્ન થઈને તેની શક્તિથી
ચાલે છે અને તેમાં જ લીન થઈ જાય છે. શ્રુતિ:
'जायते, अनिति, लीयते ।'
બ્રહ્મ એ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યાત્મક છે,
તેથી તેની શાંતવૃત્તિથી ઉપાસના કરવી.
ઉદ્ગીથ = ઉચ્ચગાન, ઉત્તમ સ્તુતિ.
उत् + गै = उद्गीथाक्षराण्युपासीत ।
ઉત = ઉત્પત્તિ, ગી:ગૃ = ગળવું, થ:સ્થા = રહેવું, ટકવું.
ઉત્પત્તિ, સ્થિતિ અને લય.

ઉદ્ગીથના અક્ષરો તથા ૐકારની ૩ માત્રાઓ એક જ છે.
જગામાં ઉદ્ગીથ કે ૐકારસ્વરૂપ એક જ પિતાની સત્તાના
આ પ્રેમાળ શાસન હેઠળ રહેનાર પ્રજાજનોએ શાંતિથી રહેવું.

ૐકાર અથવા આ ઉદ્ગીથ શબ્દ
શાંતિ અને તેના પાછળનું અદ્વૈત સૂચવનાર છે.

'અપાપવિદ્ધ ૐકાર' કે મૃત્યુ જેનાથી દૂર છે, એવા દૂરનામ
ઉદ્ગીથ દેવની ઉપાસના કરવી જોઈએ. અવિરોધાત્મક
વૃત્તિ અર્થાત્ શાંતિથી તથા અદ્વૈતતત્ત્વ અર્થાત્ શાંતિની
ઉપાસના કરીને અમરત્વ અર્થાત્ શાંતિ પ્રાપ્ત કરવી.

રૂપ - શાંતિથી = અવિરોધાત્મક વૃત્તિથી.
સ્વરૂપ - શાંતિનું = અદ્વૈતતત્ત્વનું.
અનુબંધ - શાંતિ માટે = અમરત્વ માટે.

<u>તત્ત્વ અદ્વૈત છે</u>

પાર્વતી = વાણી | પરસ્પર
પરમેશ્વર = અર્થ | જોડાયેલાં છે.

'विश्वं तद् भद्रं यद्वन्ति देवाः ।' <u>અર્થાત્</u>:
આખું વિશ્વ ભદ્ર છે, તેની રક્ષા દેવો કરે છે.
ૐ અનુસ્વાર છે, તેથી અવિરોધ nonresistence
અથવા શાંતિ peace & bliss જ એનો ઉત્તમ અર્થ.

'એષા એવ સમૃદ્ધિઃ યદનુરતા ।'

અનુરતામાં સમૃદ્ધિ આપોઆપ આવે છે.

ઓંકારની શાંતિમય ઉપાસનામાં જ પારમાર્થિક લાભ અને ભૌતિક સમૃદ્ધિ, શાંતિ, તુષ્ટિ તથા પુષ્ટિ પણ રહેલાં છે. શાંતિ એ જ ભરપેટ અન્ન આપનારી અન્નપૂર્ણા છે.

'अद्यते अत्ति च भूतानि तस्माद् अन्नं तदुच्यते ।'

'मांस भक्षयिताऽमुत्र यस्य मांसमिहाद्म्यहम् ।'

(પરિશિષ્ટ-૧૩)

સૃષ્ટિ સ્વયંસંચાલિત જડ હોવાથી તેને કૃપા કરવાની બુદ્ધિ નથી, તેમ બદલો લેવાની વૃત્તિ પણ નથી. દુષ્ટ પુરુષોને ઠોકર લગાવનારા તેના આ કાયદાનો ફાયદો લેવાની કુનેહ સર્વ સાધુપુરુષોને કાયદામાંથી જ મળી રહે છે.

તેથી સૃષ્ટિ એટલે કર્મનો નિયમ.

ન્યાય નિષ્ઠુર અને ન્યાય પ્રેમાળ પણ છે.

<u>જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ</u>

સૌમ્યવૃત્તિને સૃષ્ટિમાં સોમનું સ્વરૂપ દેખાય છે.

રૌદ્રવૃત્તિને સૃષ્ટિમાં રુદ્રનું રૂપ દેખાય છે.

શાક્તોને સૃષ્ટિમાં શીઘ્રકોપી શંકરનું રૂપ દેખાય છે.

ભક્તોને સૃષ્ટિમાં આશુતોષ શંભુનું દર્શન થાય છે.

## નવકાર પદ

નવકાર ગણજો પ્યારા મનવા, નવકાર ગણજો પ્યારા,
મન, વચ, કાય એકાગ્ર કરી તું, હૃદયે ધર નવકારા. -૧
પંચપરમેષ્ઠિ ગુણકર નમનોથી, અમૃતની વરસે ધારા,
અમૃતધારા વરસાવો હૃદયે, પલ્લવિત કર ગુણક્યારા. -૨
નવકાર ભાવની વાવ ધારા, ફલ ફૂલ આવે ન્યારા,
સમતામૃત ફલ આરોગી, અમર થજો કરી ભવપારા. -૩
નવકાર કેરા તેજ અનેરા, વિકસાત દેત ઉજારા,
સુવાસ માણી મહેંકે ફૂલડે, કુવાસ કરત જુહારા. -૪
ગુણ અનંતા ફૂલ ફૂલે ભરાયા, ચૂંટી વસાવ મન તારા,
ચિદ્ઘન આતમફૂલ આરોગી, વરજે શિવસુખ ક્યારા. -૫

o પ્રભુનાં નામનાં પુષ્પો પરોવા કાવ્યમાળા તું;
પ્રભુની પ્યારી ગ્રીવામાં પહેરાવા પ્રીતે દીજે તું.

o મુખ દીધો પ્રભુ ભજન કું, સુનન દિયો હૈ કાન;
તીરને કું દી દીનતા, જુડન કું અભિમાન.

o ભગવંત કે ભજન બિનુ જો રહે પદ નિર્વાહ;
ભગવંત આદિ સો નર પશુ બિન પુચ્છ વિષાણ.
તુલસી આ જગ આય કે, કર લીજે દો કામ;
દેને કો ટુકડા ભલા, લેને કો પ્રભુ નામ.

અર્હં

<u>પરમ ગુરુ જૈન કહો ક્યોં હોવે?</u>

ગુરુ ઉપદેશ વિના જન મૂઢા, દર્શન જૈન વિગોવે. (૧)
કહત કૃપાનિધિ સમ જલ ઝીલે, કર્મ મેલ જો ધોવે,
બહુલ પાપમલ અંગ ન ધારે, શુદ્ધરૂપ નિજ જોવે. (૨)
સ્યાદ્વાદ પૂરન જો જાને, નય ગર્ભિત જસ વાચા,
ગુણ પર્યાય દ્રવ્ય જો બૂઝે, સો હી જૈન હૈ સાચા. (૩)
ક્રિયા મૂઢમતિ જો અજ્ઞાની, ચાલત ચાલ અપૂઠી,
જૈન દશા ઉનમેં હી નાંહી, કહે સો સબહી જૂઠી. (૪)
પર પરનતિ અપની કર માને, કિરિયા ગર્વે ઘેલો,
ઉનકું જૈન કહો ક્યું કહિયે? સો મૂરખ મેં પહિલો. (૫)
જ્ઞાનભાવ જ્ઞાન સબમાંહિ, શિવસાધન સદ્દહીએ,
નામ ભેખ સે કામ ન સીઝે, ભાવ ઉદાસે રહીએ. (૬)
જ્ઞાન સકલ નય સાધન સાધો, ક્રિયા જ્ઞાન કી દાસી,
ક્રિયા કરત ધરતુ હૈ મમતા, યા હિ ગલે મેં ફાંસી. (૭)
ક્રિયા વિના જ્ઞાન નહિ કબહું, જ્ઞાન ક્રિયા બિનુ નાંહી,
ક્રિયા જ્ઞાન દોઉ મિલત રહેતુ હૈ, જ્યોં જલરસ જલ માંહી. (૮)
ક્રિયા મગનતા બાહિર દીસત, જ્ઞાનશક્તિ જસ ભાંજે,
સદ્ગુરુ શીખ સુને નહીં કબહું, સો જન જન તેં લાજે. (૯)
તત્ત્વબુદ્ધિ જિન કી પરિનતિ હૈ, સકલ સૂત્ર કી કુંચી,
જગ જસવાદ વદે ઉનહી કો, જૈન દશા જસ ઊંચી. (૧૦)

## મૂળ મારગ સાંભળો જિનનો રે...

જ્ઞાન-દર્શન-ચારિત્રની શુદ્ધતા રે,
એકપણે અને અવિરુદ્ધ:
જિનમારગ તે પરમાર્થથી રે,
એમ કહ્યું સિદ્ધાંતે બુદ્ધ.

મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ.(૧)
છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ,
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ.(૨)
જે જ્ઞાને કરી જાણિયું રે, તેની વર્તે છે શુદ્ધ પ્રતીત:
કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સમકીત.(૩)
જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વથી ભિન્ન અસંગ,
તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ.(૪)
તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ,
તેહ મારગ જિનનો પામિયો રે, કિંવા પામ્યો તે નિજસ્વરૂપ.(૫)

०

दुःखं दुष्कृतसंक्षयाय महतां क्षान्तेः पदं वैरिणः ।
कायस्याशुचिता विरागपदवी संवेगहेतुर्जरा ।
सर्वत्यागमहोत्सवाय मरणं जातिः सुहृत्प्रीतये
संपद्भिः परिपूरितं जगदिदं स्थानं विपत्तेः कुतः ॥१॥

ॐ अर्हं

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૨)**

તે આશ્ચર્યરૂપ છે કે જે બંધન મુક્તિને આપનારું છે, પણ જાણે રમકડાની જેમ મુક્તબ્રહ્મનો અનુભવ કરાવે છે, એવા પ્રેમના બંધનને હું વંદન કરું છું.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૪)**

'ૐ' બોલવા વડે દીક્ષા પ્રાપ્ત થાય છે. દીક્ષા વડે દક્ષિણા, દક્ષિણા વડે શ્રદ્ધા અને શ્રદ્ધા વડે સત્ય પમાય છે. - શુક્લ યજુર્વેદ, ૧૯, ૩૦

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૪૩)**

ધર્મ ચિત્તમાં ઉત્પન્ન થાય છે, કારણકે ક્રિયાના અધિકરણમાં આશ્રય કાર્યરૂપ ધર્મ છે. મલ દૂર થવાથી પુષ્ટિ આદિ કરનારો આ ધર્મ છે, એમ જાણવું. (૧)
રાગ વગેરે ખરેખર મલો છે. તેનો નાશ આગમમાં કહેલા સદ્યોગથી થાય છે. તેથી આ ક્રિયાથી જ ચિત્તની પુષ્ટિ અને શુદ્ધિ થાય છે. (૨)
'પુષ્ટિ' એટલે પુણ્યનો ઉપચય. 'શુદ્ધિ' એટલે પાપક્ષયથી થતી નિર્મલતા. આ બંને અનુબંધવાળા થયે છતે અનુક્રમે અંતિમ મુક્તિ થાય છે, એમ જાણવું (૩).

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૬૯)**

પહેલાં ઈન્દ્રભૂતિ, બીજા અગ્નિભૂતિ, ત્રીજા વાયુભૂતિ, ચોથા વ્યક્ત, પાંચમા સુધર્મ, છઠ્ઠા મંડિત, સાતમા મૌર્યપુત્ર, આઠમા અકંપિત, નવમા અચલભ્રાતા, દસમા મેતાર્ય, અગ્યારમા પ્રભાસ. આ ૧૧ પ્રભુ મહાવીરના ગણધરો હતા.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૬૯)**

જગતમાં જે જીવો પોતપોતાના કર્મને અનુસારે જીવે છે, તે સર્વે પોતપોતાને ઈચ્છિત સુખ અને કલ્યાણને પામો.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૮૧)**

ચૈતન્ય રૂપી પરસામાન્યથી બધા આત્માઓમાં એકતા છે, કર્મથી થયેલો ભેદ તો ઉપચાર છે. (૧)

જેમ સ્વરૂપાસ્તિત્વના એકાકારપણાથી આત્માઓની એકતા અનુભવાય છે, તેમ સાદશ્ય અસ્તિત્વ અર્થાત્ 'બધા મારા જેવા છે - બધા સરખા છે', એવો અનુભવ પણ થાય છે. (૨)
સદ્-અસદ્વાદ રૂપી વ્યવહારનયના ચાડીયાથી છુપાવીને શુદ્ધ નિશ્ચયનય રૂપી મિત્ર, સજ્જનોને એકતા રૂપી રત્ન બતાવે છે. (૩)

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૯૩)**

'નમો' એ બોધિવૃક્ષનું મૂળ, પુણ્યરૂપી નગરનું દ્વાર, મોક્ષરૂપી હવેલીનો પાયો તથા સર્વ સંપત્તિનું નિધાન છે.
રત્નોનો આધાર જેમ સાગર છે, તેમ ગુણોનો એક આધાર 'નમો' છે.
ચારિત્રરૂપી ધનનું પાત્ર સમ્યક્ત્વ કોના વડે ન વખાણાય?
મિથ્યાત્વ એ પરમ રોગ - અંધકાર - શત્રુ - વિષ છે.
ચિકિત્સા નહીં કરાયેલા એ સૌ એક જન્મમાં દુઃખ માટે થાય છે,
જ્યારે ચિકિત્સા નહીં કરાયેલું મિથ્યાત્વ હજારો જન્મમાં દુઃખ માટે થાય છે.

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૧૨૨)**

દશે દિશામાં વ્યાપ્ત, ત્રણે કાલમાં સ્થિત, પરિપૂર્ણ અને અનંત ચૈતન્યમૂર્તિ,
કેવલ પોતાના અનુભવથી જ બોધ થવાને યોગ્ય તથા
શાંત તેજોમય પરમાત્મસ્વરૂપને નમસ્કાર.

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૩૯)**

અન્ય દર્શનના શાસ્ત્ર ઉપર પણ દ્વેષ ન કરવો,
પરંતુ તેના વિષયની પ્રયત્નપૂર્વક ગવેષણા કરવી,
કારણકે તેના પણ સારા બધા વચનો મૂલ આગમથી ભિન્ન નથી.

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૪૦)**

ભોગમાં રોગનો, કુલમાં કલંકનો, ધનમાં રાજાનો, અભિમાનમાં અપમાનનો,
સૈન્યમાં શત્રુનો, રૂપમાં વૃદ્ધાવસ્થાનો, શાસ્ત્રમાં વાદનો, ગુણોમાં દુર્જનનો,
કાયામાં યમરાજનો ભય છે. આ રીતે પૃથ્વી ઉપર બધી વસ્તુમાં મનુષ્યને ભય છે.
માત્ર વૈરાગ્ય જ અભય છે.

ॐ ह्रीँ

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૭૨)**

આચાર પ્રથમ ધર્મ છે.
ધર્મ વડે વ્યાધિ, ગ્રહ અને શત્રુ હણાય છે.
જ્યાં ધર્મ છે, ત્યાં જય છે.
હણનારને ધર્મ હણે છે. રક્ષણ કરનારનું રક્ષણ કરે છે.

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૭૩)**

ધારણ કરે તેને 'ધર્મ' કહેવાય છે.
ધર્મ પ્રજાને ધારી રાખે છે.
જે ધારણાથી યુક્ત હોય, તે જ નિશ્ચયનયથી ધર્મ છે.

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૨૧૧)**

જીવો ભક્ષણ કરે છે, તેથી તે 'અન્ન' કહેવાય છે.
આ લોકમાં જેનું હું માંસ ખાઉં છું, પરલોકમાં તે મારૂં ભક્ષણ કરનાર છે.



ઉપર દર્શાવેલ ૫ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૭ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

## નવપદજીના ગુણો




(૧) અરિહંત - ૧૨ (૪) ઉપાધ્યાય - ૨૫ (૭) જ્ઞાન - ૫૧

(૨) સિદ્ધ - ૦૮ (૫) સાધુ સાધ્વી - ૨૭ (૮) ચારિત્ર - ૭૦

(૩) આચાર્ય - ૩૬ (૬) દર્શન - ૬૭ (૯) તપ - ૫૦

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in